રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત


# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સ્વ. મૃદુલાબહેન પ્ર. મહેતા પ્રેરિત
## પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા : ૩૨મો મણકો

વક્તા : શ્રી રામભાઈ મોરી

વિષય : ચાલો વાંચનનો શોખ કેળવીએ



તારીખ : ૧૧-૦૮-૨૦૨૪, રવિવાર

સ્થળ : ગ્રામદક્ષિણામૂર્તિ, મણાર

વર્ષ: ૭૮ અંક : ૦૨ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪

પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ





પૂ. મોરારિબાપુ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે





શ્રી રજનીબહેન ગાંધી તથા શ્રી કોકિલાબહેન વ્યાસની 'દર્શક' પુણ્યતિથિ નિમિત્તે માઈધારની મુલાકાત





સોનલ પરીખ

# કોડિયું

વર્ષ : ૭૮ | સપ્ટેમ્બર ૨૦૨૪ | અંક : ૦૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ઔદ્યોગિક કેળવણી**<br>નાનાભાઈ ભટ્ટ | ...૦૬ |
| ૦૨ | **હું શિક્ષક છું**<br>વિનોબા ભાવે | ...૦૭ |
| ૦૩ | **પાયાની કેળવણી**<br>મનુભાઈ પંચોળી | ...૦૮ |
| ૦૪ | **વૃક્ષનું હોવું એટલે જ સાધુનું હોવું...**<br>ગુણવંત શાહ | ...૦૯ |
| ૦૫ | **Living With Truth-Bharoso**<br>અરુણ દવે | ...૧૦ |
| ૦૬ | **એકોક્તિ : કૈકેયી**<br>હસમુખભાઈ દેવમુરારિ | ...૧૩ |
| ૦૭ | **એકસો દસમાં જન્મદિવસે હેપ્પી બર્થ ડે...**<br>અર્ચના દવે | ...૧૫ |
| ૦૮ | **લોકભારતીમાં સાંજ**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૯ |
| ૦૯ | **ગુરુજીનો મહિમા**<br>ભદ્રાયુ વછરાજાની | ...૨૨ |
| ૧૦ | **શિક્ષણની દશા અને દિશા સુધારનારો, બદલનારો શિક્ષક**<br>ડૉ. મનહર ઠાકર | ...૨૫ |
| ૧૧ | **સ્વાશ્રય દ્વારા સંનિષ્ઠ વિદ્યાર્થીનું ઘડતર કરતી કેળવણી**<br>ગુણવંતરાય જોબનપુત્રા | ...૨૮ |
| ૧૨ | **નવું શીખવાની કોઈ ઉંમર હોતી નથી... ખેતીમાં પણ**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૧ |
| ૧૩ | **મેં જોઈ એક મજાની શાળા**<br>ડૉ. સંજય આર. તલસાણિયા | ...૩૪ |
| ૧૪ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ઓગસ્ટ માસમાં ધાર્મિક, રાષ્ટ્રીય, સામાજિક અને સંસ્થાગત ઉત્સવોની ઉત્સાહભેર ઉજવણીઓ વચ્ચે કુદરતે પણ રંગ જમાવ્યો. અતિવૃષ્ટિ, ધરતીકંપ, જ્વાળામુખી, વાવાઝોડું અને જંગલોમાં લાગેલી ભયાનક આગ જેવી ઘટનાઓ વિશ્વમાં સતત બની અને હજુ ચાલુ છે. આત્મા અમર છે અને શરીર નાશવંત છે તેમ કુદરતી આફતો જાણે અમર છે અને સમાજ-સંસ્કૃતિ નાશવંત છે, તેવો ઘાટ થઈ રહ્યો છે. આવી પડતી આફતો પ્રાકૃતિક જ હોવા છતાં તેનો જનક તો માણસ છે તે હવે પાકું થઈ ચૂક્યું છે. વિકાસ અને ભૌતિક સુવિધાઓના લોભમાં માણસ ફસાતો જ જાય છે અને આફતો ઉપર આફતો નોતરતો જાય છે. આવું બધું બનશે તેની આગાહીઓ વર્ષોથી થતી આવી છે. આધારો સાથે વિજ્ઞાનીઓએ સમજાવ્યું છે. તેની ફિલ્મો પણ બની છે અને બની રહી છે. આ બધી માહિતીઓ-જાણકારીઓ ક્યાંય ઉકેલ માટે વપરાતી હોય તેવું દેખાતું- અનુભવાતું નથી એ કેવી દયાજનક ઘટના ગણાય. પોતાના પગ ઉપર જ કુહાડો મારવાનું માણસ સતત ચાલુ રાખીને દોડવા પ્રયત્ન કરતો દેખાય છે. સુખ મેળવવા અથાક પ્રયત્ન કરતો માણસ દુઃખ જ મેળવે છે. આ બધું જે માણસો જાણે છે એ માણસો પણ અટકી જતા નથી ત્યારે તો વધારે આઘાત લાગે છે.

વર્તમાનમાં થતી આત્મહત્યાઓ, થતા બળાત્કારો, થતો ભ્રષ્ટાચાર, થતી લડાઈઓ, ચલાવાતા બુલડોઝરો અને ટેંકો... આ બધું કોણ કરે છે? કોણ કરાવે છે? માણસ જાણે આ બધું સહન કરતો થઈ ગયો છે, તેને કોઠે પડી ગયું છે. જ્યારે કહેવાતો શિક્ષિત સમાજ આવું આચરી રહ્યો છે ત્યારે એક પ્રશ્ન એ પણ ઊઠે છે કે ગીતામાં જેને તિતિક્ષા કહે છે તે તો આ નથીને? પુરુષોમાં શ્રેષ્ઠ ગણાતા વીર્યવાનને સુખદુઃખ સમાન હોય છે! જે માણસને સુખદુઃખ સમાન લાગે તે મોક્ષ મેળવવાને અને અમૃત મેળવવાને લાયક ગણાય છે!! શું આજનો માણસ જાતે આવું નથી કરી શકતો એટલે પ્રકૃતિ તો તેને આવા દુઃખો આપીને અધ્યાત્મ તરફ વાળવા મથતી નહીં હોયને? પણ આ પ્રાકૃતિક નિદર્શન-પાઠમાં નિર્દોષનો ભોગ લેવાય છે તેનું શું અને કેમ સમજવું ? વળી, શાસ્ત્રોમાં તો સુખદુઃખને સમાનભાવે સન્માનવાને યોગ કહે છે! શું પ્રકૃતિ આપણને અલગ રસ્તેથી યોગી બનાવવા પ્રયત્ન કરે છે? જે થયું તે સારું, જે થઈ રહ્યું છે તે સારું જ છે અને હવે જે થવાનું છે તે પણ સારું જ થવાનું છે આ સમજણ-સમીકરણ પ્રમાણે શું બાળકોને લડાઈમાં મારવામાં આવે છે, બહેનો ઉપર સામૂહિક બળાત્કારો થાય છે વગેરે અમાનવીય એવા રાક્ષસી કૃત્યોને પણ સ્વીકારી લેવાના? ભારે રમુજ, રોમાંચ અને વેદના સાથે થતા આ પ્રશ્નો ઊંઘ ઉડાડી દેનારા તો છે. ક્યાંય રસ્તો સૂઝે નહીં તેવી સ્થિતિ સર્જાતી જાય છે ત્યારે આપણે આપણી સમજથી, વિવેકબુદ્ધિથી, શાંતિથી વિચારીએ અને નવી માનવીય જીવનશૈલી તરફ સત્વરે આચરણનો અમલ કરવા સામૂહિક પ્રયત્ન કરીએ એ જ વ્યવહારું ઉકેલ જણાય છે. બાકી અત્યારના સમાજનો પ્રધાન મંત્ર ગમે તે ભોગે 'જલસા' કરવાનો વકરી રહ્યો છે એ હકીકત છે. વિજ્ઞાન, ધર્મ, અધ્યાત્મ, અભ્યાસ કે શાસકો બચાવશે કોણ? દરેક પાસે સમજ અને શક્તિ હોવા છતાં સુખદ પરિણામ નથી મળતું એ ચિંતાનો વિષય છે. સબકો સંમતિ દે ભગવાન...

## ૦૧ ઔદ્યોગિક કેળવણી

**નાનાભાઈ ભટ્ટ**

આપણી શાળા-મહાશાળાઓમાં ધંધાની કેળવણી દાખલ કરવાનો પ્રશ્ન ધીમે ધીમે સ્વરૂપ પકડતો જાય છે. આ આખાય પ્રશ્નના મૂળમાં પ્રજાના જીવનનિર્વાહનો પણ વિચાર છે. જે કેળવણી માણસને ટંકે શેર અનાજ અપાવી ન શકે તેને કેળવણી કહેવાય જ શી રીતે? આજની આપણી કેળવણી ગણ્યાંગાંઠયા લોકોને શ્રીમંત બનાવે છે, પણ એ મૂઠ્ઠીભર લોકોની પાછળ સમાજનો મોટો ભાગ પગ પર પગ ચડાવીને બેસતા શીખે છે. આ બેઠાડુ વર્ગ વધતો જાય છે તેમ તેમ પ્રજાજીવનનું જોખમ પણ વધતું જાય છે. શરૂઆતનાં વર્ષોમાં આ બેઠાડું કેળવણીથી અસંતોષ પામી ધંધાની કેળવણીનો ઉકેલ લાવવા મથે છે. ત્યારે ધંધામાં પડેલા લોકો પોતાના છોકરાઓને આ બેઠાડું કેળવણી આપવાની હિમાયત કરી રહ્યા છે. ખરું કહીએ તો આ બેઠાડુ કેળવણીએ પ્રજાના માનસને જકડી લીધું છે. એટલે જે વસ્તુ આજથી સાઠેક વર્ષ પર સહજ હતી તે સાધવા માટે આજે તો મોટો પ્રયત્ન કરવો પડે તેમ છે.

અલબત્ત આ દોષ કાંઈ એકલો આજની કેળવણીનો જ નથી. એની પાછળ તો આજની આપણી ગુલામદશા આવી પડી છે. આજે બહુ જ ચોખ્ખા શબ્દોમાં બોલીએ તો દેશમાં ધંધા છે જ નહીં. આપણા હુન્નરઉદ્યોગો નષ્ટપ્રાય થયા છે; આપણો વેપાર માત્ર દલાલી છે; આપણી ખેતીએ ખેડૂતના અંગ પર ફાટેલ લૂગડું પણ રહેવા દીધું નથી અને જ્યાં સુધી આપણે સ્વરાજ નહીં મેળવીએ ત્યાં સુધી આ સ્થિતિમાં ફેરફાર થાય એવી આશા ન જ રાખવી.

ઉદ્યોગની કેળવણીના વિચારમાં રોજના શેર લોટના વિચારોની સાથે જ બીજા વિચારો પણ ઊભા તો છે જ. મગજમાં ઇતિહાસ ભૂગોળ અને ગણિતનાં ભૂંસા ભરેલા વિદ્યાર્થીઓથી સમજુ સમાજ આજે થાકી ગયો છે. જેમ આપણા અર્થશાસ્ત્રીઓ ચાલુ કેળવણીની પાછળ વિકરાળ બેકારીનાં દર્શન કરી રહ્યા છે તેમ જ આપણા સમાજશાસ્ત્રીઓ આજની કેવળ બૌદ્ધિક કેળવણીની પાછળ આખાયે સમાજનો હ્રાસ જોઈ રહ્યા છે. આપણા રાજકીય નેતાઓ આજની કેળવણીની પાછળ આપણને કાયમને માટે ગુલામ રાખવાની નેમ જુએ છે. ત્યારે આજના કેળવણીકારો ચાલુ કેળવણીમાં પ્રજાના સમગ્ર આત્માને ભિન્ન ભિન્ન સ્વરૂપે વ્યક્ત થવાનો અવકાશ નથી એટલે પ્રજાના આત્માનો હ્રાસ જુએ છે. બધા વિચારકોની પાછળ આજે નાનો છતાં સમર્થ એક વર્ગ ઊભો છે, જે માને છે કે માણસમાત્રે પોતાના જ પરસેવાથી દેહનિર્માણ કરવો જોઈએ. આજે સમાજમાં બુદ્ધિજીવી અને શ્રમજીવી એવા જે બે વર્ગો પડ્યા છે તે નાબૂદ થવા જોઈએ. આ વિચારકો તો ઉદ્યોગની કેળવણીને જ કેળવણી માને છે અને એ કેળવણીને સંસ્કારી બનાવવા પૂરતી જ બીજી કેળવણી હોઈ શકે એમ જણાવે છે.

ધંધા-ઉદ્યોગની કેળવણી એટલે શું? એક રીતે જોઈએ તો હરકોઈ કેળવણી ધંધા- ઉદ્યોગની જ કેળવણી નથી? જે કેળવણી આજના દાકતરો, વકીલો અને કારકુનો ઉત્પન્ન કરે છે તે પણ અમુક ધંધા માટે માણસોને તૈયાર કરે છે, એટલે અંશે તે ધંધાની કેળવણી છે જ અને ધંધા-ઉદ્યોગનો આ વિશાળ અર્થ આપણે કરીએ ત્યારે એ બરાબર પણ છે.

પણ આપણે ધંધા-ઉદ્યોગની કેળવણીને જો તેના ખાસ મર્યાદિત અર્થમાં વાપરીએ તો ધંધા ઉદ્યોગની કેળવણીમાં બુદ્ધિ પર ભાર હોય તેના કરતાં શરીર પર વધારે ઝોક હોય છે. સ્પષ્ટ શબ્દોમાં બોલીએ તો બુદ્ધિથી મેળવેલું જ્ઞાન વ્યવહારમાં રીતસર લાગુ પાડવાનું હોય છે. અલબત્ત કોઈપણ ધંધામાં આ પ્રમાણે જ્ઞાનને વ્યવહારમાં ઉતારી શકે તેવા લોકો ઓછા પ્રમાણમાં હોય છે. જ્યારે મોટો ભાગ તો ધંધાનો વ્યવહાર કરી જાણે છે, એટલે ધંધાની કેળવણી એટલે જે તે ધંધાના વ્યવહારમાં હાથ બેસી જવો એટલું આપણે સમજીએ છીએ.

ક્રમશઃ

## ૦૨ હું શિક્ષક છું

**વિનોબા ભાવે**

મને જો પૂછવામાં આવે કે, 'તમારો ધંધો શો છે?'તો હું એ જ કહું છું કે, 'મારો ધંધો શિક્ષકનો છે.' મારી પદયાત્રા ૧૩ વર્ષ ચાલી. એમાં મેં જો કંઈ કામ કર્યું હોય તો તે શિક્ષક અને વિદ્યાર્થીનું જ કર્યું છે. જે શિક્ષક હોય તે વિદ્યાર્થી પણ હોય જ. હવે હું માનું છું કે સાલભરમાં તમે ૮૦૦ વ્યાખ્યાન આપતા હશો. મારાં પણ રોજના ત્રણના હિસાબે વર્ષમાં લગભગ ૧૦૦૦ વ્યાખ્યાન થઈ જાય છે. હવે તમે જ કહો હું શિક્ષક છું કે નહીં?

પ્રાચીન કાળથી આજ સુધીનું જે હિન્દુસ્તાન બન્યું તે શિક્ષકોએ જ બનાવ્યું છે. અહીં આચાર્ય શંકર, આચાર્ય રામાનુજ અને ભગવાન ઉપવર્ષ નામના એક મહાન ઋષિ થઈ ગયા. એમનું નામોચ્ચારણ ભગવાનની સાથે કરવામાં આવે છે.

ભારતને કોઈ રાજસત્તાએ નથી ઘડયો. તેને અહીંના સંતો, ફકીરો અને આચાર્યોએ ઘડયો છે. બાળકોને કેવળ 'ક કા કિ કી' ભણાવી દીધું, એટલેથી ભણાવવાની 'ઇતિ' થતી નથી. તમે લોકો શિક્ષક છો તો એ ધ્યાનમાં રાખજો કે તમારું કામ શિક્ષણ દ્વારા આખા સમાજની રચના બદલવાનું છે. આપણે આજની સમાજ-રચના બિલકુલ બદલવા માગીએ છીએ. આપણે શાંતિમય ક્રાંતિના અગ્રદૂત છીએ. આ મિશન જો તમારા ધ્યાનમાં આવી જશે તો તમે 'નઈ તાલીમ'ને એવું રૂપ આપશો કે જેથી તે સરકારના હાથમાંથી તમારા હાથમાં આવી જાય. આમ નહીં થાય તો શિક્ષણ માટે ભારે મોટો ખતરો છે.

આજે તો શિક્ષણ પર સરકારનો અંકુશ છે. ખરી રીતે ન્યાય-ખાતાની જેમ શિક્ષણ ખાતું પણ સ્વતંત્ર જોઈએ. એના પર સરકારની સત્તા ન રહે ત્યારે જ હિન્દુસ્તાનમાં શિક્ષણ પાંગરશે અને ત્યારે જ જુદી જુદી બૂરાઈઓ પર બુદ્ધિનો પ્રકાશ પડશે. આજે તો બધી બુદ્ધિને એક સાંચામાં ઢાળવામાં આવે છે. જેમ વાવણીના પ્રસંગે ખેડૂત એના બળદને પૂછતો નથી કે, 'કેમ બળદભાઈ, આપણે શું વાવીશું?' તેમાં તો શું વાવવું એ ખેડૂત નક્કી કરશે. આવી જ રીતે હિન્દુસ્તાનના બધા શિક્ષક આજે 'બળદભાઈ' થઈ ગયા છે ભણાવવાના વિષયો, એના કલાક વગેરે બધું જ ઉપરથી નક્કી થઈને આવે છે.

આમ આજે શિક્ષકોની હેસિયત બળદની છે. એમાં ન તો એમની બુદ્ધિનો વિકાસ થાય છે નથી રાષ્ટ્ર ઘડાતું. સરકાર ખોટે રસ્તે જાય તો આખું રાષ્ટ્ર ખોટે રસ્તે અને એ સારી હોય તો સારા રસ્તે. હું આને જ બદલવા માંગું છું. પણ આ ત્યારે બદલાય જ્યારે તમે સમજશો કે હિન્દુસ્તાનની સમાજરચના બદલવી એ આપણો ધર્મ છે. એ આપણું કામ છે.

ભારતમાં જે કંઈ ઉત્તમ વિચારો છે, એમાં સૌથી વધારે આકર્ષણ મને આ વિચારનું થયું છે કે 'પોતાની જાતને ઓળખવી.' (હું કોણ છું )ની ઓળખાણ પર આપણું આખું જીવન નિર્ભર છે. તો તમારે પણ નક્કી કરવું જોઈએ કે તમે કોણ છો. જો તમે શિક્ષક હોવાની સાથે સાથે 'હું બીજું કંઈ પણ છું' એવું અનુભવતા હો તો તમે શિક્ષકના ધંધાને ન્યાય નહીં આપી શકો. તમને અનુભવ થવો જોઈએ કે હું સૌ પહેલાં શિક્ષક છું.

સરકારે તો તમારી હેસિયત નોકરની માની છે પણ એ કંઈ શિક્ષકની હેસિયત નથી. શિક્ષકનું કામ તો ઘણું જ શ્રેષ્ઠ છે. દેશની સર્વશ્રેષ્ઠ સંપત્તિરૂપ બાળકોને તમારા હાથમાં સોંપ્યાં છે. એમને કંઈ સંસ્કાર, વિદ્યા, માર્ગદર્શન તમે દેશો તે જ તેમને મળશે. આનાથી વધારે કીંમતી કાર્ય બીજું કયું હોઈ શકે?

## ૦૩ પાયાની કેળવણી

**મનુભાઈ પંચોળી**

---

બગીચા માટે વાડની જરૂર છે તેમ મુક્ત વિકાસ માટે મર્યાદિત રાજતંત્રની જરૂર છે જ, પણ વાડ ફૂલોને જન્મ આપી શકતી નથી તેમ વ્યવસ્થા જરૂરી હોવા છતાંય તે આપોઆપ મુક્તિનો અનુભવ કરાવી શકતી નથી. યુનેસ્કોના ખતપત્રની પસ્તાવનામાં કહ્યું છે તેમ યુદ્ધ પહેલાં માણસોના હૃદયમાં શરૂ થાય છે અને ત્યાં જ તેને ડામવું જોઈએ. વ્યક્તિઓના હૃદયમાં જ પરિવર્તન કરવાની રીત માણસજાત જમાનાઓથી શોધતી આવી છે, કારણ કે વ્યક્તિ પોતે આક્રમણ ન કરે, કે આક્રમણ ન હોય તો તોપો જાતે કાંઈ ફૂટવા માંડતી નથી. સ્વયંસંચાલિત મિસાઈલ્સનું પણ કોઈએ બટન દબાવવું પડે છે. તે આપોઆપ ઊડતાં નથી.

કોરી જમીનમાં પડેલ તિખારો આપોઆપ ઓલવાઈ જાય છે, પણ ઘાસવાળી ભોયમાં જો પડે તો જરૂર દાવાનળ લાગે છે. તિખારો ન પડે તે એક સાવચેતી ને તિખારો પડે તો પણ આગ ન લાગે, આપમેળે બુઝાઈ જાય તે બીજી સાવચેતી. બાળકેળવણીનું શાસ્ત્ર આ બીજા પ્રકારનું કામ કરે છે. એટલે જ હું ઘણી વાર બાળકેળવણીમાં કામ કરનારાઓને 'શાંતિસૈનિકો' કહું છું. શાંતિ સ્થાપવાનું કામ માત્ર આઈઝનહોવર કે વિનોબાજી જ નથી કરતા, પણ રાનીપરજનાં ઝૂંપડાઓ વચ્ચે બાલવાડી ચલાવનાર ગ્રામસેવિકા પણ કરી રહેલ છે, કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલ ભૂલકાંઓમાં આક્રમક વૃત્તિના બીજ ન રહે તેવી હિકમતથી કામ કરી રહેલ છે. તેનો ફોટો કે નામ છાપામાં આવતા નથી તેથી તેનું નામ, તેથી તેનું કામ ઓછા મહત્ત્વનું નથી. ઝાડના મૂળિયાં હંમેશા અંધારામાં જ રહે છે પણ વૃક્ષને તે જ પોષણ આપે છે, ને તે જ વૃક્ષનો આધાર બને છે.

બાલશિક્ષણ અને બાળમાનસશાસ્ત્ર એમ કહે છે કે આક્રમક વૃત્તિ કઈ બાળકોમાં પહેલેથી નથી હોતી. જીજીવીષા-સંરક્ષણની ઇચ્છા તેને હોય છે, પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે, ને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે છે. આ યોગ્ય શિક્ષણ એટલે સમયસરનું શિક્ષણ ને પદ્ધતિસરનું શિક્ષણ. બધાં બાલશિક્ષણ કેન્દ્રોમાં આ બંને વસ્તુઓ જળવાય છે તેવું નથી ને તેથી પરિણામ આવતું નથી. વાવણી વખતે જે ખેડૂત વાવે નહિ ને લણણી વખતે જે લણે નહિ તે શું મેળવે? શક્તિ વપરાય તે પૂરતું નથી, સમયસર વપરાય ને યોગ્ય રીતે વપરાય તે જરૂરી છે.

જે સમાજ પોતાના બાળકો માટે તેમની વય તેમની વૃત્તિ લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ વ્યવસ્થામાં યોજે છે તેને કોર્ટો, જેલો ઉપર ખર્ચ ઓછું કરવું પડે છે. જ્યાં આત્મસંયમ નથી ત્યાં પરસંયમ-પરશાસન લાવવું પડે છે ,એટલે જ પ્લેટોએ કહ્યું કે,

'જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે.'

જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે તેને બીજાનાં કામમાં દખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ હોતી નથી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ તે રસ ચૂસવામાં તલ્લીન થઈ જાય છે. આપણામાંના મોટા ભાગનાને આંતરતૃપ્તિ નથી માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજના ગંજ ખડકીને મોટા થવાનો ખોટો ડોળ કરીએ છીએ, કારણ કે અંદર આપણું મન ખાલીખમ હોય છે.

બાળકોને એ અવસ્થાએ આપણે સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ કરવા દઈએ તો અંતઃતૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે ને બીજાને દખલ કરવાનું, બીજાની ઈર્ષા કરવાનું, બીજાને હલકા પાડી મોટા થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહીં પ્રવેશે. આ ઝેર આપણા સમાજમાં ઓછું છે? કોઈક જરાક આગળ વધે તો રાજી થનારા કેટલા? અને ઈર્ષા કરનારા કેટલા? આવો ઈર્ષાળુ સમાજ, સમાજ કહી શકાય ખરો? અપમાન અને ઈર્ષાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવી ઉપયોગી નીવડે છે.

## ૦૪ વૃક્ષનું હોવું એટલે જ સાધુનું હોવું...

**ગુણવંત શાહ**

---

પ્રકૃતિથી જ માણસને કોઈક પર નિર્વ્યાજ અને નિર્ભેળ પ્રેમ ઢોળવાનું ગમે છે. અને એવો જ પ્રેમ કોઈ એના પર ઢોળે તે પણ ગમે છે. દિવસના ઘણા કલાકો વૃક્ષોને સથવારે વીતે છે. વૃક્ષો ઈશ્વરનાં એલચી જેવાં દીસે છે. જે ભલામણ આપણે સીધી ઈશ્વરને નથી પહોંચાડી શકતાં તે ભલામણ વૃક્ષોને કરી શકાય. તેઓ કયારેક આપણી ભલામણ ઈશ્વરને પહોંચાડશે એવી દિવ્ય લાગવગમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. તાણથી બચવું હોય તો માણસે વૃક્ષને સથવારે રહેવું પડશે. વૃક્ષને માણસ વગર ચાલે, પરંતુ માણસને વૃક્ષ વગર ન ચાલે. કોઈ મનુષ્યમિત્ર તમને દગો દઈ શકે, પરંતુ વૃક્ષમિત્ર કદી દગો નહીં દે.

વૃક્ષો આપણું જીવન છે. વૃક્ષત્વ અને મનુષ્યત્વ સાથોસાથ ખીલે તેમાં જ ધરતીની શોભા છે. વૃક્ષ પવિત્ર છે કારણ કે વૃક્ષત્વ વિના મનુષ્યત્વ એક મિનિટ પણ ટકી શકે તેમ નથી. માણસોનો વૃક્ષ સાથેનો સંબંધ પ્રિયજન જેવો હોવો જોઈએ. વૃક્ષો વિનાની ધરતી એટલે રણની રેતી.

વૃક્ષો તો વરસાદ માટેની આમંત્રણપત્રિકા ગણાય. ધરતી વાદળને પોતાના મનોહર સ્મિત દ્વારા આકર્ષે છે. એ સ્મિતનો રંગ લીલો છે. ધરતીનું સ્મિત વૃક્ષોનાં પાંદડાં થકી પ્રગટ થાય છે અને વાદળ મોકળે મને વરસી પડે છે. વૃક્ષનું થડ ભૂમિનિષ્ઠ હોય છે,પરંતુ એનાં પાંદડાં તો પવનનિષ્ઠ સૂર્યનિષ્ઠ અને આકાશનિષ્ઠ હોય છે. વૃક્ષનું સ્મિત એનાં અસંખ્ય પાંદડાં થકી પ્રગટ થાય છે. સધ્ધરતા સલામતી બક્ષે છે અને અધ્ધરતા લાલિત્યપૂર્ણ અધ્યાત્મની જનેતા છે.

વૃક્ષોનો મિજાજ બદલાય તોય માણસનો મિજાજ નથી બદલાતો. નવલ્લવિત વૃક્ષો વચ્ચે કયારેક જૂનો ખખડધજ માણસ ઊભો હોય છે. કોઈપણ વૃક્ષની છાયામાં કુકર્મ કરવા માટે ભારે નફ્ફટાઈની જરૂર પડે. વૃક્ષની છાયામાં આરામ થઈ શકે, પ્રેમ થઈ શકે, ચુંબન થઈ શકે, ફ્લર્ટિંગ થઈ શકે, પરંતુ દ્વેષ ન થઈ શકે, ઈર્ષ્યા ન થઈ શકે અને હિંસા ન થઈ શકે. વૃક્ષનું હોવું એટલે જ સાધુનું હોવું.

વૃક્ષ સ્વસ્થ છે. વનસ્પતિ સૃષ્ટિમાં અદેખાઈ નથી. વૃક્ષની નિજલીલા માનવસર્જિત વાડીના નિયમોની ઓશિયાળી ન હોઈ શકે. વાડીના નિયમો વાડને આધારે ટકેલા હોય છે, જયારે વૃક્ષત્વનો સીધો સંબંધ વનના એટલે કે વનમાળીના નિયમો સાથે હોય છે. વૃક્ષો પર વસનારાં પંખીઓના કલરવને કોઈ સરહદ હોતી નથી. સરહદ માણસનું સર્જન છે.

વૃક્ષોની વાણી આપણા કાન સુધી અને કાન દ્વારા આપણી ચેતનાના સૂક્ષ્મતમ કેન્દ્ર સુધી પહોંચે તેટલા માટે જ તો પવનનું સર્જન થયું છે. વૃક્ષોની માતૃભાષા મૌન છે. પ્રત્યેક માણસમાં વૃક્ષત્વનો, પર્ણત્વનો અને પુષ્પત્વનો વાસ હોય છે. વૃક્ષ પરોપકારી અને શાંત ખરું, પરંતુ એની લીલીછમ નમ્રતા એ જ એની વાણી!

જીવનમાં જેણે એક વૃક્ષ ન ઉછેર્યું હોય એવી વ્યકિત ખરેખર નિઃસંતાન જ ગણાય. વાઘની કુલ સંખ્યાની માફક વૃક્ષની કુલ સંખ્યા દર વર્ષે જાહેર થવી જોઈએ. વૃક્ષ કાપનારને એટલી જ સજા થવી જોઈએ, જેટલી વાઘનો શિકાર કરનારને થાય.માણસોની વસ્તી ઘટે અને વૃક્ષોની વસ્તી વધે તો જંગલ બચે. જંગલ બચે તો માણસ બચશે. જંગલ એટલે શું, તે જો સમજાઈ જાય તો જીવન એટલે શું, તે આપોઆપ સમજાઈ જાય. વન અને વનમાળી એકબીજાથી અળગાં નથી. કયારેક કોઈ જંગલમાં થોડાક દિવસ રહેવાનું મળે ત્યારે સદીઓ પછી અસલ ઘરે જવાનું થયું હોય એવી લાગણી થાય છે. જે દિવસે માનવજાત વૃક્ષમાં મંદિરનાં દર્શન કરશે અને પાંદડાંમાં ૩૩ કોટી દેવતાઓનો નિવાસ નીરખશે તે દિવસે પૃથ્વી પરથી યુદ્ધ નાબૂદ થશે.

## ૦૫ Living With Truth-Bharoso

**અરુણ દવે**

---

આપણું જીવન એક ગૂઢ રહસ્ય છે અને સદાકાળ રહસ્ય જ રહેવાનું. દરિયાની માછલી જેમ દરિયાનો તાગ મેળવી શકતી નથી તેમ મનુષ્ય આ જગત અને જીવનના રહસ્યો ઉકેલી શકે તે શક્ય નથી. બહિરંગની ગતિ અને અંતરંગની સ્થિતિના સમન્વયથી સર્જાતું જીવન એ પોતે જ એક અભિવ્યક્તિ છે.માણસનું જીવન એ મહા ચૈતન્યની અભિવ્યક્તિ છે. અભિવ્યક્તિ એટલે અપ્રગટનું પ્રગટીકરણ.બીજમાં વૃક્ષ છે પણ તે અપ્રગટ છે, બીજમાંથી વૃક્ષ થવાની પ્રક્રિયા એ પ્રગટીકરણની પ્રક્રિયા છે.

જીવનનું પ્રધાન લક્ષણ 'વિકસવું' છે. આમ વિકાસ એ જીવનનો અનિવાર્ય સ્વરૂપગત ગુણધર્મ છે. તો સવાલ એ થાય કે આ વિકાસનું માધ્યમ ક્યું છે? તો માનવ-જીવન વિકાસનું સર્વોત્તમ માધ્યમ એ 'અધ્યાત્મ' છે.અધ્યાત્મ એટલે અધિ + આત્મા. અધિ એટલે તરફ, પ્રત્યે. આત્મા તરફની ગતિ એટલે અધ્યાત્મ. અહીં સૌથી આશ્ચર્યજનક સરળ અને રોમાંચક સત્ય એ છે કે આત્માને નથી મેળવવાનો કે નથી ગુમાવવાનો!! માત્ર તેનો સ્વીકાર જ કરવાનો છે. આત્મા તો સૌને પ્રાપ્ત જ છે, આત્માની પ્રાપ્તિ તો પ્રતસ્ય પ્રાપ્તિ જ છે. આપણે તો આત્મા થકી આત્માને પામવાનો છે. આ જોઈ શકાતો નથી, માત્ર આત્મસાત જ કરી શકાય છે. શ્રદ્ધા, સાધના, પ્રાર્થના, તપશ્ચર્યા, અનુભૂતિ અને સાક્ષાત્કારથી પ્રાપ્ત થતો આત્મા મૂળે તો સ્ફટિકમય શુદ્ધતમ 'ભરોસા'ની ફળશ્રુતિ છે. આવી પળ ત્યારે જ પાકે જયારે અલખધણી ઉપર અસીમ વિશ્વાસ હોય. એટલે તો ગવાયું છે કે- 'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની'.

માણસની મૂળભૂત જરૂરિયાત અન્ન, વસ્ત્ર, આવાસ,શિક્ષણ,આરોગ્ય,મનોરંજન અને જીવનની પ્રસન્નતા છે. પણ આ કોણ અપાવે? એ વિજ્ઞાન થકી જ પ્રાપ્ત થશે. વળી જીવનનો સંતોષ, પ્રસન્નતા અને સાક્ષાત્કાર અપાવવાની ક્ષમતા વિજ્ઞાન પાસે તો નથી જ. એ માટે તો અધ્યાત્મ પાસે જ જવું રહ્યું.આમ વિજ્ઞાન જગતદર્શન કરાવે છે અને અધ્યાત્મ જીવનદર્શન કરાવે છે. વિજ્ઞાન એ શરીર છે અને અધ્યાત્મ એ આત્મા છે.વિજ્ઞાન અધ્યાત્મને દેહવાન બનાવે છે જ્યારે અધ્યાત્મ વિજ્ઞાનને ચેતનવંતુ બનાવે છે. વાસ્તવમાં તો વ્યક્ત અને અવ્યક્ત જગતને પેલે પાર એક અનંત વિશ્વ રહેલું છે.વાસ્તવમાં આપણને જે દેખાય,સંભળાય કે અનુભવાય છે તે તો બહુ મર્યાદિત એવું આપણી પ્રતીતિનું જગત છે. આથી બાહ્ય જગતનું દર્શન કરવા વિજ્ઞાન અને આંતરિક જગતની અનુભૂતિ પામવા અધ્યાત્મ અનિવાર્યપણે જરૂરી છે. આપણા શરીરરૂપી પંખીની બે પાંખો છેઃ વિજ્ઞાન અને અધ્યાત્મ.

આપણા જીવનમાં સતત ઝંખના ઈચ્છા, સપના કાંઈ હોય તો તે છે સુખની શોધ,મોજની શોધ. આ વૈજ્ઞાનિક રીતે પણ સાબિત થઈ ચૂકયું છે કે જગતના તમામ જીવોનું અંતિમ લક્ષ એ જીવનમાં જલસા કરવા, મોજ કરવાનું છે. પણ મસ મોટી ભૂલ આપણે એ કરી કે, આ મોજને આપણે ભૌતિક સુવિધા અને સાધનોમાં જોવા લાગ્યા. આમેય પદાર્થની માત્રા વધે એટલે ચૈતન્યની માત્રા ઘટે...પાંખો ઉપર અધિક વજન હોય તો ઊર્ધ્વમૂલયાત્રા અટકી પડે છે. સાધનો ભલે રહ્યા એ 'સાધન' સાથે 'સાધના' ઐકય પામે તો 'પદારથ' અને 'ચૈતન્ય' એકરૂપ થાય. એ પછી બધી જ પળોજળ અલોપ થઈ જાય અને સત્યનો સાક્ષાત્કાર થાય.

આપણે તો જીવન એટલે સુખની શોધ એમ માનીને

વિકાસના રવાડે ચડ્યા! પરંતુ વાસ્તવમાં જીવન તો સત્યની શોધ છે. હવે સવાલ સવા લાખનો એ છે કે ક્યું સત્ય? તો જવાબ છેઃ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માના સાક્ષાત્કારનું સત્ય. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા એ મનુષ્યનું મૂળસ્વરૂપ છે. માણસનું આધારકાર્ડ છે ! માટે તો સંતવાણીમાં પણ ગવાયું છે કે-

'આ આત્માને ઓળખ્યા વિના રે...આ લખ ચોરાસી નહીં રે મટે રે જી' અહીં જરા સરળ-સહેલું અને વ્યવહારું કરીને સમજીએ તો આત્મા સનાતન સત્ય છે અને તેના અનેક નામો છેઃ પરમાત્મા, પરમેશ્વર, ભગવાન, બ્રહ્મ, પુરુષોત્તમ વગેરે. અને ભીતરના ગૂગલ મેપમાં જોશો તો ભરોસાની ગાડી તમને તમારા ડેસ્ટિનેશન સુધી લઈ જશે, હા જયાં કૃષ્ણભગવાન રાસ રમે છે તે ચોકમાં.

વૈજ્ઞાનિક અભ્યાસ-તારણો પ્રમાણે માણસમાં સહજ રીતે જ થોડીક પાયાની વૃત્તિઓ (ઈનબિલ્ટ) રહેલી છે અને આ વૃત્તિઓ એ પ્રાકૃતિક છે, તેને સુખના સ્રોત મનાય છે, જેવી કે-

જિજ્ઞાસાવૃત્તિ...જ્ઞાન માહિતી માટે

જાતીયવૃત્તિ...પ્રેમ,આનંદ સૌંદર્ય માટે

આધિપત્યવૃત્તિ... શક્તિ, સ્વતંત્રતા,કીર્તિ પ્રતિષ્ઠા અહમ્ માટે

જીજીવિષાની વૃત્તિ...અમરત્વ માટે.

આ બધી વૃત્તિઓની ઝંખના કે મેળવવા પાછળનો હેતુ આનંદ, શાંતિ, જ્ઞાન, શક્તિ પ્રતિષ્ઠા, સ્વતંત્રતા, પ્રેમ, સૌંદર્ય, જાતીય સુખ અને અમરત્વ પ્રાપ્ત કરવાનો છે, પણ જો આ તમામ ઝંખનાઓનું પોટલું વાળો તો તે પોટલાં ઉપર તમારે લેબલ તો 'આત્મા' એવું જ મારવું પડે. એટલે કે વૈજ્ઞાનિક દષ્ટિકોણથી વિચારો તો પણ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ છે. આત્માની પ્રાપ્તિમાં જ માનવ જીવનની પરમ કૃતાર્થતા રહેલી છે.

આપણને અનુભવે સમજાયું છે કે માણસની ઈચ્છાઓ,સપનાઓ, ઝંખનાઓ વગેરેની ઘેલછા પાછળનું કારણ જીવનમાં અનુભવાતો 'અભાવો' છે. આંતરિક ખાલીપાની લાગણીઓ અભાવાથી જોર પકડે છે. અભાવ એ કોઈ વિધાયક તત્ત્વ નથી નિષેધાત્મક છે. જેમ અંધકાર એ વિધાયક તત્ત્વ નથી નિષેધાત્મક છે અંધકાર એટલે પ્રકાશનો અભાવ. આપણું દુઃખ કે અભાવો એટલે આત્માનો અભાવો. આ અભાવનું વિસર્જન માત્ર અધ્યાત્મ થકી જ શક્ય છે અને અધ્યાત્મનું માધ્યમ એટલે ભરોસો. આ ભરોસો પરમેશ્વર અને આપણા ખુદ ઉપર હોવો જોઈએ. ભરોસો આપણને અખંડવિશ્વનું દર્શન કરાવવા સક્ષમ છે, વેતરણી પાર કરાવી શકે તેવો છે.

આપણે ભરોસો ખોટા સ્થળે રાખીએ-ટાંગીએ છીએ તેથી લાભ નથી મળતો. ફોટો,મૂર્તિ,મંદિર,માળા કે રટણમાં નહીં પણ આપણી સભાનતા (અવેરનેસ)માં ભરોસો રાખો. રામ,કૃષ્ણ કે માનીતા-શ્રદ્ધાવાળા ભગવાનને આપણે સાથે રાખતા નથી ! મારા આત્મામાં જ પરમાત્મા હરક્ષણ બિરાજમાન છે તેમ માનીને,ભરોસો રાખીને વર્તન કરી જુઓ! જેમ કે તમારી સાથે રામ,સીતા,કૃષ્ણ, હનુમાનદાદા કે બાપુ છે તેમ કલ્પના કરીને વર્તન કરો...શું તમે ખોટું બોલી શકશો? શું તમે કોઈને છેતરી શકશો? શું તમે કોઈથી ડરી શકશો? અરે ભાઈ તમે સજ્જન થઈ જશો. સંસ્કારી,સેવાભાવી અને શ્રદ્ધાળુ થઈ જશો. પરમતત્ત્વ તમારી સાથે છે તેનો ભરોસો તમને નિર્ભય બનાવી દેશે. અંદર બધું ઝળહળા થશે અને ભજનની ભૂખ લાગશે અને ભરોસો ભરડો લઈ લેશે.

આમ સમજોને તો આપણે ચાલુ જીવન વ્યવહારમાં તો ભરોસાથી જ જીવીએ છીએ. પ્લેઇનમાં કે ટ્રેનમાં તો ડ્રાઇવર દેખાતો જ નથી. કેટલો અનુભવી છે? કઈ જ્ઞાતિનો છે? કેવડો છે? દેખાવે કેવો છે? ભાઈ છે કે બહેન છે? કાંઈ ખબર નથી છતાં બધા પ્લેઇનમાં બેસી રહીએ છીએ. એરહોસ્ટેસનું આતિથ્ય કદાચ બધું ભૂલાવી દે છે. એવું જ

જીવનમાં બને છે. ભૌતિક સુવિધાઓ અને મંદિરની ઝાકમઝોળ માયલાના ડ્રાઈવરની તપાસ કરવામાં આડે આવે છે!! અહીં અંદરનો ભરોસો ભૂલાઈ જાય છે ને અનેક પ્રકારની શંકાઓ-પ્રશ્નો જન્મે છે. ઈશ્વર છે કે નહીં ત્યાંથી માંડીએ છીએ.

અત્યંત સુવ્યવસ્થિત વ્યવસ્થાપનથી ટકી રહેલા આપણા સમગ્ર બ્રહ્માંડમાં આવેલી અબજો ગેલેક્સીઓ અને અબજો અવકાશીયપિંડો વાસ્તવમાં એકબીજાના ભરોસે જ પોતાનું અસ્તિત્વ જાળવી રહ્યા છે. સૂર્યમંડલના ગ્રહો અને ઉપગ્રહોના અભ્યાસ પછી ખુદ આઈન્સ્ટાઈને પણ 'ગવર્નિંગ ફોર્સ' નામના ભરોસાને સ્વીકારીને વિજ્ઞાનની હદ પૂરી થયાનું સ્વીકારવું પડેલું.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના પિતાશ્રી જૈનુલબ્દી સાવ સાધારણ સ્થિતિના, ઓછું ભણેલા, માયાળું અને શ્રદ્ધાળુ માનવી હતા. દરરોજ એ અરબી ભાષામાં નમાજ પઢવા બાજુની ખૂબ જૂની મસ્જિદમાં જતાં. નમાજ પઢીને જયારે બહાર નીકળતા ત્યારે વિવિધ પંથો અને સંપ્રદાયના લોકો તેમની રાહ જોતા ઊભા રહેતા, તેઓ પાણીનું વાસણ ધરતા. જૈનુલબ્દી આ પાણીમાં પોતાની આંગળીઓ બોળીને પ્રાર્થના કરતા. આ પાણી બીમાર છોકરાઓ અને અપંગોના ઘરે જતું અને ઘણા લોકો તેનાથી સાજા થઈ જતા. કૃતજ્ઞતા વ્યકત કરવા આવતા લોકોને જૈનુલબ્દી પરવરદિગાર-અલ્લાહ પર ભરોસો રાખવાનું કહીને માયાળું સ્મિત વરસાવતા.

ઘરમાં અંધકારથી ડરતા નાનકડા મોનિયાને દાસી રંભા રામનું નામ લેવાનું કહે છે. એ રામનામ ઉપરનો ભરોસો ગાંધીજીમાં આજીવન રહ્યો. બાપુનું અંતિમ વેણ પણ રામ હતું, રામ કહીને ગાંધી રામના આશ્રયે ગયા હતા.

વ્યાસપીઠ પરથી અખંડ પ્રવાહથી વર્ષોથી ઘોડાપૂરે વહી જતી આપણી-રામાયણ-કથાના તમામ પાત્રોના સંબંધો, સંવાદો અને સંવેદનાઓનો આધાર માત્ર 'ભરોસો' જ છે. 'ભરોસો' વિશ્વનો શ્વાસ, વિશ્વાસ છે. વ્યાસપીઠ 'ભરોસા'નું અક્ષયપાત્ર અખંડ સ્રોત છે. આપણા ભરોસા-જનરેટરના ઓપરેટર- ટેકનિશિયન-માસ્ટર તરીકે તલગાજરડા ત્રિભુવન યુનિવર્સિટીના ગોલ્ડમેડાલીસ્ટ વિજ્ઞાની ડૉ.મોરારિ સેવા આપી રહ્યા છે!

બીજી રીતે સમજીએ તો આ દરેક કથા દરમિયાન 'ભરોસા'નું વિધ વિધ ક્ષેત્રોમાં વાવેતર થાય છે. દરેક કથાના અંતે ઉતરેલા મબલખ પાક 'ભરોસા'નું ખળું લેવા તલગાજરડે તાબડતોબ પહોંચવું પડે છે.

અંતમાં આજે વિશ્વમાં અનેક પ્રકારના આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે. પણ આ તમામ વિશિષ્ઠ દિવસોનું જો પોટલું વાળો તો તેના ઉપર લેબલ તો 'ભરોસો'નું જ મારવું પડે!! તો પછી હવે વિશ્વમાં 'ભરોસાદિન' પણ ઉજવાવો જોઈએ. છેવટે આ ભરોસાના ઉદ્ભવ એવા રામજન્મદિનને હવેથી કથામાં 'ભરોસાદિન' તરીકે ઉજવીએ તો કેમ? ભરોસો તૂટે એટલે ખેલ ખતમ- જીવનમાં અને પ્રકૃતિમાં બંનેમાં આવું બને છે.

> તમે કોઈ ગુરુના આશ્રમમાં જાઓ અને ગુરુ આગળ વાંકા ન વળો ત્યારે પાસે ઊભેલા ચેલકા તમારી સામે ડોળા કાઢે છે. એ ચેલકા અને એમના ગુરુ ઘંટાલ તમને તુચ્છ ગણે ત્યારે હિંમતથી ટટ્ટાર ઊભા રહેવું જરૂરી છે. જે માણસ ગમે ત્યાં, ગમે ત્યારે અને ગમે તેની સામે નમી પડે એને ભકત કહેવાની જરૂર નથી. જે મનુષ્યની ભીતર ફકીરીની રોશની વરતાય એની સમક્ષ જ નમન શોભે. નમન કંઈ કરોડરજ્જુની કસરત નથી. આપણું સમગ્ર અસ્તિત્વ (બીઈંગ) કોઈના પવિત્ર અસ્તિત્વ પ્રત્યેના આદરથી ઊભરાઈ જાય ત્યારે નમન શકય બને. હિંદુ પ્રજાએ નમનને સસ્તુ અને કૃપાકાંક્ષી બનાવી દીધું છે.
>
> - ગુણવંત શાહ

## ૦૬ એકોક્તિ : કૈકેયી

**હસમુખભાઈ દેવમુરારિ**

---

હા, હું કૈકેયી... મને જોઈને તમે સૌએ મારી સામે તીખી નજરે જોયુંને?

હા, મારે નામે એક મોટું કલંક ચોંટેલું છે, રામને વનવાસ અપાવવાનું ને ભરતને અયોધ્યાની ગાદી આપવાનું!!!

તમે સૌ તો શું, મારા સગા દીકરા ભરતે પણ મને ન કહેવાના શબ્દો : કુલનાશિની, કુલ્ટા વગેરે કહીને નવાજેલી. હું સમજું જ છું કે આમાં તમારો કોઈનો દોષ નથી કે નથી મારા દીકરા ભરતનો દોષ. મારે ભાગે નિયતિએ આવું જ કૃત્ય કરવાની જવાબદારી નાંખેલી.

પણ મારે આજે થોડી સ્પષ્ટતાઓ કરવી છે, કેટલીક ઊંડી વાતો જે સામાન્ય રીતે ઓછી પ્રચલિત થઈ છે તે તમારી સામે રજૂ કરીને મારા મન પરનો બોજ હળવો કરી મારે હળવા થવું છે.

શું તમે સૌ એમ માનો છો કે હું રામને મારો દીકરો નહોતી માનતી?

અરે! રામને તો હું ભરત કરતાંય સવાયો દીકરો માનતી. અને રામ તો આર્યાવર્તનો ચક્રવર્તી રાજા બને તેવું સ્વપ્ન પણ મારા મનમાં હતું. મેં તો રામને બાલ્યાવસ્થાથી તૈયાર કરવા સારુ રીતસરની તાલીમ આપેલી, તેની કેળવણી કરેલી. અને હું શું રામને વનવાસ આપું? ને એય મારા ભરતને ગાદીએ બેસાડવા માટે આવું કરું?

થોડી માંડીને વાત કરું...

હિંદુ ધર્મનાં અવતાર કાર્યોથી તમે થોડા ઘણા પરિચિત હશો. દરેક અવતારે પોતાનું અવતાર કાર્ય કરવા માટે અવતાર લીધેલા છે.

એ તો તમે સૌ જાણતા જ હશો કે મારા રામે અવતાર શા માટે લીધેલો? જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરોનો કે આતંકીઓનો આતંક કે પાપ વધી જાય છે ત્યારે ત્યારે દેવોને અવતરવું પડે છે. બસ, આમ જ વિષ્ણુ ભગવાનને અવતરવું પડેલું. તેણે કૌશલ્યાને પેટે અવતાર લીધો. પણ, જો રામ અયોધ્યામાં જ રહે, પૂરું જીવન અયોધ્યામાં જ વીતાવે, અયોધ્યાના સામાન્ય રાજા બનીને જીવી જાય અને વનમાં જાય જ નહીં તો? ને તો રાવણનો વધ થાય કેવી રીતે? એટલે સૌ દેવોએ ભેગા મળીને મને આવું કપરું કાર્ય કરવાની જવાબદારી સોંપેલી!

અને આમ, કોઈપણ સંજોગોમાં રામનો રાજ્યાભિષેક અટકે તેવું કંઈક કરવું જોઈએ ને તે કરવા માટે સાર્વત્રિક હિતમાં મારે આ નિંદનીય કૃત્ય કરવાની ફરજ આવી પડી.

શું કરું હું... બોલો, તમે સૌ જ કહો. હું દેવોને ના કહું?

મેં કઠણ થઈને દુનિયાનો અપયશ વહોરીને આવું નિંદનીય કાર્ય કરવાની જવાબદારી મારે શિરે ઊઠાવી અને રામને વનવાસ અપાવું ને રામ વનમાં જાય અને દક્ષિણ દિશામાં જાય, સૌ વનવાસીઓને એકઠા કરે, સંગઠિત કરે તેવા હેતુથી દશરથ પાસે આવું વરદાન માંગેલું.

બીજું પણ એક કારણ કહું...

દરેક જીવે પોતે કરેલાં કર્મનો બદલો ભોગવવો જ પડે છે. રાજા દશરથે અજાણતાં જ શ્રવણને તીર મારેલું ને તેનાં વૃદ્ધ માબાપ તડપતાં-તડપતાં દીકરાના વિયોગમાં મૃત્યુ પામેલા ને તેણે દશરથને શાપ આપેલો કે રાજન, તું પણ અમારી જેમ જ તારાં સંતાન વિના વિયોગમાં તડપી-તડપીને મરીશ. મેં વિચાર્યું કે કદાચ આ શાપ રામને ચૌદ વર્ષ વનવાસ આપવાથી અલ્પકાળમાં ધોવાઈ જશે, તેમ માનીને મેં રામને વનવાસ અપાવ્યો.

પણ હાય રે નિયતિ! બધું જ ઊંધું પડ્યું!!!

ને હું આ લોકમાં કે પરલોકમાં ક્યાંય મોં દેખાડવા જેવી ન રહી.

બીજી પણ એક સ્પષ્ટતા કરી દઉં મંથરા અંગે... મંથરાએ મારી કાનભંભેરણી કરીને મને બે વચન માંગીને રામને વનવાસ ને ભરતને ગાદી અપાવવા મને પ્રેરી એ વાત પણ તથ્યથી વેગળી છે. મંથરાનો આમાં કોઈ જ દોષ નથી. મંથરાએ તો આર્યાવર્તના આ મહાન કાર્યમાં મને સહકાર આપ્યો છે ને પોતે અપયશ વહોર્યો છે.

પણ, રામ મને બરાબર સમજ્યા હતા. તે તો મને સગી માની જેટલો જ પ્રેમ આપતા હતા. લંકાથી પાછા અયોધ્યા આવ્યા ત્યારે સૌથી પહેલાં કૌશલ્યાને નહીં મને મળવા આવ્યા ને મને વરદાન માંગવા કહ્યું તો મેં વરદાન માંગ્યું કે આવતા ભવે તે મારી કુંખે અવતરે...

પણ, કાશ... તેણે તો મારી પેટે અવતરવાનું આવું વરદાન બીજાને આપી દીધેલું એટલે તે લાચાર હતા. એટલે બીજા અવતારમાં રામ કૃષ્ણ તરીકે દેવકીની કુંખે અવતર્યા ને યશોદા તરીકે લાલન-પાલન કરીને મને વાત્સલ્ય પીરસવાનો લહાવો મળ્યો.

હાશ! હું હળવી થઈ ગઈ મારા મન પરનો બોજ તમારી સૌ સાથે વહેંચીને...

-----------------

આપણે સૌ નિયતિની ચોપાટનાં ચોગઠાં છીએ. તે રમાડે તેમ રમવાનું છે. રામ પણ તેમ રમ્યા, મારે પણ તેમ જ રમવાનું થયું ને તમે સૌ પણ એમ જ રમી રહ્યા છો.

મો. ૯૪૨૮૫૨૨૧૫૮, લોકભારતી

'રામાયણ' એટલે ભારતીય સંસ્કૃતિના મંદિરના ગભારામાંથી પ્રસરતી ધૂપસુગંધ. 'ભારતીય સંસ્કૃતિની સુગંધ આજની નવી પેઢી સુધી પહોંચાડવામાં રામાયણ જેવું મહાકાવ્ય ઘણો ફાળો આપી શકે. આપણા લોકોની એક કુટેવ ભારે હઠીલી છે. આપણને આપણા વૈભવ અને વારસાની હોવી જોઈએ તેટલી કદર નથી અને તેથી પ્રતીતિ પણ નથી. આપણી નવી પેઢી રામાયણ દ્વારા પ્રાપ્ત થતી હૃદયની કેળવણીથી વંચિત ન રહે. હૃદયની કેળવણી એટલે રસ અને ઋતની સમન્વિત કેળવણી. આજે આપણો વિદ્યાર્થી બાલવાડીથી શરૂ કરીને પીએચ.ડી સુધી પહોંચે ત્યાં સુધીમાં ક્યાંય રામાયણ કે મહાભારત જેવાં મહાકાવ્યોનો આછો પરિચય પણ પામતો નથી. એનું શિક્ષણ એવી રીતે પૂરું થાય છે, જાણે એ ભારતીય સંસ્કૃતિનું સંતાન ન હોય. નવી પેઢીનો કાન આમળીને મારે થોડાક મોટા અવાજે કહેવું છેઃ 'હે યુવાનો ! રામાયણ અને મહાભારતનું પઠન કર્યા વગર મરવું એ ખોટનો ધંધો છે.' રામાયણ તો ભારતીય સંસ્કૃતિનો શ્વાસ છે. રામ આર્ય-સંસ્કૃતિના મહામાનવ છે.

રામકથા વાસ્તવમાં માનવજાતની કથા છે. 'રામાયણ' માનવતાનું મહાકાવ્ય છે. રામાયણના રામ સંસ્કૃતિ-પુરુષ છે, પુરાણ-પુરુષ છે અને તેથી સનાતન-પુરુષ છે.'રામાયણ'ના નાના નાના પ્રસંગો પણ કાવ્યતત્ત્વ અને નાટયતત્ત્વથી છલોછલ ભરેલા જણાય છે. એના પાને પાને આપણું જ હૃદયમંથન પ્રગટ થતું હોય એવી લાગણી થાય છે. 'રામાયણ'ને વાંચ્યા કે સાંભળ્યા પછી તેવા ને તેવા જડસુ રહેવાનું સરળ નથી.

તુલસીદાસ સંત હતા અને પરમ રામભક્ત હતા તોય પોતાના અંદર પડેલા તમોગુણને સખણો રાખવા માટે જાગૃત હતા. તેઓ પોતાના તમોગુણ અંગેની વાત ટાળીને થોડોક દંભ કરી શકયા હોત. તેમણે એવું ન કર્યું તેથી જ આપણને એમના નિર્મળ હૃદયમાંથી વહેતું થયેલું રામચરિતમાનસ મળ્યું. દંભી માણસ લોકો પર પ્રભાવ પાડવા માટે જાહેરમાં રામનામ જપી શકે, પરંતુ આટલી મનભાવન રામકથા ન લખી શકે.

- ગુણવંત શાહ

## ૦૭ એકસો દસમાં જન્મદિવસે હેપ્પી બર્થ ડે...

**અર્ચના દવે**

---

૭૧ વર્ષ પૂર્વે આવળિયાટમાં સ્થપાયેલી લોકભારતી સંસ્થા વણથંભી આગળ ધપી રહી છે. શિક્ષણજગત અને સમાજનું સદ્ભાગ્ય છે કે સંસ્થાની સ્થાપના ઋષિવર્ય પૂજ્ય નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી જેવા કર્મઠ, જ્ઞાની,ઓજસ્વી, તેજભર્યા માણસોએ કરી છે. તેમની હાકલ સાંભળી આવેલા કાર્યકરો, વ્યક્તિનિષ્ઠ અને તત્ત્વનિષ્ઠ હતા. માર્ગદર્શક પૂર્વસૂરી દાદાઓની વિદાય પછી પણ સ્થાપના કાળના મૂલ્યોની જાળવણી સાથે સંસ્થા વિકસી રહી છે. રાઈટ ટ્રેક ઉપર ચાલી રહી છે. લોકભારતીની સાયં પ્રાર્થનામાં શક્તિશાળી,સત્ત્વશીલ આત્માઓના વાઈબ્રેશનની અનુભૂતિ થઈ રહી છે. જે એ આત્મસાત્ કરે છે એ જીવનની ધન્યતા અને પ્રસન્નતા પામે છે.

દેશના પ્રથમ પંક્તિના ગોપાલન અને ઘાસચારા ક્ષેત્રના નિષ્ણાંતને ગુજરાત કે.સી. શુકલથી અને શિક્ષણજગત કૃષ્ણલાલ શુકલથી તેમજ લોકભારતી પરિવાર શુકલદાદાથી ઓળખે છે, તે અમારા છ ભાંડરડાંના વત્સલ પિતા થાય અમે તેમને ‘કાકા’ કહેતા. લોકભારતી દાદામંડળના આ એક તેજસ્વી સભ્ય હતા.

ગાય,ગામડું,ગ્રામઉદ્યોગ અને ગાંધીવિચારને જીવનભર સમર્પિત ભાવે જીવી-પચાવી આચરી બતાવનાર અમારા આ વ્હાલા પિતાશ્રીનું બચપણ ભારે કસોટીસભર રહેલું. તારીખ ૧૩/૯/૧૯૧૪માં જન્મેલ પિતા છોટાલાલની અને માતા ભાગીરથીની છત્રછાયા નાનપણમાં જ ગુમાવનાર કૃષ્ણલાલે ચુડા ગામે મોસાળમાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું. નાની સાંકળીમાની વત્સલ નિશ્રામાં ઉછેર થયો. માતાએ સાચવેલ સોનું કૃષ્ણલાલના ભણવામાં કામ લાગ્યું. જ્યારે પિતા તરફથી મળેલ મકાન તો એ સમયે ભીંસ ભરેલી આર્થિક સ્થિતિમાં પણ સર્વોદય વિચારને શ્વસતા કૃષ્ણલાલે ભૂદાન યજ્ઞમાં સમર્પિત કરી આપેલું.

પૂનાની ખ્યાતનામ કૃષિ વિદ્યાલયમાંથી ૧૯૩૬માં કૃષિ અર્થશાસ્ત્ર વિષયમાં બી.એ. થયા. ગોપાલન ક્ષેત્રે સ્વાવલંબન જીવનશૈલીના પ્રયોગો કરવા તેમણે બે વર્ષ ઘેડ વિસ્તારમાં જાતે અનુભવ-અભ્યાસ કર્યો. અને પછીના બે વર્ષ સાબરમતી આશ્રમમાં કૃષિ વિસ્તરણ કેન્દ્રનું સરસ સંચાલન સંભાળ્યું. સાબરમતીમાં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલનો સંપર્ક થયો. સરદારજીએ ગાંધીવિચારથી પ્રભાવિત ગોપાલનને સમર્પિત કૃષ્ણલાલને જબરો પડકાર ફેંક્યો કે, ‘ચાલો આપણે પૂનામાં છે તેવી કૃષિ વિદ્યાલય આણંદ જિલ્લામાં શરૂ કરીએ.’ યુવામિત્રોએ આ પડકાર ઝીલી લીધો અને આણંદના ગોવિદ્યા ભવનમાં જોડાઈ ગયા. વહીવટ અને વ્યવહારુ પુખ્તતાનો સાથીદારોને અનુભવ કરાવનાર કૃષ્ણલાલ હવે બન્યા વિખ્યાત છારોડી ફાર્મના મેનેજર. છારોડી ફાર્મના મેનેજરના ટેબલ પર રાષ્ટ્રધ્વજ, થોડાક પુસ્તકો, સ્વામી રામતીર્થનું સાહિત્ય અને સામેની દિવાલે મહાત્મા ગાંધીજીનો ફોટો રહેતો.

વિવિધ પ્રકારના ઘાસચારા અને દૂધ ઉત્પાદનને લગતા સંશોધનો હાથ ધરનાર કૃષ્ણલાલ ડૉ. કુરિયરની નજરે ચડતા તેમને ડૉ. કુરિયન સાથે પણ કામ કરવાની સોનેરી તક સાપડી. આ બધા સંશોધનોએ તેમને વધારે ગહન અને વ્યાપક અભ્યાસુ બનાવ્યા. બહુ ઓછા પ્રાપ્ત કરી શકે તેવી એમ.એસ.સી.ની અનુસ્નાતકની ડિગ્રી તેમણે રીસર્ચના જોરે મેળવી. તેઓ પશુ સંવર્ધન, ઘાસચારા અને ગાયોમાં ઉતરી આવતા આનુવંશિક ગુણોના ક્ષેત્રે કરેલા મૌલિક સફળ પ્રયોગોથી ગોપાલન ક્ષેત્રમાં દેશના એક નામાંકિત નિષ્ણાંત તરીકે ઉભરી આવ્યા હતા.

ગ્રામદક્ષિણામૂર્તિ -આંબલા લોકશાળામાં મોટા પુત્ર યુગેશને ભણવા મૂકીને પોતાની નઈ તાલીમ શિક્ષણ પ્રત્યેની

શ્રદ્ધા દ્રઢ કરવા ૧૯૫૨ના ઓગસ્ટ માસમાં કૃષ્ણલાલ આંબલા જાય છે. સાબરમતી આશ્રમમાં થયેલા પરિચયને તાજો કરવા કૃષ્ણલાલ નાનાભાઈના દર્શને પહોંચે છે અને નિરાંતનો સત્સંગ જામે છે. નાનાભાઈએ જણાવ્યું કે, 'અમે ટૂંક સમયમાં જ સણોસરા ગામે 'લોકભારતી' નામે એક ઉચ્ચ શિક્ષણ વિદ્યાલય શરૂ કરવા જઈ રહ્યા છીએ તેમાં કૃષિ અને ગોપાલન એ મુખ્ય વિષયો હશે, શું તમે આ મેનેજરનું પદ છોડીને ગામડાંઓના ગોપાલકોને અને અમારા વિદ્યાર્થીઓને ગાયોનું વિજ્ઞાન ભણાવવા આવવાનું વિચારી શકો ખરા ? જો મન થાય તો આવી જજો, આજથી જ આમંત્રણ તમને આપું છું.'

લોકભારતીની સ્થાપના ૧૯૫૩માં થઈ. ગાય,ગામડું,ગ્રામોદ્યોગ અને ગાંધીવિચારમાં રમમાણ કૃષ્ણલાલે નાનાભાઈનું આમંત્રણ હૃદયમાં કોતરાવી રાખેલું હોવાથી સૌની અનુકૂળતા જોઈ-સમજીને ૧૯૫૫માં લોકભારતીનું ઓઢણું ઓઢીને આજીવન લોકભારતીત્વને ઉજાગર કરી જીવન સમર્પિત કર્યું. કૃષ્ણલાલ એટલે લોકભારતી જેના માટે ગૌરવ લઈ શકે તેવા હાડોહાડ વિદ્યાર્થી વત્સલ, અભ્યાસુ અધ્યાપક. લોકભારતીની ગૌશાળાને અને લોકભારતીની પાયાની પ્રવૃત્તિ ગોપાલન અને કોઠાસૂઝ ધરાવતા ગામડાંના અભણ ગોપાલકોને વિશ્વાસમાં લઈને વૈજ્ઞાનિક અભિગમથી સમૃદ્ધ અને સમરસ કરનાર ગાંધીવાદી વિજ્ઞાની.

છારોડી ફાર્મના મેનેજરને સણોસરા ગામમાં ડાક બંગલે દેશી નળિયાના સાદા મકાનમાં રહેવાનું હતું. દરરોજ ત્રણેક વખત ગામમાંથી લોકભારતીની ગૌશાળા સુધીની આવન-જાવન પગે ચાલીને થતી. સંસ્થાએ કૃષ્ણલાલની નિષ્ઠા અને સમય પાલનની નિયમિતતાને સાયકલ આપીને નવાજેલી ! કૃષ્ણલાલનું વિજ્ઞાન અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન એટલા સબળ હતા કે સંસ્થા મુલાકાતે આવતા પરપ્રાંતના અને વિદેશી મહેમાનોને સાચવવાનો હવાલો તેમના ભાગે રહેતો. આમ ગોપાલન નિષ્ણાંત હવે સંસ્થા મૂલ્યો, સાહિત્ય, શિક્ષણ અને ગ્રામોત્થાન ક્ષેત્રે પણ નિષ્ણાંત થવા લાગ્યા. પોતાની નિષ્ઠાપૂર્વકની કામગીરીથી એક આગવું સ્થાન ઊભું કરી શક્યા. જીવનમાં અને વહીવટમાં રહેલી પારદર્શક સચ્ચાઈ, વફાદારી અને કર્મઠતાએ તેમના જીવનને પ્રસન્નતા તો બક્ષી, સાથે એક ભરોસાપાત્ર ઉમદા માણસ તરીકે સમાજમાં પ્રસ્થાપિત કર્યા. આ બધા વચ્ચે તેમનો પ્રધાન ધર્મ, જીવનરસ, અભ્યાસની પ્રાથમિકતા, સેવાની પસંદગી વગેરેમાં તો 'ગાય' જ કેન્દ્રમાં રહી હતી. તેમની અને સાથીદારોની વૈજ્ઞાનિક સાચવણથી તે સમયે લોકભારતીની 'સેવિકા' નામની ગાય સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ આવેલી.

અનેક સંસ્થાઓ, સરકારી યોજનાઓ, ખાનગી અને ધાર્મિક ગૌશાળાઓમાં તેમના માર્ગદર્શને ગોપાલન ક્ષેત્રને સમૃદ્ધ કર્યું. વિજ્ઞાનના તજજ્ઞ અભ્યાસુ હોવા છતાં તેમની ગાંધીવિચારની અને ઈશ્વર પ્રત્યેની અખૂટ ભક્તિ- શ્રદ્ધાએ કાયમ માનવીય અભિગમ ધરાવતા પ્રાકૃતિક-ઈકોફ્રેન્ડલી અભિગમથી તેમને વિચલિત થવા દીધા નહીં. એમ.એસ.સી. બાય રિસર્ચ થયેલ વિજ્ઞાની ખાદીની ધોતી, કફની, ટોપી પહેરી રેંટિયો કાંતતા કાંતતા ઓલાદ સુધારણાના અતિ અટપટા વિજ્ઞાનની સમજ આપતા હોય એ દ્રશ્ય જોનારને રોમાંચિત કરી મૂકનારું રહેતું.

કૃષ્ણલાલ શુક્લ હવે લોકભારતીમાં શુક્લદાદા બની ચૂક્યા હતા. તેમના તડફડ સ્વભાવથી અને ખુદ મનુભાઈ પંચોળીને પણ પોતાના સ્પષ્ટ મૌલિક વિચારો નિસંકોચ જણાવતા હોવાથી તેમની છાપ કડક સ્વભાવની રહી હતી. વિદ્યાર્થીઓ પાસે પણ શિસ્તનો આગ્રહ ક્યારેક વિદ્યાર્થીઓને પસંદ ન પડતો છતાં તેમની સચ્ચાઈ અને વિદ્યાર્થી વત્સલતા સૌને સંવાદ દ્વારા સાચવી લેતી. કોઈપણના ફ્રી વર્ગો પોતે સામેથી જઈને લેતા. નિયમિત ગુણવત્તાસભર શૈક્ષણિક કાર્ય કરવું, વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સાથે ભળવું. પ્રાર્થનામાં નિયમિત જવું અને બાકીનો તમામ સમય ગ્રંથાલયમાં ગાળવો એ તેમનો રોજિંદો ક્રમ રહેતો હતો. તેમનો વાંચન શોખ એક જબરું વ્યસન બની ચૂકેલું. તેમને પુસ્તકો, સામયિકો અને દૈનિકોમાં પણ જરૂરી ધ્યાનાકર્ષક લીટીઓ નીચે અંડર

લાઈન કરવાની કુટેવે અનેક વખત ગ્રંથપાલનો અને નિયામકનો મૌખિક અને લેખિત ઠપકો અપાવેલો!!

એક વખત ગુજરાત રાજ્યના જંગલ ખાતાના જાણીતા સંશોધક, અભ્યાસુ - તજજ્ઞ ડૉ. ત્યાગી સાહેબ(APCCF) સંસ્થામાં આવ્યા અને પોતાના વિષયના પુસ્તકો શોધવા ગ્રંથાલય પહોંચી ગયા. સવારથી સાંજ પુસ્તકો ફેંદતા રહ્યા. સાંજે મોડેથી એમણે પ્રશ્ન કર્યો કે આ અપ્રાપ્ય એવા મૂલ્યવાન પુસ્તકો અહીં જોઈને ભારે રોમાંચિત થયો છું, પણ આ પુસ્તકોમાં લીટીઓ કોણે તાણી છે? તેઓને મળવું છે ! અંતે શુક્લદાદાનો ભેટો થતાં તેઓ તો પગે પડી ગયા અને વારંવાર શુક્લદાદાના જ્ઞાનનો લાભ લેતા રહ્યા. એક દિવસ તો સવારથી સાંજ ડુંગરોમાં રખડપટ્ટી કરીને ઘાસના વૈવિધ્યનો જે પ્રત્યક્ષ ઓળખ-અનુભવ કર્યો તેણે તો શુકલદાદાને ઘાસચારા-વિજ્ઞાનના અજોડ જ્ઞાતા તરીકે ગુજરાતમાં ઓળખાવ્યા.

તેમના વર્ગો ગૌશાળાએ, ગ્રંથાલયમાં કે આંબાના ઝાડ નીચે જ ચાલતા. 'શુકલઆંબા'થી ઓળખાતા આંબાના ક્યારામાં એક દિવસ ચાલુ વર્ગે જોયું કે સૌને ગરમી થાય છે. એક-બે વિદ્યાર્થી પહેરણ કાઢી નાખવા ઈચ્છે છે પણ શરમાય છે. શુકલદાદાએ તરત પોતાની કફની કાઢીને ડાળીએ ટાંગી ભણાવવાનું શરૂ રાખ્યું. વર્ગમાં હાસ્ય... છોકરાઓએ પણ પહેરણ કાઢ્યા. ગુરુ-શિષ્યો ઉઘાડે ડીલે કેળવણી પામ્યા. ગરમી છૂમંતર,ભીતર ટાઢક પ્રસરી. વર્ગ પૂરો થયો..આનંદિત છાત્રોની આંખોમાં ભેજ હતો.એ સમયે ફોટો લઈ શકાયો હોત તો એ દ્રશ્ય કેળવણીની યાદગાર ફોટોગ્રાફી તરીકે પ્રખ્યાતી પામત!!

સર્વોદય, લોકશાહી અને સ્વસ્થ સમાજ સંદર્ભે સંપૂર્ણપણે ગાંધી, વિનોબા, જયપ્રકાશ વગેરેમાં શ્રદ્ધા ધરાવતા કૃષ્ણલાલ પોતાનો નાગરિક ધર્મ નિષ્ઠાપૂર્વક બજાવતા. ચૂંટણી સમયે સંસ્થાના નિયમ પ્રમાણે કપાત પગારની રજા મંજૂર કરાવી ઘરેથી ભાખરી, સિંગ, રેવડી, સુખડી વગેરેનું ભાતું બાંધી અમુલખભાઈ કે લલ્લુભાઈ શેઠ કે જયાબહેન જેવાના પ્રચારમાં પોતાની મેળે સ્વતંત્ર આયોજનથી યજ્ઞાર્થે પ્રચાર કરવા જતા.

દેશની અને ગુજરાતની પાંજરાપોળો અને ગૌશાળાઓની વિવિધ સમિતિઓના સલાહકાર સભ્ય તરીકે તેમને બહાર જવાનું પણ રહેતું. અનેક શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓની ગૌશાળામાં તેમણે ખેંચાઈને પણ સેવાભાવથી માર્ગદર્શન આપ્યા કર્યું હતું. આ બધી વ્યસ્તતા વચ્ચે પણ તેમણે પોતાનો પ્રવાસ શોખ અખંડ રાખેલો. લોકભારતીના વિદ્યાર્થીઓને પ્રવાસ કરાવવામાં કાયમ તેવો મોખરે રહેતા. ત્રણ વખત તો કાશ્મીર લઈ ગયેલા. પોતે પશુચિકિત્સક તો હતા જ પણ મૌલિક-અનુભવથી માણસના પણ ડોક્ટર બનેલા. અનેક વિદ્યાર્થીઓ, પરિવારજનો તેમની પાસેથી દવા, સલાહ-સારવાર નિઃસંકોચ સ્નેહભાવથી લઈ જતા. આસપાસના ગામડાંઓમાં ક્યાંય પણ કોઈ પશુ માંદુ પડે તો અડધી રાત્રે પણ શુક્લદાદા કાછડી વાળીને સાયકલ મારી મૂકે. છેલ્લે તેઓ સાયકલ પાછળ બેસીને પણ જતા ખરા. ૧૯૮૧માં મે મહિનામાં નાનીબહેન તરુનો લગ્નમંડપ તૈયાર છે, ગોરમહારાજે શુકલદાદાને બોલાવવાની બૂમ પાડી. દાદા મળ્યા નહીં. સૌના આશ્ચર્ય અને ચિંતા સાથે ઘણી શોધખોળ કરવા છતાં શુકલદાદાનો પત્તો લાગ્યો નહીં. સૌની ધીરજની કસોટી કરતાં ધીરજપતિ એક ખેડૂતની સાયકલની પાછળ બેસીને આવતા દેખાયા. સૌ તેમની પર અકળાઈને અણગમો પ્રગટ કરે એ પહેલા તેમણે જણાવ્યું કે ચાલો, ચાલો, જલ્દી વિધિ શરૂ કરો. ગોરમહારાજે ચાંદલો કરવા તૈયારી કરી ત્યાં દાદાના ધોતી-કફની ઉપર લોહીનાં છાંટણા જોયા. કોઈ કાંઈ બોલે તે પહેલા દાદાએ જણાવ્યું કે "એક ગાયને આડું આવેલું એટલે જવું પડ્યું. ઈશ્વર કૃપાએ ગાય અને વાછરું બંને બચી ગયા છે. શૂકન તો મારી ગાયમાતાએ કરી લીધા છે હવે તમે આગળ ચલાવો." દાદાને મનમાં શંકા હતી કે રખેને આ લોકો આજે જવા ન દે તો? માટે છાનામાના પાછલા બારણેથી નીકળી ગયા. અમારા તરુબહેન દીપકભાઈ અવરાણીના આજ સુધીના જીવનમાં હજુ સુધી કોઈ ક્યારેય આડું આવ્યું નથી.

લોકભારતીના સારસ્વત ભવનમાં પ્રાર્થના સહિતના

તમામ કાર્યક્રમોમાં અચૂક હાજર રહી ઉત્તમ શ્રોતા રહેલા શુકલદાદાએ ક્યારેય જાહેરમાં ભાષણ કર્યાનું યાદ નથી. તેઓ સંવાદના જ માણસ રહ્યા આકાશવાણીએ તેમના અનેક વાર્તાલાપો પ્રસારિત કર્યા છે. લેખનમાં છૂટક લખેલા લેખો સિવાય કશું ખાસ નહીં પણ સૌના અતિ આગ્રહથી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા તેમનું પ્રકાશિત પુસ્તક 'વ્યવહારુ ગોપાલન'એક હજારા જેવું અનેક આવૃત્તિઓ દ્વારા પ્રચાર પામ્યું. 'ગાય અને ગોપાલક', 'ગાય ભેંસ કરતા ચડિયાતી', 'સૌરાષ્ટ્રની ગીર ગાય' અને 'ચારા ખેતી' જેવી તેમની પુસ્તિકાઓ પણ સારી પ્રસિદ્ધિ પામેલી.

મારે જયારે જયારે લોકભારતી સંસ્થા પ્રદર્શનમાં જવાનું થાય ત્યારે મારા પગ સહેજે મને દોરી જાય છે બે છબી પાસે કે જેમાં મારા પિતાશ્રી ડૉ.રાજેન્દ્ર બાબુ દેશના રાષ્ટ્રપતિને સંસ્થા પરિચય કરાવે છે તેવો લાક્ષણિક ફોટો છે. બીજા ફોટામાં ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિથી વાકેફ કરતા કાકા નજરે પડે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે સંસ્થા નોળવેલ સૂંઘવા આવે છે ત્યારે જૂના કાર્યકરોનું સ્મરણ - તપાસ કરતાં મને શોધી કાઢી 'શુકલદાદાનો વિદ્યાર્થી છું' તેમ કહી જ્યારે જે ભાવ વ્યક્ત કરે છે તે અમારામાં ઊર્જા ભરી દે છે. મારા પિતાશ્રીના અત્યંત આગ્રહી અને કાર્યનિષ્ઠ નિયમપાલન દિનચર્યાને સંપૂર્ણ સમર્પિત ભાવથી સહયોગ આપનાર મારા બા તેમના નામ 'ધીરજ' પ્રમાણેના ગુણો સાથે જીવી ગયા.

પિતાજીની જેમ મારી બાને પણ વાંચનનો ગજબ શોખ હતો ભાગ્યે જ લોકભારતીના કાર્યકરોની પત્નીઓએ મારા બા જેટલી ચોપડીઓ લાઇબ્રેરીમાંથી ઇસ્યુ કરાવી હશે. એક સાંજે એક વયો વૃદ્ધ ભૂતપૂર્વ વિદ્યાર્થી મને શોધતા ઘરે પહોંચ્યા, પરિચય આપ્યો જણાવ્યું કે, 'અરુણને મળી લીધું છે તને ખાસ મળવા આવ્યો છું. મને હમણાં હાર્ટ એટેક આવી ગયો. નેવું થવા આવ્યા પણ બચી ગયો છું. જિંદગીનો હિસાબ માંડવા બેઠો છું. હું અહીં લોકભારતીમાં ગરીબ અને અશક્ત માદલો વિદ્યાર્થી હતો. એક દિવસ કોઠારના ખૂણે રડતો હતો ત્યારે ધીરજબા જોઈ ગયા. મને વહાલ કરી ઘરે લઈ ગયા અને ભૂખ લાગેલી એટલે નાસ્તો કરાવ્યો, આર્થિક મદદ કરી. પછી તો હું ભાગનો હેવાયો થઈ ગયેલો. બીજા હતા અહીંના વિઠ્ઠલભાઈ કોઠારી આ બંનેની હૂંફથી હું ટકી ગયો. આજે ખૂબ જ સુખી છું. આ ૧૧ હજાર રૂપિયા તારે રાખવાના જ છે કાંઈ બોલે તો મારા સમ.'

હું તો સાવ સ્તબ્ધ જ ! નિઃશબ્દ બની ગઈ, શું કરવું? પછી તો અગિયાર હજાર ગૌશાળામાં આપ્યા. તેમના જેવા કેટલાય વિદ્યાર્થીઓના મળેલા આશીર્વાદથી આજે અમારો બૃહદ શુક્લ પરિવાર દેશ-વિદેશમાં પ્રસન્નતાથી જીવી રહ્યો છે.

નિયમિત બેત્રાંકના અંબર ઉપર કાંતવાનું જીવ્યા ત્યાં સુધી ચાલુ રાખનાર શુકલદાદા ઘરમાં પણ ચાદર, ઓછાડ, ટુવાલ, પડદા વગેરે સઘળું ખાદીનું જ વાપરતા એટલું જ નહીં નાહવા-ધોવાના સાબુ પણ ગ્રામોદ્યોગના જ વાપરતા.

અમને બાળકોને રહેવા, જીવવાની અને ભણવાની સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષવા ઉપરાંત અમને દરેકને પોતાના અભ્યાસમાં પણ પોતે રસ લઈને અને જરૂર પડે તૈયાર થઈને પણ ભણાવવા તત્પર રહેતા. અમારા ત્રણે ભાઈઓ અને ત્રણે બહેનોના પ્રથમ અને સ્થાયી ગુરુ તો પિતાજી જ રહ્યા.

રિટાયર્ડ થયા ત્યારે ચારે બાજુથી માંગણી આવી પણ ટાટાવાડી ફણસા ખાતે થોડો સમય રહ્યા. ૧૯૭૯માં મા લોકભારતીની પુનઃહાકલ થતા ફરી પૂજ્ય બૂચદાદાના પાડોશી બન્યા અને પૂરા બાર વર્ષનું નિવૃત્તિ જીવન પૂરા પ્રવૃત્ત રહીને મા લોકભારતીને ચરણે ધર્યું. લોકભારતીને તેમણે આજીવન શ્વસી છે. ઘસાઈ ને ઊજળા થવાનો તેમનો જીવનમંત્ર અમારા માટે તેમના તરફથી મળેલો સંસ્કાર વારસો છે. જીવનના અંતિમ દિવસોમાં નાના દીકરા તુષારભાઈને ત્યાં ગમતી પ્રવૃત્તિઓ કરતાં કરતાં તા. ૦૧-૦૬-૨૦૦૧ના રોજ વિદાય લીધી.

'જીવન અંજલી થાજો' જેનું પ્રિય ભજન હતું તેવા અમારા પૂજ્ય પિતાશ્રી આજે આટલા વર્ષે પણ અમારા પ્રિય મિત્ર, સલાહકાર અને ગુરુ સ્થાને હરપળ અમારી સાથે જ છે. તેઓનું સ્મરણ અમારા માટે પાવનકારી ભજન બની રહે છે.

## ૦૮ લોકભારતીમાં સાંજ

**ડો. દિનુ ચુડાસમા**

---

પરોઢ એટલે દિવ્યત્તમ-ઊર્જામય પ્રકૃતિનો ઉઘાડ અને સાંજ એટલે તેજોમય દિવસનું શાતામય આથમવું.સૃષ્ટિના સજીવોને નિરાંતની નિદ્રા આપવા સાંજ રાતનું શુકનવંતુ સ્વાગત કરે છે. સવાર અને સાંજ ચૈતન્યના આ બે પરિમાણ જીવન અને મૃત્યુની સંવેદના આત્મસાત્ કરાવી જાય છે. માણસની જિંદગીને સૌંદર્યમય સૃષ્ટિનો સંસ્પર્શ આપી જાય છે. કવિ વેણીભાઈ પુરોહિતે એક કવિતામાં કહ્યું છે કે : **'સાંજ તો સમજું અને શોખીનોની છે.'** અને આવી સંવેદનમઢી સાંજ લોકભારતીમાં રોજ ઊતરે છે. જો તમે અનુરાગી હો તો તમને તમારા કલ્યાણ મિત્રનું સ્મરણ તીવ્રતાથી થઈ આવે. વેણીભાઈની જ કવિતાનું મુખડું બોલે છેઃ

**સમી સાંજના સમીયાણામાં ધીમો ધીમો ધૂપ જલે છે,**
**વહાલા જેને જાય વછોડી એનું હૈયું ગૂપચૂપ જલે છે.**

સાંજ તો કુદરત દીધી ઉદાત્ત ભેટ છે. વહેલી સવારે-પરોઢના રંગો...બપોરનો કોકરવર્ણો તડકો પીઈને નૂતન રૂપ લઈને,સાંજ હાથમાં રંગદાની અને પીંછી લઈને અભિવ્યકત થાય છે. પરમાત્માના આ ' રંગારા' રૂપને જોવાની સમજણ ઊગી જાય તો,ભીતર મોજનો દરિયો ઊમટે હો. કવિ ઊમાશંકર જોશીએ આવી આધ્યાત્મિક સાંજે શું જોયું? કહું તમને,

**એક વાર મેં ઈશ્વરને પકડયો તો,**
**એ સંધ્યાના રંગોથી વૃક્ષના થડ રંગતો'તો.**

કવિહૃદય જે અનુભૂતિ કરે તે આપણે પણ સેવી શકીએ છીએ. સાંજ તો પ્રત્યેક જીવ માટે આવતી રહે છે. તમને દેખાડું આપણી લોકભારતીની જીવતરને ઉત્સવસભર કરી આપે એવી સાંજની ઝલક. સાવ ધીમા શ્વાસે, સમગ્રતાથી આ સાંજને સેવો, અસ્તિત્વથી એકરૂપ થઈ જાઓ તો શું અનુભૂતિ થાય તે જરા અહીં શબ્દમાં સંવેદનાપૂર્વક પ્રોવી આપું છું.

સમગ્રતાથી જીવનને સમજતા,માણતા,શાંતિ અને સત્યને સેવતા સંવેદનશીલ લોકો માટે અહીંની સાંજ જાગરણ આપનારી છે. જો તમે કુદરતરાગી પ્રકૃતિ ધરાવો તો આ સાંજ ભીતરના સંતાપને દૂર કરી પ્રસન્નતાથી સભર કરી દે. આધ્યાત્મિક પાત્રતા હોય એમને ધ્યાનસ્થ કરી આપે. શૂન્યતા તરફ દોરી જાય. ભીતરનો દીવો પ્રગટાવી,અમૃતનો સ્વાદ ચખાડે છે, લોકભારતીની સાંજ.

ચાલો, મારી સાથે શુભ સાંજ સંગાથ ટહેલીએ. લોકભારતીની મુખ્ય ઝાપલીથી અંદરનો રાજપથ જેવો રોડ,એની કિનારે શોભતા વૃક્ષોના પર્ણો ઉપર ઢળતા સૂર્યના અંતિમ કિરણો જે રંગ વેરે તે જોતા જ રહીએ ! કુદરતની રંગદાની કેવો રંગ લસરકો મારે તે આંખમાં આંજતા અંતરમાં પતંગિયા ઉડે. રીલના જમાનામાં રીયલ કુદરતી રંગો આપણામાં સૂતેલી કુદરતને સંવેદનાનો સ્પર્શ આપી દે. ધીમે ધીમે પરિસરમાં ચાલતા સાંજના રંગો ભીતર ઊતરી આવે...ગેરુઓ રંગ આંતરને અલખનો સંસ્પર્શ કરી આપે. સાંજ ઘરભણી જતા સૃષ્ટિના જીવોને આત્મઘરમાં પરત ફરવાનું ઇજન આપે. આગળ કદમ રાખો ત્યાં રસ્તાની સમીપ ઘઉંના ખેતરોમાં લીલપ સંગાથ ગેરુઓ રંગ ભળતો જણાય ત્યારે સમજાય કે પ્રત્યેક ઘઉં છોડ ખેતરમાં સાધુ બની ત્રણ મહિનાના અનુષ્ઠાનમાં અડિંગો જમાવેલ છે. પળ પાકતા મોતી પાકે એમ લોકભારતીના લોકવન ઘઉં સાધનાનું સુફળ છે.

આગળ ચાલતા અધ્યાપક આવાસ તરફ દષ્ટિ પડે ત્યાં, લોકભારતીની ધરા ઉપર આદિમ સમયમથી રહેતા મોર ટહેલતા નજરે ચડે,મોરના પ્રલંબ ટહુકાનો ધ્વનિ કાનને

સભર કરી દે. સમીપ ઉડતા પક્ષીઓના કલરવ મુખવાસ જેવા લાગે. અહીંની સાંજને તમે જીભથી આસ્વાદી શકો એવી મધુર સ્વાદિષ્ટ ! હાથથી અડી-સ્પર્શી પંપાળી શકો એવી બાળકમય !! પંચેન્દ્રિયોથી આત્મસાત્ થઈ જાય તો ઝાલરટાણું તમે જીવી શકો. ઊભા હોય ત્યાં જ અલખધણીનું અનુષ્ઠાન સર્જાય. અધ્યાત્મ એટલે અલખના રૂપોને,રંગોને,નાદને સાંગોપાંગ આત્મસાત્ કરવાની સાધના-જીવનશૈલી.

ચાલતા ચાલતા ધ્યાનમંત્ર ચોકમાં પહોંચતા બે ઘડી ત્યાં મૂકેલી પાટલીઓ ઉપર બેસવાનું મન થઈ આવે. ત્યાંથી મુખ્ય પ્રવેશ દ્વાર તરફના મારગ પર પાછા જુઓ તો મારગમાં ઊતરતી સાંજ તમે જોઈ શકો.એ જાણે મા ધરતીની ગોદમાં પોઢી જવા તૈયારી કરતી જણાય. એ દ્રશ્ય માણી, પ્રમાણી શકીએ તો પછી અજંપો મટે,તાણ દૂર થાય આપણે પણ ધરતી પર ઊતરી આવીએ.

ધ્યાનમંત્ર ચોકમાં ઊભા રહી સારસ્વત ભવન ઉપરનું આકાશ આંખે જુઓ તો સ્વસ્થ,શાંત, નિરભ્ર,પવિત્ર કળાય. ઉનાળો,શિયાળો અને ચોમાસામાં સાંજનું આકાશ,અવકાશ સાવ અલગ અલગ દિશે. ઉનાળાની ગરમ-હૂફાળી સાજનું આકાશ વાળેલા આંગણા જેવું જણાય. શિયાળામાં શીતળ ઠંડી ઓઢીને આવતું નભ આપણી સામું જોઈ રહે, કહે આવી જા, મારા આશ્લેષમાં હૂફ આપું. ચોમાસાનું ઝરમર વરસાદી આકાશ સાંજને રમણીયતાથી ભીંજવી જ દે..જીવતરનો સુકારો મટી જાય. હોવાપણું જીવાય.

આંખમાં સાંજ માંજેલી હોયને ધ્યાનમંત્ર ચોકથી મહેમાન ઘર અને વિજ્ઞાનભવન તરફ નજર ફેરવો તો બંને મારગ ઉપર પાંચીકાં રમતી સાંજ આપણને આવકારતી અનુભવાય..આમંત્રણ આપે, ચાલ રમીએ. વિજ્ઞાનભવન તરફથી ગૌશાળાના પથ ઉપર ચાલતા સાંજને ધીમે ધીમે પીતાં જાઓ તો સાંજ નશીલી અનુભૂતિ આપે. આ ઘેન ભીતર દીવો પ્રગટાવી આપે હો !! શૂન્યકુંભ સર્જાય. આગળ વધતાં લોકનર્સરીમાં ઊગેલી શાકભાજીમાં સાંજ ટહેલતી ભાળો. અધ્યાપનમંદિરના ચોકમાં સાંજ રાસ-ગરબા લેતી સંમુખ થાય, આપણે પણ એવું થાય કે આ ચાચર ચોકમાં દિવ્ય સાંજ સાથે - જોડાજોડ એક ફેરો લઈ લઈએ તો અંદર પડેલું નૃત્ય જાગી જાય. લોહીની નસોમાં વહેતો લય ઉજાગર થઈ જાય. આગળ ચાલો ત્યાં લોકભારતીના સ્થાપક,આધ્યાત્મિકપુરુષ નાનાભાઈ ભટ્ટનો આવાસ- 'ઋષિકુંજ'ના ઓટલે સાંજ નાનાભાઈ સાથે ગોષ્ઠિ કરતી દેખાય. સાંજ કહેઃ 'નાનાભાઈ, હું તમને અને મા ભારતીને મળવા રોજ અહીં આવું છું !'

બે-ચાર પગલાં પછી જ 'દર્શક' નિવાસના હિંચકે સાંજ મનુભાઈ પંચોળી સાથે નવલકથાના રસને પીતી કળાય. બેય ઠહાકા લે..ય...વિસ્મય વરસે એવું ભળાય...આંખમાં સેંજળ ભરાય. બળદ છપ્પરના રસ્તે,ખેતીવાડી વિભાગથી આગળ ચીકુવાડી તરફ ચાલતા આંખમાં બોરના ખેતરોમાં સાંજ સંતાકુકડી રમતી દેખાય. શિયાળામાં લચી પડતાં બોરતરુમાં આવેલ પ્રત્યેક બોરમાં સાંજનો સ્વાદ અનુભવાય. બોરના ઢગલાં પાસે ગ્રામ્યમાતા દેખાય ! અહીં કર-વેરાનો વિચાર કરતો રાજા નથી. ચીકુવાડીમાં આવી ગયા ત્યાં સાંજના રંગો બદલાય,ગેરુઓ રંગ શ્યામલ થતો ભળાય. ચીકુવાડીમાં ટહેલતા મોર-પક્ષીઓ સાંજને ચણતાં હોય તેમ લાગે. મને પણ થાય કે હું પણ સાંજને ચણું-ખાઉં-પીઉં-પાથરું-ઓઢું-ઊંઘું-જાગી જાઉં !!

બાજુમાં જ આંબાવાડીનો વિસ્તાર એમાં પ્રત્યેક આંબાડાળે પક્ષીઓના ઉત્સવભર્યા કલરવમાં સાંજ આમ્ર-મહોત્સવ ઉજવતી દેખાય. સમીપ રહેલી જામફળ અને સિતાફળની વાડીમાંની સાંજ આ બધું નિરખતી હોય એમ ભાસ થાય. સાંજને આખી જોવા આંખ ઊંચી કરો ત્યાં સામે જ રાજેન્દ્ર હિલ નજરે ચડે. સાંજ ત્યાં-ડુંગર ઉપર મળવા બોલાવતી-ઈજન આપતી--હાથ ઊંચો કરી, સાદ પાડતી હોય તેમ અનુભૂતિ થઈ આવે. રાજેન્દ્ર હિલ ઉપર જઈને આસન જમાવો..ચોતરફ દષ્ટિ કરો...ઉપર આકાશને નિરખો...સામે ક્ષિતિજ જુઓ એ બધામાં સાંજ જાણે કે આકાશ ઓઢીને રાત્રિની ગોદમાં પોઢી જવાની તૈયારીમાં

હોય. કાન સરવા કરો તો લોકભારતીના સારસ્વત ભવનમાં સાયં-પ્રાર્થનાના સ્વર સંભળાય. ઝાલરટાણું-ઋજુવેળા આવી ગઈ...મને લાગે છે કે આ સાયં-પ્રાર્થના સાંજ માટેનું હાલરડું છે. હે, કુદરતના અલૌકિક અંગ તમે હવે નિરાતે પોઢો. હરેક સાંજ માણસને પોતાના ઘરભણી વાળે ત્યારે એની પણ આનંદયાત્રા આરંભ થતી હોય છે.

સાંજ આપણને જીવનસંધ્યાનું તત્ત્વજ્ઞાન પીરસતી જાય છે. કુદરતમાં તો કરોડો વર્ષોથી સાંજ આથમે અને ઊગે પરંતુ માણસના જીવનમાં આવતી-ઢળતી સાંજ એના જીવનનો સૂર્યોદય કરી જાય એમ છે. જીવનને સફળ કરવું જોઈએ પણ ફરજિયાતપણે જીવનને સાર્થક કરવા તો કુદરતના નયનરમ્ય રૂપોને એના ઐશ્વર્યને માણવું જ પડે ! સવાર જીવનનું વરદાન અને સાંજ જીવનની સોગાદ છે.કુદરતના બહુપરિમાણીય રૂપને માણવાથી મહામૂલું સુખ મળે છે.

મા લોકભારતીને પાયલાગણ
૨૧/૭/૨૪
કવિ ઉમાશંકર જોશી જન્મજયંતી
ગુરુપૂર્ણિમા
મો.-૯૯૬૨૭૮૭૫૮૭

હે સમાજ, સાધુને સાધન ન બનાવો. સાધુ સમાજનું સાધ્ય છે. સાધુની વિનમ્રતાનો ખોટો અર્થ ન કરવો. ફકીરને સાધન ન બનાવાય. ફકીર તો આપણું લક્ષ્ય હોવું જોઈએ. સાધુને જે દિવસે સાધન બનાવવામાં આવે તે દિવસે સંસ્કૃતિ પોક મૂકે છે. સાધુપુરુષ પ્રત્યે આપણે કેમ ખેંચાતા જઈએ છીએ અને વિશ્વમાં બુદ્ધપુરુષોનો આટલો બધો મહિમા કેમ છે ? એના કારણ હોઈ શકે, પરંતુ એનું કેન્દ્રવર્તી કારણ છે એમની પરહિતની વૃત્તિ.

જે માણસ સાધુ થઈ જાય, જેનું અંતઃકરણ પરનિંદા,પરધન, પરવાદથી મુકત થઈ, વિશુદ્ધ થઈ જાય,એને શાસ્ત્રમાં પણ પ્રમાણ ખોજવાની જરૂર નહીં એના અંતઃકરણમાં અવાજ ઊઠે એ જ પ્રમાણ છે. સાધુ કોઈ વ્યકિતનો અનાદર સહી લે છે,ત્યારે એ પરમાત્મા તરફ ગતિ કરે છે.સાધુનો કોઈ ધર્મ નથી હોતો,સાધુ સ્વયં ધર્મ છે. સાધુનું કામ નિષ્કામ હોય. કારણ વિના વહેવું એનું નામ સાધુ. સાધુને હર્ષ નથી હોતો, સાધુ આનંદમાં જ હોય છે.ઉત્સવ હી ઉત્સવ.

---

‘રામાયણ’ની કથા

‘રામાયણ’ની કથા એ આંખો ભીની રાખવાનો સામૂહિક ઉપાય છે. પાડોશી પાડોશી માટે રડે.એક પ્રદેશનો માણસ બીજા પ્રદેશના માણસ માટે રડે. જેણે નયનમાં નીર રાખ્યું છે, તેને પીર થતાં વાર નથી લાગતી. સૌથી શ્રેષ્ઠ રામકાર્ય એ છે જે પતિત છે એને પ્રેમ કરો, એમને ઉપર ઉઠાવો, જે દીનહીન છે એને ઉપર ઉઠાવો. બીજું રામકાર્ય એ છે કે સમાજમાં સેતુ બનાવો, એકબીજાને જોડો.

‘રામાયણ’ને હું જોઉં, ‘રામાયણ’નું દર્શન કરું તો મને એમ લાગે કે એમાં સાહિત્ય પણ છે,એમાં સાંસ્કૃતિક ભૂમિકાઓ પણ છે અને આધ્યાત્મિક તો છે જ. ઈન્ડોનેશિયા,થાઇલેન્ડ આ બધા દેશોએ એનું સાહિત્યિક રૂપ પકડયું. કોઈકે એનું સાંસ્કૃતિક રૂપ પકડયું અને ભારતે એનું આધ્યાત્મિક રૂપ પકડયું માટે કપટરહિત થઈને રામકથા સાંભળો તો તમે નવ દિવસ ગંગામાં સ્નાન કર્યુ કહેવાશે.રામકથા નિસરણી છે, ગોસ્વામીજીએ સાત સોપાન એટલે કે નિસરણીની વાત કરી છે. નિસરણી બે કામ કરે છે એમાં આપણે ઉપર ચડી શકીએ છીએ. બધા મહાપુરુષ નીચે ઉતારે.

- મોરારિબાપુ

## ૦૯ ગુરુજીનો મહિમા

**ભદ્રાયુ વછરાજાની**

---

ભગવાન શ્રીકૃષ્ણના કહ્યા પ્રમાણે આપણે માનીએ તો, આપણા ગુરુઓ ત્રણ પ્રકારના બની શકે. મને ખબર છે કે મારાથી શું ખવાય, શું ખાવાથી શું થાય, ન ખાવાથી તો શું થાય, કેટલું ચાલવું જોઈએ, કેટલું સૂવું જોઈએ ?? મારા શરીરની પૂરેપૂરી ઓળખ કેવળ મને છે એટલે મારું શરીર મારું ગુરુ છે. મારું કુટુંબના માતા પિતા, મિત્રો કે સંબંધીઓમાંથી કોઈ નાદુરસ્ત થશે તો મને અસર થશે અથવા તો હું નાદુરસ્ત હોઈશ તો આ બધા મારી કાળજી લેશે એટલે આ કુટુંબ પ્રત્યે મારે મારો સદ્‌ભાવ જાળવી રાખવો જોઈએ. સદા એના માટે મારે મિત્રતાના ભાવથી તત્પર થવું જોઈએ. મારે મારી ફરજ વડીલો પ્રત્યે અદા કરવી જોઈએ, એ મારું કુટુંબ મારો ગુરુ છે. અને અસ્તિત્વની અંદર જે પંચ મહાભૂત છે એ ના હોય તો આપણે જીવી શકીએ ખરા ?? વિચાર કરો કે કાલ સવારથી ચાર પાંચ છ દિવસ સુધી સૂર્યદેવ દર્શન ના આપે તો આપણી શી હાલત થાય ? ધરતી પર અતિશય પાણી વરસવા લાગે અને અનરાધાર વરસાદ મહિનાઓ સુધી ચાલતો રહે તો આપણી શી સ્થિતિ થાય ? એ જ રીતે પવન થંભી જાય તો આપણે શ્વાસ કેવી રીતે લઈએ ? વૃક્ષો છે એ ઓક્સિજન બહાર કાઢવાનું ભૂલી જાય તો આપણે જીવતા કેમ રહી શકીએ ? અસ્તિત્વના આ બધા ઘટકો સુપેરે કામ કરે છે એટલે આપણું જીવન ટકેલું છે, આમ અસ્તિત્વ આપણું સર્વોચ્ચ ગુરુ છે એવું આપણે માનવું જ પડે.

અનેક મહાપુરુષો ગુરુના જુદા જુદા પ્રકારો અને ગુરુ મહિમાને પ્રગટ કરવાની અનેક રીતો આપણી સમક્ષ રજુ કરતા હોય છે. પણ આપણે નાના માણસો છીએ એટલે બહુ ઊંડાણમાં જઈને આપણે ગહન રીતે વાતો નથી કરવી. પૂજ્ય શ્રી મોરારિબાપુ કહે છે કે, ગુરુના બે પ્રકાર છે : 'એક પૂર્ણ ગુરુ છે, અને એક શૂન્ય ગુરુ છે.' આપણે જે વાત કરી તેમાં જે તબક્કે જેણે આપણને સાથ આપ્યો તે સ્વયં પૂર્ણ ન હોત તો આપણે સફળ ન થયા હોત. જે કોઈ આપણને મળ્યા અને આપણને માર્ગ ચીંધી ગયા તે પૂર્ણ હતા.. પણ એવું જરૂરી નથી કે દરેક ગુરુ પૂર્ણતાથી તમારી સાથે રહે. કેટલાક એવા વ્યક્તિત્વ છે કે, મારી તમારી નજર સામે નથી, કદાચ આજે જીવંત પણ નથી છતાં એ આપણને માર્ગદર્શન કરી રહ્યા છે. લોકભારતીની જ વાત કરીએ તો, નાનાદાદા, દર્શકદાદા, બુચદાદા અને મૂળશંકરદાદાને આપણે ક્યાં કોઈએ જોયા છે ?? છતાં આપણને અને આપણી સંસ્થાને તેઓ માર્ગદર્શન આપી રહ્યા છે. મોરારિબાપુ તો એમ કહે છે કે, શક્ય બને ત્યાં સુધી વધુને વધુ શૂન્યતા તરફ જાવ, મૌન તરફ જાવ, કદાચ એવું બને કે મૌનમાં તમને આજે જ સામે નથી તે બધા જ ગુરુઓ સામે આવીને ઊભા રહે. એ સૌ એ સમયનું કામ કરીને પછી આપણાથી વિમુક્ત થઈ જાય છે અને આપણને કદાચ આખા જીવનમાં ક્યારેય ફરી મળતા પણ નથી, એમણે આપણને જે શીખવવું હતું એ શીખવીને પોતાના માર્ગ ઉપર આગળ ચાલતા રહ્યા. એટલે આપણા જીવનમાં એનો કોઈ ભાર નથી.

ગુરુ અને સદ્‌ગુરુ - આ બે શબ્દો વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. આવા અનેક ઉદાહરણો આપણને શાસ્ત્રોમાંથી, વિશિષ્ટ બુદ્ધપુરુષોના જીવનમાંથી જોવા મળ્યા છે. એ ઉદાહરણની મદદથી આપણે આ બે શબ્દોને હંમેશા સરખાવવાનો પ્રયાસ કરતા આવ્યા છીએ. પણ, કહેવાનું તો એટલું જ થાય કે ગુરુ તો ગુરુ છે, અને સદ્‌ગુરુ તો સદગુરુ જ છે. શ્રી રામકૃષ્ણ દેવ અને સ્વામી શ્રી વિવેકાનંદના જીવનમાં બનેલી એક ઘટના આપણને એ સ્પષ્ટ કરે છે કે, સદ્‌ગુરુ પોતાના શિષ્ય દ્વારા, પરમ શિષ્ય દ્વારા

જો નાની સરખી પણ ભૂલ થાય તો પુરા પ્રયત્નથી તેને એ માર્ગેથી પાછો વાળે છે. એમને એવું લાગે કે આ માર્ગે મારો આ પરમ પ્રિય શિષ્ય હવે આગળ નહીં વધી શકે, તો પૂર્ણવિરામ મૂકવાનું કામ પણ એ સદ્‌ગુરુ જ કરે છે. વિવેકાનંદજીના જીવનમાં એક નાનકડો અનુભવ સમાધિ અંગેનો થયેલો તેનો ઉલ્લેખ છે. રામકૃષ્ણદેવના આશ્રમમાં દક્ષિણેશ્વરમાં કાલુ નામનો એક ગરીબ હતો, ગામડાંનો હતો. પરંતુ એની ભક્તિ એવી હતી કે ભક્તિમાં અને ભક્તિમાં આખો દિવસ પસાર કરતો હતો. તેમણે પોતાના રૂમની અંદર લગભગ લગભગ બધા જ દેવ દેવતાઓની મૂર્તિઓ રાખી હતી. જ્યાંથી મૂર્તિ મળે એને સ્થાન આપે, અનેક દેવતાની મૂર્તિ રાખે, એનું પૂજન કરે. પોતાના રૂમમાં પોતાને સુવાની જગ્યા નહોતી, એટલી મૂર્તિઓ હતી. પોતે બહાર સૂતો. બધાની પૂજા કરે, ભાવથી પૂજા કરે. એવું ન હતું કે માત્ર વારો વદાડવા માટે પૂજા કરે, આરતી કરે, થાળ ધરે અને આઠ-દસ મિનિટમાં બધું આટોપી લે. ના, એમનો તો લગભગ આખો દિવસ એમાં જતો. કારણ કે ભાવથી પૂજા કરતો હતો. એકે એક મૂર્તિની પૂજા કરતો હતો. ક્યારેક તો પૂજા કરવામાં સાંજ પડી જાય, તો જ્યારે પૂજા પૂરી થાય ત્યારે એ બિચારો ભોજન કરે. વિવેકાનંદજી આ વસ્તુ જોવે અને તેને હસવું આવે કે, આ માણસ કેવો મૂર્ખ છે. એમણે ક્યારેક એને સમજાવ્યો પણ ખરો કે તારું આ પાગલપન છોડી દે, આ બધા પથ્થરોમાં કાંઈ નથી, પરંતુ કાલુની આંખમાં આ સાંભળીને આસું આવી જાય એટલે વિવેકાનંદજી પોતાની વાત આટોપી લે. પરંતુ એ કહે કે આ બધાને ગંગામા પધરાવી દે. તારી જાતને એકલીને બચાવી લે. પરંતુ કાલુને તો પ્રેમ હતો. એના રૂપને એ ગંગામાં ક્યાંથી ફેકે? સ્વામી શ્રી વિવેકાનંદજી ને રામકૃષ્ણ દેવે ધ્યાનની રીતિ આપી હતી કે જેથી કરીને સાક્ષી ભાવમાં તેઓ પોતાના વિચારો ને નિરખી શકે. તેઓ એક વખત આ ધ્યાન કરી રહ્યા હતા ત્યારે એવું બન્યું કે સાક્ષી ભાવમાં એને થોડી ઝલક દેખાણી અને વિચાર સમાપ્ત થઈ ગયો. પરંતુ નાનકડી એ ઝલકે જાણે પર્દાફાશ કર્યો. એક નવો ઝરૂખો ખોલી દીધો. એ કિરણ અંદર પ્રવેશી તત્ક્ષણ એને એવું લાગ્યું કે આ સમયે પોતે કાલુને જઈને વિચાર આપવો જોઈએ કે તારી બધી મૂર્તિઓ છે એને બાંધી પોટલીમાં અને ગંગામાં પધરાવી દે. એમને લાગ્યું કે સમાધિષ્ઠ વ્યક્તિનો વિચાર બહુ બલશાલી હોય છે. એટલે મારે અત્યારના મને જે દેખાયું તેને કહી દેવું જોઈએ. કાલુ તો ભક્ત હતો, પરમ ભક્ત હતો. એના અનુભવની એક દુનિયા હતી. એ ગદગદ હતો, આનંદિત હતો. રામકૃષ્ણદેવે એ અગાઉ એક બે વખત વિવેકાનંદજીને કહેલું કે આ કાળુ ને તારે છંછેડવાની જરૂર નથી. એ સીધો સાદો આદમી છે, પોતાની મસ્તીમાં મસ્ત છે. એનો પોતાનો એક માર્ગ છે માટે તર્ક-વિતર્ક ન કરવો, એનું નુકશાન ન કરવું. પરંતુ સ્વામીજી ને પણ પહેલો જ અનુભવ થયો. જરાક દ્વાર ખુલ્યું સમાધિનું અને તત્ક્ષણ વિચાર આવ્યો અને એનો ઉપયોગ કર્યો. બહાર નીકળીને કહ્યું કે કાળુ બાંધ પોટલી અને બધા દેવી-દેવતાઓને ગંગામાં પધરાવી દે. શ્રી રામકૃષ્ણદેવ બહાર પંચવટીમાં બેઠા હતા. તેમણે જોયું કે, વિવેકાનંદ પોતાના રૂમમાંથી બહાર આવીને આવો વિચાર આપી રહ્યા છે. સહસા તેઓ ઊભા થયા અને ભાગ્યા. કાળુ પોતાના દેવદેવીઓની પોટલી બાંધીને ગંગા તરફ જતો હતો ત્યાં જઈને રોકી ને કહ્યું ક્યાં જાય છે? તેમણે કહ્યું, બધું બેકાર છે, કોઈ સાર નથી. આજે મને વાત સમજાણી છે કે વિવેકાનંદજી કહે છે કે ઠીક છે, એટલે હું તેને ફેંકી દઉં છું. શ્રી રામકૃષ્ણદેવે કહ્યું ઊભો રે, થોડી વાર ઊભો રે. આ તારો વિચાર નથી, આ તું નથી બોલી રહ્યો. તું ઊભો રે, હું તને હમણાં કહું છું. તેઓએ જઈને વિવેકાનંદજીના ખંડની બહાર દરવાજા ઉપર ટકોરા લગાવ્યા. દરવાજો ખુલ્યો અને વિવેકાનંદને કહ્યું કે આ તેં શું કર્યું? તે શા માટે કાળુ ને આવો વિચાર આપ્યો? સમાધિમાં આવેલો દરેક વિચાર સંપ્રેક્ષિત કરવાનો નથી. આ તો સમાધિનો દૂર-ઉપયોગ થયો. શ્રી રામકૃષ્ણદેવ નારાજ થયા અને એમણે એમ પણ કહ્યું કે, 'તારી સમાધિ આનાથી આગળ નહિ વધે. એની ચાવી હું મારી પાસે રાખી લઉં છું.' તરત

જ કાળુને સમજમાં આવ્યું. તેમનો વિચાર પોતાનો ન હતો. એ પૂજા કરી રહ્યો હતો, સરળ ચરિત આદમી હતો. એ દેવ દેવતાઓને લઈને ભીતર ઉપડી ગયો હતો. અને એને જોઈને વિવેકાનંદજીને જે વિચાર આવ્યો, એ એમને કહ્યો. વિવેકાનંદ રામકૃષ્ણદેવના શિષ્ય હતા. સદ્‌ગુરુની વાતથી જ સ્વામીજીએ કહ્યું, 'હું કાળુની ક્ષમા માંગી લઉં.' અને તેમને દિલથી ક્ષમા માંગી. વિવેકાનંદને એ શબ્દો મનમાં બરાબર રહ્યા કે, હવે તારું ધ્યાન અહીંયા રહેશે, આગળ નહીં વધે, તેની ચાવી હું મારી પાસે રાખું છું. કહેવાય છે કે વિવેકાનંદનું ધ્યાન ત્યાં અટકી ગયું. પોતાના મરવાના મૃત્યુના ત્રણ દિવસ પહેલાં એક પત્રમાં તેઓએ લખ્યું છે કે, 'હે ભક્તો, હું સમાધિમાં અનુભવ નથી કરી શક્યો. આજ સુધી અનુભવ નથી કરી શક્યો. તે દિવસે રામકૃષ્ણદેવે ચાવી રાખી લીધી હતી, તે ફરી પાછી નથી મળી. પછી ક્યાં ખોવાઈ ગઈ, એ ચાવી મને ખબર નથી. પરંતુ મેં દુરુપયોગ કર્યો હતો, એટલે તેની સજા સદ્‌ગુરુએ મને આપી છે.' આ ઘટનાથી ગુરુ અને સદ્‌ગુરુ વચ્ચેના નિકટમ આત્મીય દિવ્ય સંબંધોની પ્રસાદી આપણને મળે છે.

આપણને એકાદો નાનો વિવેક જે શીખવી જાય છે તે શિક્ષા ગુરુ છે, પરંતુ બધાના જીવન સરખી રીતે ચાલતા હોય એમાંથી કોઈ એક નવો માર્ગ પકડીને આપણે આગળ વધવું છે, પ્રગતિ કરવી છે, ત્યારે જે ગુરુ આપણને પ્રાપ્ત થાય છે. દીક્ષા ગુરુ છે, જે તમને વિશિષ્ટ કૌશલ્ય માટે સતત ઘડે છે અને તમને એ કૌશલ્યના માસ્ટર બનાવે છે તે તમારા દીક્ષા ગુરુ છે. આજે પણ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં દીક્ષા ગુરુની પરંપરા બરાબર ચાલે છે. ખૂબી એ છે કે આરંભે તમારું નામ ગુરુ સાથે જોડાઈ જાય અને એક સમય એવો આવે કે જ્યારે તમારું નામ લેવાતું થાય અને ગુરુ નામ મૌન થતું થાય.

અને છેલ્લી વાત, બહુ ટૂંકમાં કે..

જીવનને જીવતાં શીખવે તે ગુરુ.

જીવનને માણતાં શીખવે તે ગુરુ.

જીવનને આનંદ ને મૌજથી છલકાવી દે ગુરુ.

મને અને તમને કશુંક નવું શીખવે તે શિક્ષા ગુરુ,

પણ

મને અને તમને જીવનના કૌશલ્ય માટે કેળવે તે દીક્ષા ગુરુ.

-----------------------------

(લોકભારતી, સણોસરા ખાતે ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે આપેલું વક્તવ્ય તા. ૨૧-૦૭-૨૪)

**શ્રદ્ધાંજલિ**

ગુજરાત નઈ તાલીમ સંઘના મહામંત્રી, આજીવન શિક્ષક સૌના માર્ગદર્શક અને રાહબર એવા શ્રી જેસંગભાઈ ડાભીનું અવસાન થતાં તા. ૨૩-૦૮-૨૦૨૪ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપવા માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી નઈતાલીમ સાથે સંકળાયેલ વિવિધ કાર્યકરો અને જુદી-જુદી સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. લોકભારતીના કુલપતિ, ગુજરાત નઈતાલીમ સંઘના ઉપપ્રમુખ અને અમદાવાદ જિલ્લા સર્વોદય મંડળના પ્રમુખ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ જિલ્લા સર્વોદય મંડળ અમદાવાદ વતી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. વધુમાં ડૉ. રાજેન્દ્રભાઈએ નઈતાલીમને વરેલા શ્રી જેસંગભાઈ ડાભીની ગુજરાત અને રાષ્ટ્રીય સ્તરે નઈ તાલીમની વિચારાધારાને વધારે મજબૂત કરવા માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ લઈ સમગ્ર નઈતાલીમ અને ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓના પરિવાર વતી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

## ૧૦ શિક્ષણની દશા અને દિશા સુધારનારો, બદલનારો શિક્ષક

**ડૉ. મનહર ઠાકર**

---

**ભૂમિકા :**

જે શિક્ષક બને છે તેને તેનો હેતુ સતત સામે તરવરવો જોઈએ. એ હેતુ પ્રમાણે પોતાના અસલ સત્ત્વ સાથે , અંતરના ઓજસ પ્રગટાવીને, શિક્ષકત્વના ઉમંગ- ઉત્સાહ ભરીને ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડવાના હેતુસર તરૂણોના પિંડ ઘડતાં રહેવાનું છે.વર્ગખંડમાં શિક્ષક-વિદ્યાર્થીના પ્રત્યક્ષ શિક્ષણકાર્યમાં તે પ્રતિબિંબિત થતું હોય. તેવો શિક્ષક શિક્ષણની દશા અને દિશા બદલી શકે. એવી ભૂમિકા સન્દર્ભે લેખ પ્રગટ કરવાનો ઉપક્રમ છે.

**મહત્ત્વના કેટલાક ખ્યાલો સાથેનું શિક્ષણકાર્યઃ**

શિક્ષકે મૂળભૂત રીતે તો બૌદ્ધિક કાર્યો કરવાનાં છે.તેમાં અધ્યયન પ્રવૃત્તિઓનું સંગઠન, પૂર્વ નિર્ધારિત ધ્યેય સિદ્ધ કરવાનું આયોજન, અધ્યેતાની કક્ષા નક્કી કરવી વગેરે. જે ક્ષેત્ર-વિષયમાં તેને કામ કરવાનું છે તે શિક્ષણશાસ્ત્ર એક વિજ્ઞાન છે. તેનો ઉપયોગ કરીને શિક્ષણકાર્યની સામગ્રી પ્રાપ્ત કરી તેને વિદ્યાર્થીભોગ્ય બનાવીને વહેંચવાનું કામ શિક્ષકનું છે. એ વખતે પ્રત્યાયન પ્રયુક્તિઓમાં વૈવિધ્ય લાવવાનું છે. પોતાની કાર્યક્ષમતાથી પ્રત્યાયનનો ઉપયોગ કરવાનો છે. શિક્ષકના વ્યવસાયના નિશ્ચિત ધારાધોરણોનું પાલન કરવાનું છે.સ્વેચ્છાએ આ વ્યવસાય પોતે સ્વીકાર્યો છે. તેથી પોતાના વિષય પરના પ્રભુત્વના આધારે લાંબા સમય સુધી તેનો સતત અભ્યાસ અને વિદ્યાર્થીઓ સુધી યોગ્ય સ્વરૂપમાં તેને પહોંચાડવાનું કાર્ય કરવાનું છે. પોતાના વ્યવસાયિક કાર્યોમાં ઉચ્ચકક્ષાની સ્વાયત્તતા લાવવાની છે. ધ્યેય નિર્ધારણથી શરૂ કરી, મૂલ્યાંકન સુધી સમગ્ર અધ્યાપન પ્રવૃત્તિઓમાં શિક્ષકે પોતાનાં મંતવ્યો, અનુભવો અને જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. આ માટે પોતાનામાં શિક્ષક તરીકેનાં આવશ્યક એવાં ગુણો, લક્ષણો,ક્ષમતાઓ અને વિશેષતાઓ વિકસાવવાનાં છે.

**નૈતિકના આધારે શિક્ષણકાર્યઃ**

શિક્ષકનો વ્યવસાય એક નૈતિક વ્યવસાય છે. એ દ્રષ્ટિએ શિક્ષકે નીતિમત્તાથી સભર રહેવાનું. શિક્ષણ એક ગત્યાત્મક અને પરિવર્તનશીલ પ્રવૃત્તિ હોવાથી શિક્ષકે સતત નવું જ્ઞાન મેળવવાનું હોય છે. નવા જ્ઞાન અને અગાઉ મેળવેલા જ્ઞાન વચ્ચે સંતુલન અને સંયોજન કરવાનું ભગીરથ કાર્ય શિક્ષકે કરવાનું છે. શિક્ષક એ સમાજનો મહત્ત્વનો સભ્ય છે.અન્ય વ્યવસાયોની તુલનામાં શિક્ષકના વ્યવસાયને ઘણી ઉચ્ચ દ્રષ્ટિએ મૂલવવામાં આવ્યો છે. એટલે પોતાનામાં નૈતિક મૂલ્યો જેવાં કે પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, નિયમિતતા, કાર્ય પ્રત્યેનું સમર્પણ વગેરે ખાસ વિકસાવવાનાં છે. પોતે ઉપદેશાત્મક રીતે શીખવવાને બદલે બોધાત્મક રીતે શીખવવાનું છે. આ ખ્યાલ સાથે પોતાનું આચરણ -વર્તન એવું પ્રગટ કરવાનું છે કે વિદ્યાર્થીઓ તે જોઈને શીખે.તેવા પ્રેરણામૂર્તિ બનવાનું છે.

**'કૂવામાં હોય તો હવાડામાં આવે':**

એ ન્યાયે શિક્ષકના વર્તન વ્યવહાર પરથી વિદ્યાર્થીના જીવનમાં તેનું સંક્રમણ થતું રહે છે. વિદ્યાર્થીઓની કક્ષા સુધી પહોંચવું પડે. શિક્ષકમાં માનવીય ગુણો જેવા કે દયા, પ્રેમ, કરુણા, સહકાર, સમર્પણ, ઋજુતા વગેરેનો સ્વાભાવિક આવિર્ભાવ થયેલો હોય. શિક્ષણના પ્રત્યાયન વખતે સંદેશાની આપ-લે થાય ત્યારે સંદેશવાહક તરીકે પોતાના વિચારો, અધ્યયન સામગ્રી, વક્તવ્ય સ્વરૂપે વિદ્યાર્થીઓ

સામે રજૂ થવાનાં. તેની સામેના સમૂહ એટલે કે વિદ્યાર્થીઓ દ્વારા પણ કંઈક કંઈક રજૂ થવાનું. જેમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, ઉદાહરણો, દ્વિધાઓ વગેરે રજૂ થતાં હોય છે. વિદ્યાર્થી પક્ષે રજૂ થતી આ બાબતોને યોગ્ય રીતે સાંભળી, તેનું યોગ્ય અર્થઘટન કરી, પ્રશ્નોનું નિરાકરણ આપી, ઉદાહરણોની યોગ્ય તપાસ, દ્વિધાનું નિરાકરણ કરવાનું શિક્ષકની ફરજમાં છે. આ ન કરે તો શિક્ષક વ્યવસાયે નિષ્ફળ ગયો તેમ કહેવાય.વિષયવસ્તુ ઉપરના પ્રભુત્વ ઉપરાંત શિક્ષકમાં જે તે વિષયવસ્તુને અસરકારક રીતે વિદ્યાર્થીઓની સમજને અનુરૂપ રૂપાંતરણ કરવાનું આગવું કૌશલ જરૂરી છે.

શિક્ષક ગમે તેટલો વિદ્વાન હોય કે વિષયવસ્તુમાં માહેર હોય પણ જો તે વિદ્યાર્થીઓની કક્ષા સુધી પહોંચી ન શકે તો તેની વિદ્વત્તા શિક્ષક તરીકે કોઈ ખપની નથી.શિક્ષણનો આધુનિક અને વિદ્યાર્થીકેન્દ્રી વ્યવહાર. શિક્ષણની આધુનિક પધ્ધતિ-પ્રયુક્તિની પસંદગી અને તેનું અમલીકરણ શિક્ષકે કરવાનું છે. આધુનિક ટેક્નોલોજીનાં સાધનો અને માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને વર્ગખંડમાં પ્રત્યાયનને અસરકારક બનાવવાનું છે. માનવ સ્વભાવના શ્રેષ્ઠતમ સદ્‌ગુણોના આવિર્ભાવના સ્વરૂપમાં તેનું ઊર્ધ્વીકરણ થાય તેવું શિક્ષકનું વ્યક્તિત્વ ઘડતર હોવું ઘટે.

વિદ્યાર્થીઓને સમજણ આપે, નિદર્શન આપે અને જરૂર જણાય તે તબક્કે શિક્ષક પ્રેરણા આપતો રહે. શિક્ષક એક વ્યક્તિ તરીકે વિદ્યાર્થીઓનું સન્માન કરે .શિક્ષક સ્વભાવે માયાળુ અને પ્રેમાળ બની રહે તે જરૂરી છે. દરેક વિદ્યાર્થી પ્રત્યે સમાન દ્રષ્ટિવાળો શિક્ષક, જેને કોઈ નજીક નહીં, કોઈ દૂર નહીંનો વ્યવહાર વિદ્યાર્થીઓ સાથે રહેતો હોય. બધા વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક રાખવાની ક્ષમતા શિક્ષકમાં હોવી જરૂરી છે. શિક્ષકને મન પોતાની વ્યવસાયિકતાને જ પ્રાધાન્ય હોય.

**સ્વભાવે આનંદી શિક્ષકઃ**

સ્વભાવેઉત્સાહસભર અને હકારાત્મક અભિગમ ધરાવતો શિક્ષક સફળ થાય છે. પોતે હંમેશા સ્પષ્ટ અને સત્યવક્તા હોય. વિદ્યાર્થીઓના ભાવિ જીવન માટે ઉપયોગી શિક્ષણના પાઠ આપવા માટે પોતાની સજ્જતા અને તત્પરતા દાખવે. પોતે નિર્વ્યસની રહે. રહેણી કહેણી અને પહેરવેશમાં સ્વચ્છતા અને સંયમી બની રહે. જેથી વિદ્યાર્થીઓને સંસ્કૃતિનો બોધ પ્રાપ્ત થાય. પોતાના આચાર અને વિચારમાં સમાનતા જોવા મળે.શિક્ષક તરીકેનાં ઉત્તમ અને અપેક્ષિત લક્ષણો ધરાવતો હોય. તે કોઈ એક જ બંધિયાર ચીલામાં રહેતો નથી.તે અનુકરણના અવિચારીપણાનો ગુલામ બનતો નથી. સ્વાભાવિક બુદ્ધિ અને સહજ સૂઝનો પોતે લોકહિતની કેળવણીમાં ઉપયોગ કરે છે.

**ખુલ્લા મનથી નાવીન્યનો સ્વીકારઃ**

શિક્ષણની નવી દિશાઓ શોધવા અને તે અંગેના પ્રયોગો હાથ ધરવા માટે પોતે સક્ષમ બને. તેની સામે આવતા જોખમો દૂર કરવાની તેનામાં હિંમત હોય. પોતાના હૃદય અને મન સાફ રાખે. કારણ કે વ્યગ્ર મન, પોતાની મહેચ્છાઓમાં ખોવાયેલા શિક્ષકને વિદ્યાર્થીઓ તરફી યોગ્ય સમજ કે ડહાપણથી દૂર રાખે છે. વિદ્યાર્થી સમૂહની ક્ષમતાઓ પર તેને વિશ્વાસ હોય તે ખરો શિક્ષક ગણાય. વિદ્યાર્થીઓની નાની-નાની પ્રવૃત્તિઓ પર કૌશલ્ય કેન્દ્રીય અભિગમની એ ચકાસણી કરતો હોય. સાથીઓ સાથે પણ આ કેન્દ્રિત અભિગમ અપનાવતાં અન્ય સાથી મિત્રોની ચકાસણી કરવાને બદલે તેમાંથી વ્યક્તિગત રીતે પોતે જે કૌશલ્યો વિકસાવવાની પ્રેરણા મળે તેનાપર ધ્યાન આપતો હોય. જૂથ કે સમૂહના વ્યવસાયિકોના મોટાભાગનાના મતો-વિચારોને ખુલ્લાપણા સાથે સ્વીકારતો હોય. વધુ મંતવ્યોનો સ્વીકાર કરવાની ક્ષમતા ધરાવતો હોય.

**હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણુંઃ**

શિક્ષણ પ્રત્યેની પોતાની અભિરુચિ શિક્ષકે કેળવવાની અને એ દ્વારા પોતાના વિદ્યાર્થીઓને પણ તેમ કરવાની પ્રેરણા આપવાની છે. શિક્ષણ વિશે પ્રાપ્ત થતાં

નવાં મંતવ્યો અને વિચારોને પોતે મહત્ત્વ આપે, પ્રશંસા કરે અને યોગ્ય હોય તેવી બાબતોનો વ્યવહારમાં અમલ કરે. પૂર્વગ્રહથી પીડાયા વિના ઉત્તમ બાબતો સ્વીકારવી, તપાસવી અને પોતાનીવ્યક્તિગત મર્યાદાઓ સમગ્ર સમૂહની મર્યાદા ન બને કે તેને નુકસાનકર્તા ન બને તેનું ધ્યાન રાખવું.પોતે શાળાસંકુલનો એક સભ્ય છે, સામૂહિક શક્તિ અને ક્ષમતામાં પૂર્ણ વિશ્વાસ રાખીને કામ કરવાનું છે. સમૂહકાર્ય કરવાની પ્રણાલી જે દિશામાં જઈ રહી હોય તે દિશામાં અપેક્ષિત પરિણામ મેળવવાની સંભાવનાઓનો શિક્ષકે વિચાર કરવો. અમુક નિશ્ચિત સમયગાળા માટે પરિણામલક્ષી કાર્ય પાર પાડવાનું હોય ત્યારે ધીરજ ધગશ, ખંત, કર્તવ્યનિષ્ઠા, ઉત્સાહ અને ઉમંગથી તે દિશામાં આગળ વધીને મનોધૈર્ય સાથે સાચો શિક્ષક અસરકારક પરિણામો લાવી શકે છે.ઉપરોક્ત વિચારોને અમલમાં મૂકતા જઈએ ત્યારે મનમાં એક સંકલ્પ ગૂંજતો રહે કે, 'હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું.'

**શિક્ષકે રાષ્ટ્રનો ખ્યાલ રાખવોઃ**

રાષ્ટ્રની દરેક વ્યક્તિ શિક્ષણ લઈ શકે તેવી વ્યવસ્થા સરકારે કરવાની હોય છે. તે માટે આર્થિક, વંશીય કે વર્ગીય ભેદભાવ વગર સૌને સમાન ગણીને અસરકારક શિક્ષણ આપવું તે જરૂરી છે.એમાં શિક્ષણ દ્વારા દરેક વ્યક્તિ કે સમૂહ માટે ઉન્નતિની ભાવના સમાયેલી છે.દરેક ક્ષેત્રે સિદ્ધિના ઊંચા તબક્કાને આંબવાની રાષ્ટ્રની ભાવના છે. આ માટેનું કારગત માધ્યમ શિક્ષણ છે. તેથી શિક્ષણના દરેક તબક્કા પ્રતિ જો આંખમીંચામણાં કરવામાં આવે તો એ રાષ્ટ્રના હિતમાં નથી. એટલે તંત્ર કે સરકાર રાષ્ટ્રના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સગવડો, તકો, પ્રોત્સાહન અને પ્રેરણા આપતા રહે છે.કોઈ વિદ્યાર્થી આર્થિક કે અન્ય અસમર્થતા (નબળાઈ )ને કારણે ઉત્કૃષ્ટ શિક્ષણની તકથી વંચિત ન રહે તેનું તંત્ર દ્વારા ખાસ આયોજન, અમલીકરણ અને અનુકાર્ય થાય છે. સરકાર દ્વારા શિક્ષણનું સરકારીકરણ કે શિક્ષણનું ખાનગીકરણ એવી નીતિઓ અમલમાં આવે છે. નીતિ ગમે તેટલી સારી હોય પણ તંત્ર કે શિક્ષક દ્વારા તેનો સહૃદય અમલ ન થાય તો સારાં પરિણામો સુધી પહોંચી શકાતું નથી. આ પ્રકારની મર્યાદાને ઉકેલવાની જરૂર છે. લોકશાહી દેશમાં વ્યક્તિ મહત્ત્વની છે. એટલે વ્યક્તિના શિક્ષણને અસરકારક બનાવવાથી તેનામાં લોકશાહીનાં મૂલ્યો, આચાર, સંસ્કૃતિનો વિકાસ કરવાનો છે. તો રાષ્ટ્રનાં માનવ સંસાધન અને ભૌતિક સ્રોતોના અસરકારક જોડાણ માટેનું શિક્ષણ કારગત બને અને તેથી રાષ્ટ્રનો સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ ઉત્કૃષ્ટ બનાવી શકાય. આના માટે તો તંત્ર/ સરકારે ઠોસ કદમ ઊઠાવ્યા છે. શિક્ષણની બાબતમાં લાપરવાહી અખત્યાર કરવાની દાનતે જ શિક્ષણની ઘોર ખોદી છે. તંત્ર/ સરકાર દ્વારા મોનિટરીંગ માટેનું કોઈ નક્કર માળખું ગોઠવાય જે શેહશરમ વગર શિક્ષણના ક્ષેત્રને ધબકતું રાખી શકે તેની તાતી જરૂરિયાત છે. આ જવાબદારી નિભાવવામાં મૂલ્યનિષ્ઠ લોકપ્રતિનિધિઓ કે સક્ષમ અધિકારીઓ કોણ ? ક્યાં અને એ કેવી રીતે કામ કરશે ? આ પાયાની સમસ્યાઓ અને પ્રશ્નોને સજાગપણે સમજીએ.

**ઉપસંહાર :**

શિક્ષણની સમસ્યાઓનો ઉકેલ અને પ્રશ્નોનું સમાધાન સક્ષમ તંત્ર/ સરકાર લાવવા મથે છે.વેળા વિતી ગયા પહેલાં તે હાથ નહીં ધરાય તો શિક્ષણની સમસ્યાઓ વકરતી જશે અને પ્રશ્નો ગૂંચવાયા કરશે. 'વાડ જ ચીભડાં ગળે પછી કોને ફરિયાદ કરવી ? ' એવો ઘાટ થાય ત્યારે સાલુમાઠું લાગે.શિક્ષણની શિથિલતા સમાજનીવિચારણામાં આવી છે અને તેથી આ પ્રકારની ચિંતા સૌને કોરી ખાય છે ત્યારે આમાં 'મુસાભાઈના હવાપાણી ન કરીએ..!' શિક્ષકના સ્વ એટલે કે શિક્ષકત્વને જગાડવા માટે એટલે જ કહેવાનું મન થાય કે, શિક્ષકો વ્હાલા પુનઃ પધારજો રે...!

મોબાઈલ- ૯૪૨૩૮૫૧૨૯૦

## ૧૧ સ્વાશ્રય દ્વારા સંનિષ્ઠ વિદ્યાર્થીનું ઘડતર કરતી કેળવણી

**ગુણવંતરાય જોબનપુત્રા**

તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪નાં રોજ અખબારોમાં મેં આ પ્રમાણે સમાચાર વાંચેલ હતાં:

'મોડાસા તાલુકાની રાસુલપુર અને મહાદેવપુર પ્રા.શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા શાળાના મેદાનમાં સફાઈકામ કરાવાતા હોવાનાં દૃશ્યો સામે આવ્યા છે. હાથમાં સાવરણી અને કચરાપેટી લઈને શાળાનું મેદાન શિક્ષકો દ્વારા સાફ કરાવતા હોવાનું સામે આવ્યું છે. સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે અનેકવિધ યોજનાઓ લાવવામાં આવી છે. ત્યારે કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે સફાઈકામ કરાવી વિદ્યાર્થીઓનું શોષણ કરવામાં આવે છે. એક તરફ શિક્ષકો દ્વારા ગુણવત્તા શિક્ષણ આપવાનું નક્કી કરાયું છે. ઓછું પરિણામ વાળી શાળાઓના શિક્ષકો દ્વારા ૪૫ મિનિટ વધારે સમય બાળકોને ભણાવવાનો આદેશ કર્યો છે. ત્યારે બીજી બાજુ ગુરુજનો દ્વારા વિદ્યાર્થીઓનું શોષણ કરવામાં આવે છે. ત્યારે શું આમ ભણશે ગુજરાત? એ એક સવાલ છે.'

વિદ્યાર્થી શાળામાં સ્વચ્છતાનું કાર્ય કરે એ નવી વાત નથી. અગાઉ વિદ્યાર્થીઓને બુનિયાદી કેળવણીમાં સ્વાશ્રયની તાલીમ અપાતી. આ ઘટનામાં વિદ્યાર્થીઓનાં વાલીઓએ શાળાએ આવીને શિક્ષકોને ઠપકો આપ્યો, 'અમારા દીકરા નિશાળે ભણવા આવે છે. સફાઈ કામ કરવા આવતાં નથી. તમારે નિશાળમાં સફાઈ કામદાર રાખી લેવો જોઈએ. જો તે સંજવારી કાઢવામાં રહેશે તો ભણશે ક્યારે?'

એટલું જ નહીં પણ આ ઘટનાને મોટું સ્વરૂપ આપવામાં આવ્યું. ગામલોકોનું ટોળું શાળાએ ધસી આવ્યું અને આ બાબતનો વિરોધ કર્યો. અખબારોમાં સમાચાર આપીને રજ જેવી વાતનું પણ ગજ કરવામાં આવ્યું. છેક શિક્ષણાધિકારી સાહેબ સુધી રજૂઆત થઈ !

અત્યારનાં સમયમાં કોઈ કોઈ ગામોમાં વિદ્યાર્થીઓ પાસે સફાઈ કરાવવાની આવી ઘટનાનનો વિડિઓ ઉતારી-ફોટા પાડી તે વાયરલ કરી આવી બાબતોને મોટું સ્વરૂપ આપવામાં આવે છે. આ માટે 'આ મોટી ઘટનાથી ખળભળાટ મચી ગયો છે.', 'વિદ્યાર્થીઓ પાસે જીવના જોખમે કરાવાતી સફાઈ' વગેરે શબ્દો વાપરવામાં આવે છે. પણ સફાઈ કરાવવાનાં કામથી કોઈ ગામે વિદ્યાર્થીનું મરણ તો શું પણ તે બિમાર પણ થયો હોવાનું જાણમાં નથી.

વિદ્યાર્થીઓ પાસે સફાઈ કાર્ય કરાવવાનો કોઈપણ ગામે વાલી કે ગામલોકો દ્વારા વિરોધ થતો હોય તો તેઓ સ્વાશ્રય દ્વારા વિદ્યાર્થીનું ઘડતર કરતી બુનિયાદી કેળવણીનું હાર્દ સમજી શક્યાં નથી.

આપણે ત્યાં ભારતીય સંસ્કૃતિમાં માનવીનાં આયુષ્યનું ચાર આશ્રમોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેમાં પ્રારંભનો ૧ થી ૨૫ વર્ષનો સમયગાળો એ બ્રહ્મચર્યાશ્રમ કહેવાય છે. પ્રાચીન સમયમાં બાળક પાંચ વર્ષથી મોટી ઉંમરનો થાય ત્યારે તેને શિક્ષણ માટે આશ્રમમાં મૂકવામાં આવતો. આશ્રમમાં તેની પાસે સફાઈ, ગાયોની સેવા અને તેનું પાલન, વૃક્ષો અને ફૂલઝાડનાં છોડને પાણી પાવું વગેરે કામ કરાવાતું, જેથી બાળક સંનિષ્ઠ અને ચારિત્ર્યવાન બનતો. પ્રાચીન કાળમાં આશ્રમોમાં આપવામાં આવતું આ શિક્ષણ એટલે બુનિયાદી શિક્ષણ. આપણે ત્યાં શિક્ષણનો ખરો અર્થ સમજવાની ખામી છે. એટલે જ આપણી શિક્ષણપ્રથા કારકુનોને જન્મ આપે છે અને બેરોજગારોની સંખ્યા વધતી જાય છે. આપણે સૌને શિક્ષણ મળે એવા પ્રયત્નો કરીએ છીએ પણ શિક્ષણનો ખરો હેતુ સમજવાની જરૂર છે. શિક્ષણ

દ્વારા અત્યારે કેટલેક અંશે આપણે દલીલબાજો પેદા કરીએ છીએ. ગાંધીજીએ કહ્યું હતું કે, 'શિક્ષણ પ્રજાની મોટા ભાગની જરૂરિયાતો પૂરી પાડે એવું હોવું જોઈએ.'

જ્યારે વિદ્યાર્થી શાળામાં માત્ર લખવા, વાંચવા, ગોખવાનું માત્ર પુસ્તકીયું જ્ઞાન જ શીખવાનો પ્રયત્ન કરે છે પણ તેની સાથે શ્રમયજ્ઞ કરતો નથી તેથી તેમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવતી નથી. વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાણવી અને તે બહાર લાવવી એ શિક્ષણનો સાચો હેતુ છે.

કંસને માર્યા પછી શ્રીકૃષ્ણ મથુરાના રાજા થઈ શકે તેમ હતાં છતાં તેમણે મથુરાનું રાજ્ય કંસનાં પિતા મહારાજ ઉગ્રસેનને સોંપી તેઓ સાંદિપની ઋષિનાં આશ્રમમાં ભણવા જતા રહ્યાં. ત્યાં સાંદિપની ઋષિએ તેને સીમમાં જઈ ગાયો ચરાવવાનું કામ સોંપ્યું. વરસતો વરસાદ હોય, આકરો તડકો હોય કે સખત ટાઢ હોય તો પણ શ્રીકૃષ્ણ સીમ,વનમાં ગાયો ચરાવવા જતાં. યાદવોની એક શક્તિશાળી શાખા મનાતા ગૌપાલકોનાં મુખીયા અને કૃષ્ણનાં પાલક પિતા નંદ રાજા ક્ષત્રિય હતાં તો પણ કોઈ દિવસ સાંદિપની ઋષિનો વિરોધ કરવા, તેને ઠપકો આપવા કે તેનાં વિરુદ્ધ શિક્ષણ ખાતામાં ફરિયાદ કરવા કે તેનાં પર આર.ટી.આઈ. કરવા ગયા નહીં કે, 'મારા દીકરા કૃષ્ણ પાસે સાંદિપની ઋષિ આશ્રમમાં કામ કરાવે છે, ગાયો ચરાવે છે, વરસાદ, તડકો કે સખત ટાઢ હોય તો પણ તેની પાસે ગાયો ચરાવે છે. જંગલમાં લાકડાં કાપવા મોકલે છે.' તેઓ શક્તિશાળી યાદવોનાં રાજા હતાં તો પણ એ યાદવોને લઈને સાંદિપની ઋષિ પર હલ્લો કરવા આશ્રમે ગયા નહીં. અને એટલે જ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના બળે સોનાની દ્વારિકા બનાવી શક્યાં અને સુદામાજી બ્રાહ્મણ હોવા છતાં સ્વાવલંબનની બુનિયાદી કેળવણીનાં કારણે સંનિષ્ઠ અને ચારિત્ર્યવાન બની અયાચક વ્રત પાળી શક્યાં.

શિક્ષણ એ મિશનના રૂપમાં હોય છે. અંગ્રેજી શબ્દ Missionનો અર્થ ખાસ કાર્ય કે કર્તવ્ય થાય છે. ૧૯૮૬માં નવી શિક્ષણનીતિમાં માનવશક્તિ, વ્યવસાયી શિક્ષણ અને ગ્રામવિદ્યાપીઠોનો આદર્શ સ્વીકારવામાં આવ્યો છે, છતાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીયા જ્ઞાનની બહાર લઈ જઈને કોઈ દીર્ઘદ્રષ્ટા શિક્ષક તેને સ્વાશ્રયની તાલીમ આપવા પ્રયત્ન કરે ત્યાં તો પ્રસિદ્ધિ ભૂખ્યાઓ હોબાળો મચાવી દે છે !

આપણાં દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૬,૦૧૩ જેટલાં વિદ્યાર્થીઓએ આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું છે. જેમાં ૩૦,૪૮૮ કુમાર અને ૨૫,૫૨૫ દીકરીઓએ આત્મહત્યા કરી છે જે અતિશય ચિંતાજનક છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૦૦૨ જેટલા વિદ્યાર્થીઓએ આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું છે. દેશની શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના આપઘાતમાં પાંચ વર્ષમાં ૩૨ ટકાનો ચિંતાજનક વધારો થયો છે. દેશમાં થતી કુલ આત્મહત્યામાંથી ૩૦ ટકાથી વધારે વિદ્યાર્થીઓનો સમાવેશ છે. વિદ્યાર્થીઓની આત્મહત્યા પાછળનાં કુલ બાર કારણોમાં અભ્યાસનું ભારણ, નાપાસ થવાનો ડર, સંસ્થાનું વાતાવરણ અને રોજગારીની ઘટતી તકો એ ચાર કારણોને પણ જવાબદાર ગણ્યાં છે.

જ્યારે તમે તમારું કામ બદલો એટલે તમને આરામ મળ્યો હોવાની અનુભૂતિ થાય. માનસિક રીતે તમે સ્વસ્થ રહી શકો. સ્ત્રીઓ માટે મોતી પરોવવા તથા ભરતગૂંથણ કરવું એ પણ એક કામ છે. સ્ત્રીઓને કપડાં ધોઈને, રસોઈ કરીને અને વાસણ માંજીને થાક લાગે છે, તો પણ સ્ત્રીઓ પોતાની પ્રવૃત્તિ બદલીને મોતી પરોવવા લાગે છે તેથી તેનો થાક ઉતરી જાય છે. એવી જ રીતે વાંચન, લેખન વગેરે અભ્યાસ કરીને વિદ્યાર્થી થાક અનુભવે એ સ્વાભાવિક છે. આશ્રમમાં એ બધો અભ્યાસ કરતાંની સાથે વિદ્યાર્થી ગાયો ચરાવવા જાય, લાકડાં કાપવા જાય, છોડનાં ક્યારાઓમાં ગોડ કરે, નિંદામણ દૂર કરે, છોડની નકામી ડાળીઓની કાપણી કરે, શાળામાં ફૂલછોડને પાણી પાય- આમ, તેની પ્રવૃત્તિ બદલે એટલે વાંચન, લેખન વગેરે અભ્યાસનો થાક ઉતરી જાય. આમ કરીને તે પશુ, પંખી, વૃક્ષ, છોડ, ફૂલો,

લતા, વેલી, પતંગિયા, લીલું ઘાસ વગેરે પ્રકૃતિની નજીક આવે છે. કુદરતની નજીક આવે તેમાં જીવન છે, આનંદ છે અને કેળવણી તો ઢગલાબંધ પડી છે. અને તેની સાથે શીખેલું મનન પણ કરતો રહે, જેથી જ્ઞાન દૃઢ થાય.

અત્યારે વિદ્યાર્થી કેટલાં છોડને અને કેટલાં વૃક્ષને ઓળખે છે? કેટલાં પશુ પંખી, લતા, વેલ કે ક્યા ફૂલને ઓળખે છે? અત્યારે બાળકને સમૂહપ્રાર્થના સમયે સરસ્વતી માતાજી માટે ફૂલનો ગજરો, વેણી કે પુષ્પગુચ્છ બનાવતાં આવડે છે ખરું? આસોપાલવનાં પાન કળશમાં રાખી કળશ બનાવતાં આવડે છે? મારી ૩૬ વર્ષની ઉંમરે લોકભારતી સણોસરામાં હું કળશમાં ફરતી બાજુ આસોપાલવનાં પાન ગોઠવી, તેની વચ્ચે ફૂલો રાખીને કળશ તૈયાર કરતો. અધ્યાપક સાહેબ જ્યારે વર્ગ લેવા આવે ત્યારે તેની બાજુમાં રહેલો આકર્ષક કળશ અધ્યાપક અને વર્ગની શોભા વધારતો હતો.

વૃક્ષો, ફૂલછોડ, પતંગિયા, પશુપંખી વગેરે માટે વિદ્યાર્થીનાં મનમાં સેવા ભાવના, મૈત્રી, પ્રેમ, દયા અને સહાનુભૂતિ ઉત્પન્ન કરે એવું શિક્ષણ વિદ્યાર્થીઓને સ્વાશ્રયની તાલીમ આપવાથી જ આવે. જ્યારે વિદ્યાર્થી કંઈક સ્વાવલંબન શીખશે ત્યારે તેનામાં આત્મવિશ્વાસ આવશે અને આપઘાતનો તેને વિચાર પણ નહીં આવે.

ઑસ્ટ્રેલિયામાં ઘેટાંનાં એક ફાર્મમાં એક ઑક્સફર્ડ યુનિવર્સિટીનો, બીજો જર્મન યુનિવર્સિટી અને ત્રીજો કૅમ્બ્રિજ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ- એમ ત્રણ ગ્રેજ્યુએટ નોકરી કરતા હતાં. તેઓની કામગીરી ઘેટાં ચારવાની હતી. એ ફાર્મનો માલિક એક અજ્ઞાન અને અભણ બુઢ્ઢો હતો. તે ઘેટાં ઉછેરનાર હતો. તે ઘેટાં ઉછેરવાનું પુસ્તકીયું જ્ઞાન કે તેનાં સિદ્ધાંતો જાણતો નહીં. જ્યારે તેનાં હાથ નીચેનાં પગારદાર ત્રણેય ગ્રેજ્યુએટો એકથી વધુ વિદેશી ભાષાઓ જાણી શકતા હતાં અને તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર વિશે ચર્ચાઓ પણ કરી શકતા હતાં. જ્યારે રૂપિયા તો આ નિરક્ષર બુઢ્ઢો જ કમાઈ શકતો હતો ! ઘેટાં અને ફાર્મ સિવાય તે બીજું કોઈ ગહન સિદ્ધાંતોવાળું જ્ઞાન જાણતો ન હતો છતાં તે વિખ્યાત યુનિવર્સિટીઓનાં ગ્રેજ્યુએટોનો વડો થઈને તેને હાજર રખાવતો, તેની પાસેથી કામ લેતો અને તેને પગાર ચૂકવતો અને એ પગારથી અનેક ગણો નફો પોતે રળતો !!

આ ઉપરથી અભ્યાસ સાથે સ્વાશ્રય, સ્વાવલંબન અને બુનિયાદી કેળવણીનું મહત્ત્વ સમજી શકાશે. હું પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી હતો ત્યારે અમારી શાળાનાં આચાર્ય સાહેબે વિદ્યાર્થીઓની ટુકડીઓની રચના કરીને તેને જુદી જુદી કામગીરી સોંપી હતી. આરોગ્ય ટુકડી શાળાનાં મેદાનમાં આવી ઢોરનું છાણ દૂર કરે, કોઈ વિદ્યાર્થી શ્વાને કરેલ મળ વડના સુકાઈ ગયેલાં પાન વડે, પાન પર લઈ બહાર ફેંકી આવે અને પોતે બાજુમાં વહેતી ફોફળ નદીએ જઈ વ્યવસ્થિત રીતે પોતાના હાથ પગ ધોઈ નાખે, સફાઈ ટુકડી મેદાન તથા રૂમમાં વાળે-ચોળે, સૂકા પાંદડાં અને કચરો બહાર એક નિશ્ચિત કરેલી જગ્યાએ ફેંકી આવે, મનોરંજન ટુકડી દર શનિવારે પ્રાર્થના બાદ ગીત ગાય, વાર્તા અને વિનોદી ટુચકા કહે, પ્રાર્થના ટુકડી શાળામાં આવેલાં ફૂલછોડમાંથી ફૂલો ચૂંટી, સરસ્વતી માતાજીની છબીને ખુરશી પર રાખી બાજુમાં ફૂલો ધરે, સુગંધી અગરબત્તી કરે અને પ્રાર્થના-સ્તુતિ ગવડાવે અને પ્રાર્થના બાદ સુવિચાર કહે, બાગાયત ટુકડી ક્યારાઓમાં ગોડ કરી પાણી પાય, નકામી ડાળીઓની કાપણી કરે, રમતગમત ટુકડી કબડ્ડી, ખોખો વગેરે રમતો રમાડે.

ટુકડીઓનાં ક્રમ મુજબ દર અઠવાડિયે આ ટુકડીઓની કામગીરી બદલાવવામાં આવે. આમ દરેક ટુકડી વારાફરતી દરેક કામ કરે. એ વિદ્યાર્થી પોતાના માબાપ જે કામ ચીંધે, તેની આજ્ઞાનું પાલન એ કરી શકે. તેથી વિદ્યાર્થી સંનિષ્ઠ અને ચારિત્ર્યવાન બને તેવી સ્વાશ્રયી અને બુનિયાદી કેળવણીથી જ શિક્ષણનો શુદ્ધ હેતુ ચરિતાર્થ થશે.

મોબાઇલ:૯૫૫૮૨૨૭૯૦૮

## ૧૨ નવું શીખવાની કોઈ ઉંમર હોતી નથી... ખેતીમાં પણ

**હીરજી ભીંગરાડિયા**

---

મહાન વિજ્ઞાની એરીસ્ટોટલે ૮૦ વર્ષની ઉંમરે વાંસળી શીખવાનું શરુ કર્યું. આ જોઈ કોઈએ પૂછ્યું કે 'આટલી ઊંમરે વાંસળી શીખતા તમને શરમ નથી આવતી ?' એરીસ્ટોટલે કહ્યું: 'ના ! શરમ તો મને હમણાં સુધી થતી હતી, જ્યારે બીજાને વાંસળી વગાડતા જોતો અને મને તે આવડતું નહોતું ત્યારે.' ઉંમર ગમે તેટલી હોય, શીખવામાં કોઈ શરમ ન હોવી જોઈએ. માનવજાતની આજ સુધીની પ્રગતિ તેના કુતુહલ અને અભ્યાસવૃત્તિના કારણે થઈ છે.

ઉદાહરણ સાવ નાની ઉંમરવાળાનું :

'પ્રાંશુ ! હું પૂછું એનો જવાબ દઈશ બેટા ! આપણા દેશનું નામ શું ?' એ કહે 'ભારત.' મેં આગળ પૂછ્યું, 'અને ભારતની રાજધાનીના શહેરનું નામ ?' તો કહે 'દિલ્હી'. હાથમાં પૃથ્વીનો ગોળો લઈ મેં ચોથા ધોરણમાં અભ્યાસ કરતા મારા પૌત્ર પ્રાંશુ ભીંગરાડિયાને તેના સામાન્યજ્ઞાનની ખરાઈ અર્થે પ્રશ્નો પુછવાના શરુ કર્યા.

'ચાઈનાની રાજધાની ?....ઇઝરાયલની ?, ઈરાકની? એમ હું નકશામાં જોઈ દેશનું નામ પૂરુ બોલી ન રહ્યો હોઉં ત્યાં જ પૌત્ર પ્રાંશુ તેની રાજધાનીનું નામ ફટાફટ બોલી દેતો જોઈ -સાંભળી હું તો અચંબામાં પડી ગયો ! આવી રીતે મેં ૨૨-૨૫ દેશોની રાજધાની વિશે પૂછ્યું, પણ બધા જ સવાલોના સાચા જવાબો સાંભળી મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો ! કહેવું પડે આ બાળકનું ! સાવ નાની વયમાં આટલું બધું સામાન્યજ્ઞાન? કેટલી બધી યાદશક્તિ ? આટલી નાની ઉંમરે આટલી બધી યાદશક્તિ ખીલવી શક્યો હોય તો મોટો થયે ક્યાં પહોંચશે? અમને વડીલોને એને જ્યારે ને ત્યારે મોબાઇલમાં રચ્યો પચ્યો રહેતો ભાળી 'બાળક મોબાઈલમાં આટલો બધો ચોંટ્યો રહે તે બરાબર નહોતુ લાગતું' પણ તેનો સદુપયોગ થાય તો તેનો મોબાઇલ પાછળ ખરચેલો સમય લેખે લાગ્યો ગણાય.

વિદ્યાવારિધીઓને મન પણ શીખવાને જ મહત્ત્વ :

૧...સ્વ. ન.પ્ર. બુચદાદા ગ્રામવિદ્યાપીઠ લોકભારતીનું મૂલ્યવાન ઘરેણું હતા. તેમની નિયમિતતા, નમ્રતા, બુદ્ધિમતા, વાક્ચાતુર્ય, રમુજી સ્વભાવ અને સામાન્યજ્ઞાન અસાધારણ હતાં. તેમણે ૮૮ મે વર્ષે 'ફ્રેંચભાષા' શીખવાનું શરુ કરેલું. આ ઉંમરે તો માણસ બધામાંથી પરવારી જાય. ઘણાને આની નવાઈ લાગી અને પૂછતા:'આવો નવો પરિશ્રમ કેમ કરો છો ?' તેમનો જવાબ હતો, 'યુરોપની શ્રેષ્ઠ ભાષાઓમાંની આ 'ફ્રેંચ' નું સાહિત્ય બહુ સમૃદ્ધ છે, ઉપરાંત આપણી સંસ્કૃતભાષા અને યુરોપની ફ્રેંચ ભાષાના બંધારણની તુલના કરવાની મારી લાંબી ઇચ્છા હવે પૂરી કરવામાં સમય આપી શકું છું.' જો કે તે પછી ૩-૪ વરસ જ તેઓ જીવ્યા. પણ છેલ્લે સુધી ફ્રેંચ ભાષાના અભ્યાસમાં જ તેઓ વ્યસ્ત હતા બોલો ! અરે, વિનોબા ભાવેતો જુદી જુદી કેટલીય ભાષાઓના જાણકાર અને કેટલાય ધર્મશાસ્ત્રોમાં પારંગત હોવા છતાં 'હવે કંઇ નવું શીખવું નથી' એવું એમણે જીવનભર ક્યારેય વિચાર્યું નહોતું.

૨...ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને ગ્રામવિદ્યાપીઠ લોકભારતી સણોસરાના સ્થાપક નાનાભાઈ ભટ્ટને અવસાન પહેલાં બે વર્ષે અકસ્માતમાં પગનું હાડકું ભાંગતાં સતત પથારીવશ રહેવું પડેલું. એવી સ્થિતિમાં પણ નાનાભાઈએ 'ક્વોન્ટમ થિયરી' વિશે અભ્યાસ શરુ કર્યો. તેઓ ધર્મ, આધ્યાત્મ અને કેળવણીના માણસ હતા, વિજ્ઞાનના નહીં. બધાને નવાઈ લાગે. નાનાભાઈએ ખુલાસો કરતા કહ્યું કે:

'ઉપનિષદ અને ક્વોન્ટમ થિયરીમાં શું સામ્ય છે તે તપાસવું જોઈએ. એટલે મેં ક્વોન્ટમ થિયરી વિશે વાંચવાનું શરુ કર્યું છે.' આખો દિવસ પથારીમાં ગાળવા છતાં આ નવા અભ્યાસને કારણે તેઓ તાઝા રહેતા હતા. તેઓ શરીરની પીડા પણ ભૂલી જતા હતા.

૩...જૈન સાધુ મુનિ રાજદર્શન વિજયજી ફૂલછાબની 'સાધુતો ચલતા ભલા' કોલમમાં લખે છે કે 'એક સંતે મોટી ઉંમરે સન્યાસ સ્વીકાર્યો. લોકો કહેઃ 'હવે આ ઉંમરે સન્યાસ લઈને તમે શું કરશો ? આ સીત્તેર તો તમને થયાં, હવે બે-પાંચ વર્ષમાં તો તમે સાવ નકામા થઈ જશો !' સંતે કહ્યું: 'તમે કેવી વાત કરો છો ? હું ઘરડો લાગુ છું ? ઘરડો તો દેહ થાય છે, મન ક્યાં ઘરડું થાય છે ? મારાં જે થોડાં ઘણાં વર્ષો બચ્યાં છે એમાં આનંદનો મેળો જામે માટે હું સન્યાસ લઉં છું.'

આપણે માની ન શકીએ એવું કામ એ સંતે કર્યું. અનેક દુહાઓ, પંક્તિઓ, શેર, લોકગીતો, સુભાષિતો કંઠસ્થ કર્યા અને એમાં જે સુભાષિતો એમને બહુ ગમતાં હતાં એનું એક એક પેજ ભરીને વિવેચન તૈયાર કર્યું. વીસ વર્ષમાં એમણે ત્રણસો- ત્રણસો પાનાનાં બાર પુસ્તકો તૈયાર કર્યાં. પછી દેહ થાક્યો પણ મન અખંડ રહ્યું. મનને થાક ન લાગવા દીધો. આજે હિંદીભાષી વાચકો માટે તેમનું સાહિત્ય અંગત વ્યક્તિ જેવું કામ કરે છે.

૪...ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં દોઢેક વરસ કામ કર્યા પછી મનુભાઈ પંચોળી 'દર્શક'ને એમ થયું કે, 'સંસ્થાનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે, ત્યારે જ્યાં સુધી હું જાતે જ ખેતી વિશેનું વિજ્ઞાન અને એનાં વિવિધ કાર્યોની પ્રત્યક્ષ રીતે જાણકારી નહીં મેળવું ત્યાં સુધી વિદ્યાર્થીઓ સાથેના પ્રયોગકાર્યમાં રંગ નહીં લાવી શકું.' અને નાનાભાઈની મંજૂરી લઈને-જેઓ વાંકાનેર રાજ્યના ભૂતપૂર્વ ખેતીવાડી અધિકારી અને તરવડામાં પોતાની વાડીમાં ખેતી કરી રહેલ ઉદ્યાનપંડિત ઇસ્માઇલભાઈ નાગોરીની વાડીએ રહી, જમીન વિજ્ઞાન, જંતુ વિજ્ઞાન, પાક વિજ્ઞાન, કીટકશાસ્ત્ર, પાણી અને જમીનના સંબંધો તથા ફળઝાડ ઉછેરની તાલીમ લીધેલી. વળી પોતે કહ્યું હતું કે, 'આ તાલીમને પરિણામે મેં જોયું કે, ખેતી એ કેવળ એક ધંધો નથી પણ એક સંપૂર્ણ જીવન સાધના છે, સંસ્કાર ઘડતર છે.' આ વાત અનુભવ વિના સમજાવવી મુશ્કેલ છે. ખેતીમાં તો પળે પળે ભગવાનની લીલા પ્રગટતી જોઈ શકાય છે. ખેડૂતનું ચિત્ત સુકોમળ, વ્યાપક અને સમતોલ બની જાય છે. અળસિયાં, ફુદાં, પતંગિયાં, બળદ, ગાય, મરઘાં, કુતરાં, ખેતીના દાડિયા, જમીન, વૃક્ષ, વનસ્પતિ બધામાં કુદરતનો અપૂર્વ રસ નીતરતો ભાળે છે. ચાર મહિના હું તરવડા ખેતી શીખવા રહ્યો તે દહાડા તીર્થસમાન નીવડ્યા.' વિદ્યાર્થીઓને ખેતીનું માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પણ પ્રત્યક્ષરૂપે આપવું હોય તો એ માટે થઈને પોતે ખાસ સમય ફાળવી ખેતી શીખવા તરવડા ચાર મહિના રોકાયા. મનુભાઈની ઉંમર તો વિદ્યાર્થીઓને શીખવવાની હતી, પોતાને શીખવાની થોડી હતી ? છતાંયે આવી ઉંમરે તેઓએ ખેતી વિજ્ઞાનને શીખવાને પ્રાધાન્ય આપ્યું.

પાકે ઘડે કાંઠા ચડાવ્યાનો મારો પોતાનો અનુભવ :

મેં ૧૯૬૫માં કૃષિસ્નાતક સુધીનો અભ્યાસ કર્યો તે સમયે કોઈના ઘેર ટેલીફોન કે કોઈ પાસે મોબાઇલ નહોતા. ઇમરજન્સીમાં કોઈ સમાચાર આપવાના થાય તો 'તાર'નો આશરો લેવાતો. એટલે આ 'ઇંટરનેટ' કે 'લેપટોપ' જેવા સાધનને નજરે જોવાની વાત તો બાજુએ રહી, તેનું નામ સુદ્ધાં સાંભળાયું નહોતું. એટલે અત્યારના આધુનિક સમયમાં કંઈ લખવાનું હોય, હિસાબ કરવાના હોય, અવનવી વિગત શોધવાની હોય, કે કોઈને વિગત કે ટપાલ મોકલવાની હોય તો તે બધું જ 'લેપટોપ'- 'ઇંટરનેટ' ના માધ્યમથી કરાતું ભાળી મને બહુ ઇંતેજારી થયા કરતી અને આ બધું મને પણ આવડે કે નહીં? એવું મનમાં થયા કરતું.એમાં ૨૦૦૫-ની સાલે મારા પત્નીને ગોઠણનું ઓપરેશન કરાવવાનું થતાં ૮-

૧૦ દિવસ દીકરાના ઘેર સુરતમાં રહેવાનું થયું. એક દિવસ દીકરા ભરતને 'લેપટોપ' પર કામ કરતો ભાળી પૂછી બેઠો કેઃ 'હેં બેટા ! મને આ લેપટોપ ચલાવતા આવડે?' મને કહે, 'બાપા, તમારી ઇચ્છા હોય તો આવો તમને શીખવાડું.', હું તો વિદ્યાર્થી બની દીકરા પાસે લેપટોપ ચલાવવાનું શીખવા બેસી ગયો. લેપટોપ કેવી રીતે ખોલવું, ખોલ્યા પછી ક્યા નિશાન પર 'ટચ' કરી શરુ કરવું, માઇક્રોસોફ્ટ વર્ડ ખોલવું, કર્સર કેમ ચલાવાય વગેરે જેવી પ્રાથમિક વિગતો દીકરો કહેતો ગયો તેમ હું લેપટોપ પર કરતો ગયો. ઉપરાંત 'ગાઈડ' સ્વરૂપે એક બુકમાં લખતો પણ ગયો. ત્રણ દિવસ તાલીમ લીધા પછી ચોથા દિવસે મને લેપટોપ પર ગુજરાતીમાં લખાણ લખતો જોઈ દીકરો કહે, 'બાપા, આ લેપટોપ અને પ્રિંટર બન્ને વાનાં ગામડે લેતા જાઓ !'આજની ઘડી ને કાલનો દિવસ ! આજ ૨૦૨૪ છેલ્લા ૧૫-૧૬ વર્ષથી હું મારા કૃષિ વિષયક અનુભવ લખાણો લેપટોપ પર ગુજરાતીમાં લખી રહ્યો છું અને દર અઠવાડિયે બે દૈનિકપત્રો અને હર મહિને આઠ,નવ કૃષિ વિષયક સામયિકોને 'નેટ' દ્વારા 'મેઇલ' કરી દઉં છું. આજે તો ૭૫ વટાવી ગયો છું, પણ છેલા ૧૫ વરસથી એટલેકે ૬૦ વરસની ઉંમરે હું ઇંટરનેટનો ઉપયોગ કરવાનું શીખ્યો! કહેવાય ને પાકે ઘડે કાંઠા ચડાવ્યા એવું જ !

ધર્મ ક્ષેત્રે પણ 'શીખવા'ને મહત્ત્વઃ

૧.......ભગવાન શ્રીકૃષ્ણે વ્રજમાં બાળલીલા દરમ્યાન મોટા મોટા અસુરોનો સંહાર કર્યો હતો. દેવરાજ ઇંદ્રને પડકાર ફેંકીને પોતાની આંગળી પર ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો. મથુરાના શક્તિશાળી રાજા કંસનો વધ કર્યો હતો. આવા સમર્થ પ્રભુ પણ વિદ્યા પ્રાપ્ત કરવા માટે ઉજ્જૈનમાં આવેલ ગુરુ સાંદીપનિના આશ્રમમાં ગયા હતા. માણસનું પદ કે ઉંમર ગમે તે હોય, નિરંતર જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવું જોઇએ.

૨.......... મહાભારતનુ યુદ્ધ પુરું થઈ ગયા પછી બાણશય્યા પર સૂઈ રહેલા ભીષ્મપિતામહ સૂર્ય ઉત્તરાયણનો થાય એની રાહ જોઈ રહ્યા હતા એ વખતે ભગવાન શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે "તમે ભીષ્મપિતામહ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો." યુધિષ્ઠિર તો જીવનના સંઘર્ષોમાંથી ઘણું બધું શીખ્યા હતા એમ છતાં ભગવાને તેમને જ્ઞાન પ્રાપ્ત કરવા ભીષ્મપિતામહ પાસે જવાનું કહ્યું. તેથી તેઓ જ્ઞાન પ્રાપ્ત કરવા ભીષ્મપિતામહ પાસે ગયા અને એના લીધે જ આપણને મહાભારતમાં શાંતિ તથા અનુશાસન પર્વના સંવાદનો અદ્‌ભૂત લાભ મળ્યો છે.

ખેતીમાં પણ વિજ્ઞાન ઝડપથી આગળ વધી રહ્યું છે. નવાં બિયારણો, નવી પદ્ધતિઓ, નવાં નવાં યંત્રો અને આયામો આવી રહ્યા છે ત્યારે, ક્યારેય આપણે એમ નહીં વિચારવાનું કે 'હવે આપણાથી આમાં ન પડાય ! મારી તો ઉંમર થઈ ગઈ ! આ બધું આપણને ન ફાવે !' જો એવું નકારાત્મક વલણ અપનાવશું તો માપથી ઝાઝા વાંહે રહી જઈશું હો ! 'શરીર' થાકશે તો રાત્રિ દરમ્યાનના ઊંઘ અને આરામ થકી થાક ઉતારી સવારે તાજું બની જશે. પણ જો 'મન'ને થકવી દેવાશે ને તો કોઈ નવું કામ શીખવાની ઇચ્છા જ મરી પરવારશે. માટે ખેતીમાં મન ક્યારેય ન થાકે એનું પૂરું ધ્યાન રાખવું પડશે હો ભાઈઓ ! નિરંતર શીખતા રહેવાની વૃતિ માણસને જીવનમાં આગળ ધપાવે છે. શીખવાનું બંધ કરી દે છે તેઓની પ્રગતિ અટકી જાય છે. જે માણસો હંમેશા નવું નવું શીખતા રહે છે અને પોતાની કાર્યકુશળતા વધારતા રહે છે તેને અવશ્ય સફળતા વરે છે. વળી તે અન્ય લોકો માટે એક અનુકરણીય આદર્શ બની જાય છે.

શીખવામાં કોઈ પદ-હોદ્દો કે ઉંમરનો બાધ નડતો નથી. કંઈ નવું આવ્યું ? યા હોમ કરીને કુદી પડવાનું ! શીખવા માંડ્યે શું ન આવડે ? શીખ્યે પાર ! સફળતા ન મળે તો તે બિચારી જાય ક્યાં ?

મો.૯૩૨૭૫ ૭૨૨૯૭

## ૧૩ મેં જોઈ એક મજાની શાળા

**ડો. સંજય આર. તલસાણિયા**

વાત છે એક ખોબા જેવડા ગામ ઢેઢુકીની, કે જે વિછીયા તાલુકાના રાજકોટ જિલ્લાનું બિલકુલ ખુણાનું ગામ છે. અહિ એક યુવાન શ્રી ચૈતન્યભાઈ ૧૯૮૯માં 'જીવન જીવવા માટે અને ગામડામાં રહેવા માટે' ના શુભ આશયે ઢેઢુકીમાં કશુંક નવું કરવાની તમન્ના સાથે, ગામના ભૂલકાઓના ઘડતર અને ચણતર માટે પલાઠીવાળીને બેસી ગયા. ગામમાં સરકારી શાળા નહોતી એવું નહોતું પરંતુ શાળા અને બંધ દિવાલવાળા શિક્ષણથી તેમને સંતોષ ન હતો. પિતા અનિલભાઈ ભટ્ટ ભાવનગરની જ નહીં ગુજરાતની નામાંકિત સંસ્થા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં વર્ષો સુધી શિક્ષકધર્મ નિભાવ્યો હતો. તેમના સુપુત્ર ચૈતન્યભાઈ પોતાના પિતાજીએ કંડારેલી કેડી પર ચાલવા થનગની રહ્યા હતા, એટકે કે ગળથૂથીમાં જ આ સંસ્કાર સાંપડ્યા હતા. તેઓ આંબલા અને ત્યાર બાદ વેડછી અભ્યાસ કર્યા પછી ગામડાના બાળકોને પોતાના વિચારો મુજબ ઘડવા અને સમાજને ઉપયોગી બનવા કટિબધ્ધ બન્યા. આ કાર્યમા તેમના ધર્મ પત્ની સોનલબેને પણ સાથ આપ્યો. આજે તેઓ આ વિસ્તારના અને ગામડાંના ગાંધી બની ગયા છે. સમાજ પ્રત્યે સંવેદના, બાળકો પ્રત્યે ઉમદા વાત્સલ્યભાવ તેમજ પ્રકૃતિના તત્ત્વો સાથે તાલ મિલાવીને શિક્ષણ સાધના માટે કોઈ યુગલ ગામડાંમાં બેસી જાય તો ગામની શકલ કેવી રીતે બદલાય જાય તેનું જીવતું જાગતું ઉદાહરણ જો તમારે જોવું હોય તો વિછીયા થી ૪૦ કિલોમીટર દૂર આવેલી આ " લોકમિત્રા" શાળામાં જવું પડે.

શ્રી ચૈતન્યભાઈ એટલે શાંત,સીધું-સાદુ, સરળ વ્યક્તિત્વ. પહેલી નજરે જ તેમના વિચારો અને કાર્ય કરવાની રીતભાતથી તેમના પોત અને પ્રતિભા પ્રતિત થયા વિના ન રહે. તેમના પત્ની સોનલબેન પણ શિક્ષિત અને કોઠાસુઝવાળા તેથી તેમના કાર્યમા સોનામાં સુગંધ ભળી. આ વિસ્તારમા ૧૯૮૮-૮૯માં એક અજાણ્યા દંપત્તિ ગામના સરપંચ અને આગેવાનોને મળી ગામમાં કેળવણીનું કામ જે રીતે કરવા માંગે છે તેની " અથથી ઈતિ " સુધીની માંડીને વાત કરે છે. એ પહેલા "લોકમિત્રા " ટ્રસ્ટ કે જેના પ્રમુખ લોકભારતી સણોસરાના જાણીતા કેળવણીકાર ડૉ.અરુણભાઈ સાથે બેસીને પોતે કઈ રીતે કાર્ય કરવા માંગે છે તેમજ ગામને ઉપયોગી થવા માંગે છે તેની બ્લુપ્રિંટ બતાવે છે અને આરંભ થાય છે ગામમાં નવીન કેળવણી ! ગ્રામજનો, આગેવાનો અને સરપંચશ્રી સાથે અનેક બેઠકો યોજીને નવીન કેળવણીની વાત કરે છે. ગામના આગેવાનો ગામનું અને છોકરાનું ભલું થશે એમ માની ગામમાં જ ઓટલો અને રોટલો આપવાની તૈયારી દર્શાવી રહેવા માટે કાચામાટીનું મકાન આપે છે. કામ શરૂ તો કરવુ છે પરંતુ ટ્રસ્ટ હોય તો કામ વધુ સુગમતા રહે માટે " લોકમિત્રા " ટ્રસ્ટની રચના કરી કે જેના ટ્રસ્ટીઓ ડૉ. અરૂણભાઈ દવે અને અન્ય નામાંકિત ડૉક્ટરો તેમજ સ્થાનિક આગેવાનોને સામેલ કરવામા આવે છે.

ચૈતન્યભાઈના મગજમાં મૂળ વાત એ હતી કે આ ગામ અને આજુબાજુના પંથકમાં કેળવણીની નવી તરાહ અને નવી કેડી કંડારવી અને એ માટે જાતને ઘસી નાખવી. આ તાલાવેલી સાથે બંનેએ મનને મજબૂત અને દ્રઢ કર્યું અને ટાંચા સાધનોથી કેળવણીના 'ક' ની શરૂઆત કરે છે. બન્નેના મનમંદિર અને હૃદયમાં પૂજ્ય નાનાદાદા, 'દર્શક'દાદાની કેળવણી તો ખરી જ ! તેની સાથે - સાથે બાળકો, યુવાનો , કિશોરોના હિતની સંકલ્પના પણ હતી અને તેથી જ બધું જ સાંગોપાંગ ઉતર્યું. ગામ લોકોએ પૂરેપૂરો સહકાર આપ્યો. ટ્રસ્ટમાંથી નવદંપત્તિના જીવન નિર્વાહ થઈ

શકે એટલી નાની આમદની આપવાનુ નક્કી થયુ.

શરુઆત બે બાળકોથી થઈ. કેમકે આ નૂતન કેળવણીમાં ન હતો અભ્યાસક્રમ કે ન હતા પાઠ્યપુસ્તક કે ન હતી કોઈ પરીક્ષા ! હતી માત્ર ગામના બાળકો અને યુવાનો બને ત્યાં સુધી પોતે પગભર થઈ શકે, પંડ્યના બળે અને કોઠા સુઝે, આત્મબળે, સન્માન ભેર જીવી શકે એવા બાળકો, કિશોરો, તરુણો અને યુવાનોને ઘડવા હતા. શાળાની શરૂઆત ૧૯૮૯માં બાલવાટિકા કહો કે આંગણવાડી ! તેનુ નામ તેઓએ " કિલ્લોલ " પાડ્યું. થોડા જ સમયમાં તેમના આ કાર્યની સુવાસ રાજ્ય અને દેશના સીમાડા વટાવી ચૂકી હતી., કારણ કે કામ જ એવું હતું ને ! વાત છેક સ્વીડન સુધી પહોચી. સ્વીડનની એક સંસ્થાને જાણ થઈ કે, ભારત દેશમા ગુજરાત રાજ્યના એક છેવાડાના ગામડામાં એવું તે કેવું શિક્ષણ કે જે નૂતન તરાહનુ છે ! એ શિક્ષણ જાણવા- પીછાણવા સ્વીડનથી એક ટીમ આવે છે. આ નવિન કેળવણીનો અભ્યાસ કરે છે અને તે સૌનું મન નાચી ઊઠે છે.તેઓની ટીમે શ્રી ચૈતન્યભાઈને સ્વિડનમાં ચાલી રહેલા આવા જ શિક્ષણને સમજવા માટે નિમંત્રણ આપે છે. તેનો સ્વીકારી કરી તેઓ સ્વીડન ૨૦ દિવસના શૈક્ષણિક પ્રવાસ માટે જાય છે. ત્યાં બાલવાટિકાથી લઈ ઉચ્ચ શિક્ષણમાં ન હતો અભ્યાસક્રમ, ન હતો પાઠ્યક્રમ ન હતી પરીક્ષા. આવા પ્રકારની શિક્ષણ પદ્ધતિથી તેઓ પરિચિત તો હતા પરંતુ વ્યવહારમાં કઈ રીતે અમલમા મૂકી શકાય છે એ જાણી- સમજી તેઓ ખુશ થયા અને તેઓને આ પ્રકારની કેળવણીમાં વધારે વિશ્વાસ બેઠો, આત્મવિશ્વાસ વધ્યો અને તેઓ બમણા વેગ અને નિશ્ચિત નિર્ધાર સાથે આગળ વધ્યા.

શ્રી ચેતન્યભાઈની આ શાળા તથાકઠિત શાળાથી તદ્દન અલગ ચીલો ચાતરીને નવા જ ખેપ માટે બાળકોને તૈયાર કરી રહી હતી. અહિ ભણતર માત્ર નામનુ જ પરંતુ ગણતર જરૂર હતું અને એ ગણતર એવું હતું કે બાળકો રમતા જાય અને ભણતા,બાગ-બગીચાના કામ કરતા જાય કુદરતનો ખોળો ખુંદતા જાય. આમ ભાર વગરના ભણતરની શરુઆત થઈ. પ્રકૃતિની ગોદમાં રમતા-કુદતા કાગળ, પુંઠાના રમકડા બનવતા ઘણું શીખતા થયા. બગીચો સફાઈ કરતાં-કરતાં પાણી પાતા-પાતા વેસ્ટ પાણીનો ઉપયોગ કરતા, વરસાદી પાણીનો સંચય કરતા, ઝાડ-પાન, પર્યાવરણ, પશુ-પક્ષી નદી- તળાવ સાથે દોસ્તી થઈ જાય તેની કશી જ ખબર બાળકોને ન પડે અને હા, એ જ તો ચિંતનભાઈના ચિત્તમાં ચાલતું હતું ને ? કે બાળક આમ સહજ ભાવે પર્યાવરણ સાથે ઓતપોત થાય.

આ શાળા સ્થળ ઔષધીય વૃક્ષો, છોડો ,વેલી અને લતા મંડપથી પુષ્પવાટિકા સમી ભાસે. વૃક્ષોનો આધાર લઈ વૃક્ષ પર જ વિદ્યાર્થીઓ અને સ્વયં ચિંતનભાઈ ખૂબ જ સરસ મજાની લાકડા અને પાનની પર્ણકૂટી તૈયાર કરી છે. દિવસમાં બધા જ બાળકો આ નાનકડા વર્ગખંડમા અભ્યાસ માટે જરૂર જાય. વિચારો જોઈ, પર્યાવરણ શિક્ષણના આથી વિશેષ પાઠ બીજા ક્યાં મળે ? એ વર્ગખંડને તાદ્રશ્ય જોઈ આ વર્ગખંડમાં ફરી બાળક તે કિશોર બની ભણવા બેસી જવાનું મન થઈ આવે ! વળી આ શાળાના એક ખૂણામાં ડુંગરને કોતરી એક નાની સી ગુફા પણ બનાવી છે, જેમાં બાળકો ધ્યાનમાં બેસે, પ્રાણાયામ અને ઓમકાર સાથે સમાધિષ્ઠ થાય. નાના બાળઋષિને ધ્યાનમાં જોવા એ પણ એક લાહવો જ ગણી શકાય.

આ નાનકડા પરિસરમા નાનકડું મ્યુઝિયમ શાળાની આગવી ઓળખ છે, જેમાં ૩૦૦- ૪૦૦ વર્ષ જુના તાંબા,પિત્તળ, કાંસા, જર્મન સિલ્વર વગેરેના વાસણો જેમાં બેડું,થાળી વાટકો, લોટો, ડોળ, કમંડળ,પુજાવિધિના ઉપકરણો વગેરે સાંચવીને રાખવામાં આવ્યા છે. વૃક્ષોના સદીઓ પુરાણા અસ્મિઓ કે જે તેઓને કચ્છમાંથી મળી આવ્યા હતા તેને સુંદર સંચય પણ જોવા મળે છે. ૭૦-૮૦ મણ અનાજ સંઘરી શકાય એવી માટીકલાના નમૂના રૂપ કોઠી કે જે આજે જેનું ચલણ પણ રહ્યું નથી તે અહીં સાચવીને મૂકવામાં આવી છે. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ વાંસ,કાપડ, માટી,લાકડા વગેરેની નાની કલાત્મક વસ્તુ કાળજીપૂર્વક ગોઠવીને મુકવામાં આવી છે. એક શ્રેષ્ઠ શાળાને પણ આંટી મારે એવું સુંદર મજાનું પુસ્તકાલય અહીં

તેની વિશેષ ઓળખ છે. બાળકોથી, કિશોરો, તરુણો, યુવાનો, અભ્યાસુઓ અને શિક્ષિતો બધાને રસ પડે એવા પુસ્તકોનો તો અહિ ભંડાર છે. વળી તેની વિશેષતા એ કે ૨૪ કલાક આ પુસ્તકાલય ખુલ્લું જ હોય. જે પુસ્તક બાળકોને વાંચવું હોય તે જાતે પુસ્તક લઈ વાંચી ફરી પાછું એ જગ્યાએ મૂકી દે. આજ દિન સુધી પુસ્તક ખોવાની કે ફાટવા-તૂટવાની કોઈ ફરિયાદ તેમને મળી નથી.

અહીં માત્ર બાળકો, કિશોરો, તરુણો કે યુવાનોને જ કેળવવાની વાત નથી, અહીં તો સમાજને પણ કેળવવાની વાત છે. ગ્રામજનો સાથે જ્યારે પણ આ દંપત્તિ બેઠા હોય ત્યારે તેમની સાથે ચર્ચા કરે કે તેમને કેવા પ્રકારની વ્યવસાયિક તાલીમની જરૂર છે ? ખેતીવાડીમાં અને પશુપાલનમાં ક્યા મુશ્કેલીઓ છે એ સંદર્ભે ચર્ચા કરે. તેઓને આ સંદર્ભે વ્યવસાયિક તાલીમ મળી રહે એનું આયોજન પણ અહિ થાય. ઘણી વખત માટી કલા ઉપર પણ તાલીમ ચાલે કે જેની અંદર બાળકો કિશોરો, તરુણો અને યુવાનો રસ ધરાવતા બધા જ એમાં જોડાય અને એ માટેની તાલીમ મળે.ઘણી વખત તેમને એક્સપોઝર વિઝીટ પણ કરાવવામાં આવે.. આ ઉપરાંત વાસકામ કઈ રીતે કરવું એ માટે ડાંગ અને આહવામાંથી આદિવાસી મિત્રોને બોલાવે અને તેમને આઠ- દસ દિવસની કાષ્ટકલાની તાલીમ પણ યોજાય કે જેમાંથી તૈયાર થયેલા યુવાનો પોતે પગભર થઈ શકે અને પોતાનું ગુજરાન ચલાવી શકે. હા અહીં કોઈ કિશોર કે તરુણને અથવા યુવાનની ઈચ્છા થાય કે મારે મોટર રીવાઈડીંગ શીખવું છે, ગેરેજ સંદર્ભેનું માર્ગદર્શન મેળવવું છે તો નજીકના શહેરમાં શ્રી ચૈતન્યભાઈએ વિદ્યાર્થિને ચિઠ્ઠી લખીને મોકલી આપે. જે તે ગેરેજવાળા આ વિદ્યાર્થીને પોતાને ત્યા એક- બે કે ત્રણ મહિના રાખે અને બધું જ જ્ઞાન પ્રાપ્ત કરે. વળી આ વિધાર્થી, કિશોર કે તરુણને સ્ટાઈફંડ રૂપે આઠ - દસ હજાર રૂપિયા પણ આપે. વિચારો જોઈએ કે આવી આપણી શિક્ષણ પ્રણાલીમાં આપણા કિશોરો કે તરુણોને કોઈ તક ખરી ? જો " ના " તો આ સંદર્ભે આપણે હજી ઘણું કરવાનું બાકી છે. કેમ કે આજના યુવાનો ભણીગણી માત્રને માત્ર સરકારી નોકરીના ઓશીયાળા બની ગયા છે ત્યારે જાતે કઈ રીતે પગભર થવું, ગુજરાત ચલાવવું એની સાચી કેળવણી અહીં આપી રહ્યા છે.

શુ એવું નથી લાગતુ કે , આપણે પણ આવી શાળાઓ ચલાવવી જોઈએ ? શુ એ માટેની એક નેક પહેલ ન કરવી જોઈએ ? જેથી આપણા બાળકો, કિશોરો અને યુવાનો પગભર થઈ શકે અને આત્મસન્માન સાથે જીવી શકે. યુવાનોને ઘડવા અને તેમના ઉજ્જવળ ભવિષ્યના દ્રઢ નિર્ધાર સાથે બેસી સાચોશિક્ષક ધર્મ બજાવી રહ્યા છે ત્યારે શ્રી ચૈતન્યભાઈ અને સોનલબેનને ખોબલે ખોબલે અભિનંદન આપવા ઘટે !

મો-૭૯૯૦૫૦૯૨૯૩

**શ્રદ્ધાંજલિ**

- સ્વ.શ્રી અનિલભાઈ ભટ્ટના લઘુબંધુ મહેશભાઈ ભટ્ટના ધર્મપત્ની અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના બહેન શ્રી ભારતીબહેન મહેશભાઈ ભટ્ટનું તા. ૧૫ના રોજ આંબલા ખાતે દુઃખદ અવસાન થયું.
- લોકભારતીના ખેતીવિભાગના કાર્યકર શ્રી બુધાભાઈ કંટારિયાના યુવા દિકરા શ્રી ઉત્તમ કંટારિયાનું તા. ૦૨-૦૯-૨૦૨૪ના રોજ ૮ વર્ષની વયે ભારે દુઃખદ અવસાન થયું છે.
- સ્વ.શ્રી અનિલભાઈ ભટ્ટના લઘુબંધુ શ્રી અરુણભાઈ ભટ્ટનું ૯૧ વર્ષની જૈફ વયે વડોદરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૪ સંસ્થા સમાચાર (ઓગસ્ટ, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૦૨ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટના પ્રમુખશ્રી હિંમતભાઈ ગોડા, ઉપપ્રમુખશ્રી વલ્લભભાઈ લાખાણી લોકભારતીની મુલાકાતે આવી ગયા. તેઓએ શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી સાથે કેટલીક વિગતોની ચર્ચા-વિચારણાઓ કરી.
- તા.૦૩ ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં ૭૭માં સ્થાપના દિનની ઉજવણીમાં શ્રી અરુણભાઈ દવેએ 'મોજીલું શિક્ષણ' ઉપર મોજભર્યું વ્યાખ્યાન આપ્યું. શ્રી હસમુખભાઈ સહીત અન્ય વિભાગના વડાઓ પણ ઉપસ્થિત રહ્યા. તાલીમાર્થીઓ દ્વારા રાત્રે સાંસ્કૃતિક અભિવ્યક્તિમાં અભિનય ગીત, ગરબા, એકપાત્રીય અભિનયનું મંચન થયું હતું.
- લોકભારતીના બધા જ શૈક્ષણિક વિભાગોમાં નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની અભિમુખતાનો એક સઘન કાર્યક્રમ તા.૦૬, ૦૭ ને ૦૮ના યોજાયો. તેમાં લોકભારતી યુનિવર્સિટીના બી. આર. એસ.ના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ નેતૃત્વ સંભાળ્યું. સૌ પ્રથમ નેતૃત્વ ટીમની અભિમુખતા કરવામાં આવી. ત્યાર બાદ નવા પ્રવેશ પામેલા બધા જ વિદ્યાર્થીઓને કુલ છ જૂથમાં વહેંચીને રોજ એક-એક ટંક જુદીજુદી સ્થાયી ટુકડીઓમાં મોકલીને લોકભારતીના મહત્ત્વનાં એકેએક મૂલ્ય વિષયક વાતો, વક્તવ્યો, વીડિયો ક્લિપ્સ, ગીતો, નાટકો, રમતો જેવાં વિધવિધ માધ્યમોનો ઉપયોગ કરીને અભિમુખ કરવાનું સઘન કામ થયું. આ નિમિત્તે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને શ્રી વિક્રમભાઈ ભટ્ટ પણ ત્રણ દિવસ આવીને રહી ગયા ને વિદ્યાર્થીઓને લોકભારતીના ભવ્ય વારસા અંગે વાતો કરી. તા.૦૮ના રોજ શ્રી અરુણભાઈ દવેએ સમાપન વક્તવ્ય આપ્યું.
- શ્રી નિગમભાઈ શુકલ, શ્રી શીલાબહેન બોરીચા, શ્રી સરોજબહેન ચૌધરી, શ્રી જગદીશભાઈ કંટારિયા, શ્રી પ્રદિપભાઈ ક્યાડા, શ્રી વિનીતભાઈ સવાણી, શ્રી વિક્રમભાઈ દેસાઈ અને શ્રી પરેશભાઈ રાઠોડ તા. ૦૭ના રોજ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળામાં રાજભવન, ગાંધીનગર જઈ આવ્યા.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-ભાવનગર આયોજિત સફાઈ મિશન અંતર્ગત ત્રણેક જિલ્લાના કાર્યકરોનો એક બેદિવસીય તાલીમી કાર્યક્રમ તા.૦૭ અને ૦૮ના રોજ લોકભારતીમાં યોજાઈ ગયો.
- તા.૦૯ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી દિનુભાઈ ચુડાસમાએ રવીન્દ્રનાથ ટાગોર અંગે મનનીય વાતો કરી.
- તા.૦૯ ના રોજ અધ્યાપનમંદિરમાં પ્રકૃતિદર્શન માટેનો ખજાનાશોધ કાર્યક્રમ યોજાયો હતો. તાલીમાર્થીઓએ લીલી વનરાઈ અને ડુંગર વચ્ચે ભ્રમણ કર્યુંહતું. આંબલા ખાતે ચાલતી મોજીલી પ્રાથમિક શાળાના બાળકોની રાસ ગરબાની પ્રસ્તુતિ માણી હતી.
- તા. ૧૦ ના રોજ અધ્યાપનમંદિર અને સણોસરાની તમામ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે સિંહોના સંરક્ષણ અને સંવર્ધન અંગેની જાગૃતતા લાવવા

માટે બાળકોની રેલી સાથે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાના ટી.પી.ઓ.શ્રી અને વન વિભાગ શિહોર રેન્જના શ્રી વિક્રમસિંહ ડોડિયા અને અન્ય ફોરેસ્ટ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- તા.૧૦ના રોજ શ્રી અરુણભાઈ દવે તલગાજરડા જઈ આવ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર મુકામે યોજાયેલ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનમાં તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ લોકભારતીના કેટલાક કાર્યકરો જઈ આવ્યા.
- મા. પ્રધાનમંત્રી દ્વારા તા. ૧૧ના રોજ સમગ્ર દેશના ખેડૂતો માટે વાતાવરણ અનુકુલિત અને જૈવ સુદૃઢ ૧૦૯ જેટલા વિવિધ પાકોની જાતો રીલીઝ કરવામાં આવી. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સણોસરા દ્વારા લોકભારતી ખાતે કરવામાં આવ્યું જેમાં ૬૨ જેટલા ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- સ્વાતંત્ર્યદિન નિમિત્તે પરેડ, ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થી મંત્રીમંડળના મહામંત્રી શ્રી ધનેશભાઈ લીંબડિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. સંમેલનમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા, શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સૌને સ્વાતંત્ર્ય દિવસના શપથ લેવરાવ્યા અને મુખ્ય વક્તાશ્રી પાર્થેશભાઈ પંડ્યાએ 'અર્ધી રાતે આઝાદી' પુસ્તકને કેન્દ્રમાં રાખી રસાળ શૈલીમાં પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. આભારદર્શન શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કર્યું.
- શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી કિરણબહેન ચુડાસમાને પૂ. મોરારિબાપુની ઈન્ડોનેશિયાના યોગ્યકર્તા મુકામે યોજાનાર રામકથામાં આવવા નિમંત્રણ મળેલ. તા.૧૫ના રોજ તેમને આ માટે શુભેચ્છાઓ આપવાનો એક નાનો એવો ઉપક્રમ સાયં પ્રાર્થનાના અનુસંધાને કરવામાં આવ્યો. તેઓ તા.૧૬ના રોજ આ વિદેશપ્રવાસ અર્થે લોકભારતીથી રવાના થયાં. તેઓ તા.૨૭મીએ ત્યાંથી પરત આવી ગયાં. તા.૨૮મીની સાયં પ્રાર્થનામાં એમને આવકારવામાં આવ્યાં.
- તા.૧૭ના રોજ જાણીતા કવિ શ્રી તુષારભાઈ શુક્લ લોકભારતીની મુલાકાતે આવી ગયા, તેમની સાથે વિદ્યાર્થીઓનો એક કાવ્ય-ગોષ્ઠિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- તા.૧૯ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે જાણીતા ટી.વી. અને ફિલ્મ કલાકાર શ્રી દેવાંગીબહેન ભટ્ટે મનનીય વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- તા.૨૦ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરોની એક બેઠક આગામી 'દર્શક વ્યાખ્યાનમાળા અને પૂર્વવિદ્યાર્થી સન્માન' કાર્યક્રમ અંગેની વિવિધ જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી તથા લોકભારતી અંગેની કેટલીક વિગતો શ્રી અરુણભાઈ દવેએ વિગતે રજૂ કરી.
- તા.૨૦ના રોજ સાયં પ્રાર્થના બાદ વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી, જેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને લેખિતમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. શ્રી જયવંતસિંહ ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બીરદાવી અને

નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.

- આગામી દિવસોમાં નેક પિયર ટીમ આવવાની હોવાથી એમની તૈયારી છેલ્લાં ૧૫ દિવસથી ટીવાયબીઆરએસ.ના વિદ્યાર્થીઓ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કામગીરી કરે છે.
- તા. ૨૧ના રોજ લોકસેવાના વિદ્યાર્થીઓ દ્વારા 'ખજાનાની શોધ' કાર્યક્રમનું કાળભૈરવ આશ્રમ ખાતે આયોજન થયેલ.
- જૂનાગઢ ખાતે આવેલ આઈ.સી.એ.આર. સંસ્થાના મગફળી સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી મંજુનાથ પી. પાલેડ, વૈજ્ઞાનિકશ્રી સન્મુખા અડુપા અને બે સાથી કાર્યકર દ્વારા તા. ૨૨ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધેલ. અને જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો સાથે વાર્તાલાપ કરી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી હતી. સાથે સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બિયારણ પ્લોટ અને આર્યા પ્રોજેકટ અંતર્ગત સ્થાપિત મીની ઓઈલ મીલની મુલાકાત લીધી હતી.
- ગુજરાત નઈ તાલીમ સંઘના મહામંત્રીશ્રી જેસંગભાઈ ડાભીનું દુઃખદ અવસાન થયેલ છે. ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તા. ૨૩ના રોજ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપવા યોજાયેલ કાર્યક્રમમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.
- તા.૨૪-૨૫ના એમ.આર.એસ.-૯૭ની બેચનું મિલન લોકભારતીને આંગણે યોજાઈ ગયું. સત્યાવીશ વર્ષ પછી સૌ મળી રહ્યા હતા. લોકભારતીમાં ફરીફરીને સૌએ પોતાના સંસ્મરણો વાગોળ્યા ને સ્મૃતિ ભવનમાં સૌએ પોતપોતાની વાતો અને સંસ્મરણો રજૂ કર્યાં. અંતે શ્રી હસમુખભાઈ દેવમુરારિએ અને શ્રી અરુણભાઈ દવેએ સંબોધન કર્યું.
- તા.૨૬ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.
- આ માસના અંતિમ અઠવાડિયામાં ગુજરાતમાં સર્વત્ર વરસાદી વાતાવરણ જામ્યું. સણોસરામાં ઘણો ઓછો વરસાદ, પણ ગુજરાતમાં બીજે ઘણાં સ્થળોએ વધારે પડતાં વરસાદના વાવડ અને આગાહીઓ આવવા લાગી, સરકારશ્રી તરફથી પણ સલામતીના પગલાંઓ તરીકે શિક્ષણ સંસ્થાઓમાં રજાઓ રાખવા અંગેના નિર્ણયો બહાર પડી રહ્યા હતા. આવા સંજોગોમાં સલામતી તરીકે આ વખતની ૨૯ ઑગસ્ટની નિર્ધારિત થયેલ પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા અને પૂર્વવિદ્યાર્થીઓનાં સન્માનનો કાર્યક્રમ સ્થગિત રાખવાનું થયું.
- તા.૨૮ના રોજ લોકભારતીનાં શુભેચ્છકશ્રી કોકિલાબહેન વ્યાસ-વ્યારા અને શ્રી રજનીબહેન ગાંધી-મુંબઈ લોકભારતીની મુલાકાતે આવ્યાં. નિરાંતે બે દિવસ રોકાઈને લોકભારતી, મણાર અને માઈધારની નિરાંતે મુલાકાત લીધી.
- તા.૩૦મીના રોજ પૂ. મોરારિબાપુ ઓચિંતા જ થોડી પળો માટે લોકભારતીની મુલાકાતે પધાર્યા. મહેમાનઘરના હીંચકે બેસીને સૌ પરિવારજનોના ક્ષેમકુશળ પૂછીને 'ઋષિકુંજ' અને 'દર્શકકુંજ'ની મુલાકાતે પણ ગયા.
- વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા તા. ૩૦ના રોજ સૌરાષ્ટ્ર વિસ્તારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો સાથે જૂનાગઢ ખાતે રિવ્યું મિટિંગ યોજાઈ. જેમાં શ્રી નિગમભાઈ શુકલ જઈ આવ્યા અને વર્ષ ૨૦૨૩નો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો.
- તા. ૩૦ના રોજ શ્રી અરુણભાઈ દવે સાથે નેક પિયર ટીમ વિઝિટ માર્ગદર્શન માટે સમગ્ર વિભાગીય વડાઓ સાથે એક બેઠકનું આયોજન થયેલું.
- તા. ૩૧ ના રોજ અધ્યાપનમંદિરમાં

શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'શિક્ષણમાં અનુબંધ' વિષે વક્તવ્ય આપ્યું.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ 'બાળવિકાસમાં લેવાની કાળજી' વિષે, તા.૦૨ના રોજ શ્રી વિશાલભાઈ જોશીએ 'વ્યાકરણ તથા ભાષાંતર' વિષય ઉપર, તા.૦૮ના રોજ શ્રી યાકુબભાઈ કોઠારીયાએ 'ગ્રામસભાની વ્યાખ્યા ભૂમિકા તથા મુખ્ય સેવિકા અને વર્કર હેલપરની લગતી સમિતિ' વિષે, તા.૧૩ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'જીવનની વ્યસ્તતા વચ્ચે માનસિક શાંતિ કઈ રીતે કેળવવી' વિષે, તા.૧૭ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ 'શું તમે તમારી માતા જેવા બનવા માંગો છો.' વિષે, તા.૨૨ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'બાળ કેળવણી અને મુખ્ય સેવિકાની ભૂમિકા' વિષે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'કૈલાસ માનસરોવર યાત્રા' વિષે વ્યાખ્યાન આપી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ જિલ્લા એસ.આઈ.આર.ડી.માથી શ્રી ખડોદરા હરેશકુમાર (કેપીસીટી બિલ્ડીંગ કન્સલ્ટન્ટ) તાલીમ વર્ગમાં 'મુખ્ય સેવિકા તરીકેની કાર્યરીતિ અને કાર્ય પધ્ધતિ' વિષે વિસ્તૃત સમજ આપી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ના રોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી જયશ્રીબહેન ઝરૂ 'મુખ્ય સેવિકાનો જોબચાર્ટ' વિષે તાલીમાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી.
- તા.૧૫ના રોજ સિહોર નાયબ મામલતદાર શ્રી રાઓલ યુવરાજસિંહ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર તેમજ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પરિવાર સહિત આવી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૧ના રોજ તાલીમવર્ગના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ, પ્રમાણપત્ર અને પુસ્તક સૌને સપ્રેમ આપેલ.

**આંબલા સમાચાર**

- તા. ૦૪ના રોજ કળસાર ત્રિવેણી કલ્યાણ ઉતર બુનિયાદી સ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સંસ્થા શુભેચ્છા મુલાકાતે આવેલ.
- તા. ૦૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટની આંબલા-મણારની વ્યવસ્થાપક મંડળ અને વિદ્યામંડળની બેઠક ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં મળેલ. આ બેઠકમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, નવા નિયુક્ત ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી રાજુભાઈ વાળા, વિદ્યામંડળના સભ્યશ્રી નલિનભાઈ પંડિત, શ્રી ભાવનાબહેન પાઠક, બંને સંસ્થાના આચાર્યશ્રીઓ, મોજીલી પ્રા.શાળાના આચાર્યશ્રી વગેરે સૌ હાજર રહેલ.
- તા. ૦૫ના રોજ ૩ નેવલ NCCના ADG સાથે આર્મી યુનિટે ભાવનગર મુકામે મિટિંગમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા શ્રી મહર્ષિભાઈ સોલંકી જઈ આવેલ.
- તા. ૧૦ અને ૧૧ના રોજ લોકશાળા અને મોજીલી પ્રાથમિકશાળાના વિદ્યાર્થીઓનો બે દિવસનો પ્રવાસ પાલિતાણા શેત્રુંજી પર્વત, હસ્તગિરિ, માઈધાર સાન્યસ સેન્ટર, અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ વગેરે સ્થળોનો યોજાઈ ગયો.
- તા.૧૧થી તા. ૨૦ દરમિયાન સોનગઢ મુકામે ૩ નેવલ NCCના કરેડ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ એ સર્ટિફિકેટ કોષના કેમ્પમાં જઈ આવેલ. ધો. ૧૦ના વિરાસ યુવરાજભાઈને બેસ્ટ કેડેટનો એવોર્ડ મળેલ છે.
- તા. ૧૩ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ તથા કાર્યકરો ખજાનાની શોધ કાર્યક્રમની સાથે મોજીલી પ્રાથમિક શાળાની

મુલાકાતે આવી ગયા.

- તા. ૧૫ના રોજ ૭૮માં સ્વતંત્રતા દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે આંબલાની કેન્દ્રવર્તી સરકારી પ્રાથમિકશાળાના પટાંગણમાં ભૂતપૂર્વ શિક્ષકશ્રી હરદેવસિંહ વાળાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. મોજીલી પ્રાથમિક શાળા, અને સરકારી પ્રા.શાળાના બાળકો દ્વારા પરેડ અને કવાયત કરવામાં આવેલ.
- તા.૧૫ના રોજ રામધરી મુકામે તાલુકા કક્ષાના ૭૮માં સ્વતંત્રતા દિનની ઉજવણી પ્રાંત અધિકારીશ્રી તથા મામલતદારની હાજરીમાં યોજાયેલ જેમાં આપણી સંસ્થાની સ્વનિર્ભર મોજીલી પ્રાથમિકશાળાના વિદ્યાર્થીઓ પોતાની રાસ-ગરબાની કૃતિઓ રજૂ કરવામાં આવેલ.
- તા. ૧૫ના રોજ સંસ્થાના વડીલ સ્વ.શ્રી અનિલભાઈ ભટ્ટના નાનાભાઈ મહેશભાઈ ભટ્ટના ધર્મપત્ની, તથા લોકભારતી રૂરલ યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના બહેન સ્વ.ભારતીબહેનનું અવસાન થતાં તેમને શ્રધ્ધાંજલિ અર્પિત કરવામાં આવી.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કૃપા ફાઉન્ડેશન-મુંબઈના ચેરપર્સન કૃપાબહેન શાહના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. આ તકે અતિથિવિશેષ પદે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કોમેડી કલાકાર નીતિનભાઈ દેસાઈ અને તેમના ધર્મપત્ની વર્ષાબહેન ઉપસ્થિત રહી બાળકોને મનોરંજન સાથે જ્ઞાન પીરસીને બાળકોને મોજ કરાવી હતી.

**મણાર સમાચાર**

- તા. ૩૧-૦૭ના રોજ લોકભારતી સણોસરા મુકામે નઈ તાલીમ સંઘ અને સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા કાર્યશાળા યોજાઈ ગઈ. તેમાં નિયામકશ્રી અને આચાર્યશ્રી જઈ આવ્યા.
- લોકશાળા મણારમાં શિક્ષા સપ્તાહ દરમિયાન વરસતા વરસાદમાં સૌએ ગરબાની મોજ માણી. શાળાના આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર દ્વારા તિથિ ભોજન અપાયું.
- રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિન ૨૦૨૪ ના ઉપલક્ષ્યમાં તારીખ ૦૮ અને ૦૯ ના રોજ શાળામાં ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન થયું.
- તા. ૦૯થી ૧૫ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત એન.એસ.એસ.યુનિટ અને શાળા પરિવાર દ્વારા 'તિરંગા યાત્રા'(રેલી) યોજવામાં આવી.
- તા. ૧૦ના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૧ના રોજ સ્વ.મૃદુલાબેન પ્ર.મહેતા પ્રેરીત આ. પંડિત સુખલાલજી વ્યાખ્યાન માળાનો ૩૨મો મણકો યોજાઈ ગયો. 'ચાલો વાંચનનો શોખ કેળવીએ' વિષય અંતર્ગત શ્રી રામભાઈ મોરીએ વક્તવ્ય આપી સમગ્ર શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા. શ્રી અરુણભાઈ, શ્રી પ્રશાંતભાઈ અને શ્રી પ્રવીણભાઈ દ્વારા વક્તાશ્રીનું સન્માન કરવામાં આવ્યું.
- તા. ૧૫મી ઓગસ્ટ ના રોજ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થઈ.
- તા.૧૯ના રોજ શ્રી છાયાબહેન પારેખ, શ્રી પોપટભાઈ બાથાણી, શ્રી સંજયભાઈ ધામેલિયાના સાનિધ્યમાં શાળામાં ઉમંગભેર રક્ષાબંધન પર્વની ઉજવણી થઈ. રક્ષાબંધનના ગીતો સાથે કાર્યક્રમ ઉજવાયો, સમૂહ ભોજન યોજાયું. મહેમાનો તથા સમગ્ર સ્ટાફના હસ્તે વૃક્ષને રક્ષા બાંધવામાં આવી. વિદ્યાર્થીનીઓ દ્વારા અલંગ મરીન પોલીસ સ્ટેશનમાં અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી.
- તા. ૨૧ના રોજ યોજાયેલ યુવા-ઉત્સવમાં સમૂહગાનમાં બહેનો પ્રથમ ક્રમે અને


નિબંધલેખનમાં સોલંકી અનિષાબહેન દ્વિતીય ક્રમે આવ્યા.સમૂહગાનની કૃતિ હવે જિલ્લા કક્ષાએ જશે.

- આપણા શેઢા પાડોશી શ્રી વશરામભાઈ ચૌહાણે તેમના પુત્રના જન્મદિવસ નિમિત્તે તેમના પરિવારે લોકશાળા મણારના તમામ વિદ્યાર્થીઓને આંબાની અને નાળીયેરની કલમ વિતરણ કરીને જન્મદિવસને યાદગાર બનાવ્યો.
- સાતમ- આઠમના પર્વ નિમિત્તે સહુ કાર્યકરોએ શ્રી ડાહ્યાભાઈ ડાંગરના ઘરે કૃષ્ણ જન્મોત્સવ મનાવ્યો.
- તા.૨૯ના રોજ શ્રીમતિ કોકિલાબહેન વ્યાસ અને રજનીબહેન ગાંધી, શ્રી અરુણભાઈ દવેની સાથે સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- વિદ્યામંડળ અને વ્યવસ્થાપક મંડળની મિટિંગ આંબલા મુકામે તા. ૦૪ના રોજ યોજાઈ ગઈ.

### માઈધાર સમાચાર

- તા.૫ ના રોજ લોકવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગૌ ધામ કોટિયાના ડુંગરમાં ખજાનાની શોધ કાર્યક્રમની મોજ માણી.
- તા. ૫ થી ૧૦ લોકભારતી યુનિવર્સિટી દ્વારા અમલીકૃત 'ગ્રામબંધુ કાર્યક્રમ' અંતર્ગત મધ્યપ્રદેશથી આવેલ પુજાબહેન સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ સમજવા માટે આવી ગયા.
- તા. ૮ ના રોજ પ્રાર્થનાના અનુસંધાને શ્રી ભરતભાઈ દવેએ ૧૯૭૧ માં થયેલ પાકિસ્તાન સાથેના યુદ્ધ અને હાલમાં ચાલી રહેલ બાંગ્લાદેશની કટોકટી સ્થિતિ અંગે વિગતે સમજણ આપી.
- તા.૫ થી ૧૧ દરમિયાન ભરતભાઈ દવેએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રગીત, ઝંડાગીત, વંદેમાતરમ તેમજ રક્ષાબંધન ગીતોની તાલીમ આપી.
- તા. ૧૦ ના રોજ આંબલા લોકશાળાના અને મોજીલીશાળાના બાળકો સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૧૧ ના રોજ યોજાયેલ પંડિત સુખલાલજી વ્યાખ્યાન માળામાં મણાર મુકામે કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૧ ના રોજ શ્રી રામ મોરીએ સંસ્થા મુલાકાતે આવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- તા. ૬ થી ૧૫ દરમિયાન D.P.Ed- શારીરિક શિક્ષણ વિભાગ-સાદરાથી ત્રણ બહેનો ઈન્ટર્નશિપના ભાગરૂપે રહી ગયાં.
- તા. ૧૫ ના રોજ ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ અને સાંકૃતિક કાર્યક્રમમાં માઈધાર પ્રાથમિકશાળા સાથે જોડાયા.
- તા.૧૬ ના રોજ ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન - મહુવા દ્વારા તળાજા મુકામે યોજાયેલ ચિત્ર પ્રદર્શનમાં સંસ્થાની ચાર બહેનોને શ્રીકૃષ્ણના ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા.
- તા.૧૮ ના રોજ રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં જાણીતા કવિ તુષારભાઈ શુક્લ, શ્રી વિશાલભાઈ ભાદાણી શ્રી રેખાબહેન વ્યાસ અને શ્રી રમાબહેન દેવમુરારિ આવી ગયા.
- તા.૨૯ ના રોજ શ્રી કોકીલાબહેન વ્યાસ અને શ્રી રજનીબહેન ગાંધીને લઈને શ્રી અરુણભાઈ દવે આવી ગયા. દર્શક પુણ્યતિથિ નિમિત્તે અરુણભાઈએ પ્રાર્થનાના અનુસંધાને દર્શકદાદાના સ્મરણો રસપ્રદ રીતે કહ્યા. કોકીલાબહેને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. બન્ને બહેનોએ વિદ્યાર્થીઓને ગીતો સંભળાવ્યા અને દર્શકદાદાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.
- આ માસ દરમિયાન સંસ્થા મુલાકાતે વિનીતભાઈ સવાણી પરિવાર અને પૂર્વ અધ્યાપક વિઠ્ઠલભાઈ વાછાણી પરિવાર આવી ગયા.

ડૉ. દિનુભાઈ ચુડાસમા લિખિત 'આપણાં ગાંધી, જગતના ગાંધી' પુસ્તકનું ઈન્ડોનેશિયા ખાતે થયેલ લોકાર્પણ




સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ 'અર્ધી રાતે આઝાદી' પુસ્તકનો કરાવેલ રસાસ્વાદ



ગ્રામદક્ષિણામૂર્તિ મણાર સંસ્થામાં સ્વાતંત્ર્ય પર્વની થયેલ ઉલ્લાસભેર ઉજવણી





ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે ભાવસભર ઉજવાયેલ રક્ષાબંધન પર્વ








To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-